# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 3 * ડિસેમ્બર 2025* કિં.₹ 15



અવિરત ચાલતી જ્ઞાનયાત્રા



આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિજ્ઞાની અને ખગોળ ભૌતિકશાસ્ત્રી ડૉ. પંકજ જોશીને
શિક્ષણવિદ શ્રી દાઉદભાઈ ઘાંચી જ્ઞાનપ્રતિભા ઍવૉર્ડ અર્પણ કરતા મહાનુભાવો



ઉપસ્થિત શ્રોતાજનો

---

**આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# વિશ્વકોશથી વિશ્વસંસ્કૃતિ ભણી

## કુમારપાળ દેસાઈ

નર્મદા નદીને કિનારે સવા ચાર એકરમાં પથરાયેલા વિશાળ કબીરવડની જરા કલ્પના કરીએ. સદીઓ પહેલાં એક નાનું બીજ વવાયું હશે, એમાંથી વિશાળ કબીરવડ થયો અને પછી તો એની વડવાઈઓ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. એ જ રીતે ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે ગુજરાતી ભાષામાં વિશ્વનું જ્ઞાન આપવા માટે એચ. એલ. કૉમર્સ કૉલેજની હૉસ્ટેલના એક રસોઈગૃહમાં વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. વળી આ સંસ્થાનું સૂત્ર છે 'ज्ञानामृतं भोजनम् ।'. એક અર્થમાં આ સ્થળ જ્ઞાનરૂપી અમૃતનું ભોજન તૈયાર કરનારા વિદ્વાનો અને તજ્જ્ઞોનું રસોઈગૃહ બની રહ્યું અને એમને માથે જવાબદારી આવી માતૃભાષા ગુજરાતીમાં સમગ્ર વિશ્વનું જ્ઞાન સુલભ કરવાના વિદ્યાયજ્ઞની.

વર્તમાનયુગમાં એક અનોખી વિશ્વસંસ્કૃતિ(યુનિવર્સલ કલ્ચર) આકાર લઈ રહી છે, ત્યારે માનવી ઇચ્છે કે ન ઇચ્છે, તોપણ એ વિશ્વમાનવી બની ચૂક્યો છે અને આવે સમયે એને પૃથ્વીના પટ પર પોતાનું અસ્તિત્વ જાળવવું હશે, તો આસપાસની સૃષ્ટિ અને સંપૂર્ણ દુનિયાની જાણકારી મેળવવી જરૂરી બની ગઈ છે. એ જાણકારી માતૃભાષામાં મળે, તો એ તરત જ જીભવગી અને હૃદયલગી બની રહે. હકીકતમાં બાળકના જન્મ પહેલાં એને માતૃભાષા મળે છે. માતાના દૂધથી એનાં હાડકાં મજબૂત થાય છે, તો માતૃભાષા એની બૌદ્ધિક કરોડરજ્જુને મજબૂત બનાવે છે. માતૃભાષા એ બાળકને પોતાનો ચહેરો આપે છે. જેમ માતાની પાસેથી પ્રેમ, આત્મીયતા અને સહજતા મળે છે, એ જ રીતે માતૃભાષા વ્યક્તિને સંવેદના, સૌજન્ય અને સંસ્કૃતિ આપે છે, આથી તો ખલિલ જિબ્રાને હકીકતનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે, 'માતાએ મને માતૃભાષામાં ભણાવવાનો આગ્રહ રાખ્યો, તેથી હું ખલિલ જિબ્રાન બન્યો.'

માતૃભાષામાં વિશ્વનું જ્ઞાન આપવા માટે કર્મયોગી સાંકળચંદભાઈ પટેલની પ્રેરણા મળી. પરિણામે વિશ્વકોશના પ્રણેતા અને શિલ્પી સવ્યસાચી સારસ્વત ડૉ. ધીરુભાઈ ઠાકરે જ્ઞાનયજ્ઞ આરંભ્યો. એમની ૬૭ વર્ષની ઉંમરે એનો પ્રારંભ કર્યો અને એમણે ૯૫મા વર્ષે વિદાય લીધી ત્યાં સુધી મનમાં એક જ રટણા 'મારે મારા ગુજરાતને એનો સર્વપ્રથમ વિશ્વકોશ - એન્સાઇક્લોપીડિયા - આપવો છે.' એ ભગીરથ કાર્ય સિદ્ધ કરીને એમણે વિદાય લીધી, પણ વિશ્વકોશનો આ વિદ્યાયજ્ઞ સતત ચાલતો રહ્યો અને વિસ્તરતો રહ્યો. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ની ભાષામાં કહીએ એક પ્રકારના સ્વાધ્યાય-યજ્ઞનો પ્રારંભ થયો છે. શ્રીકૃષ્ણે જ્ઞાનનો મહિમા કરતાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં કહ્યું કે, 'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।' એટલે કે જ્ઞાનના જેવું બીજું કશું પવિત્ર નથી. એ ભાવ અને

ભાવના સાથે ગુજરાતી વિશ્વકોશનાં ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતો ૧૭૦ વિષયોનો ગુજરાતી વિશ્વકોશ તૈયાર થયો.

ગુજરાતી વિશ્વકોશના જુદા જુદા ખંડોની આવૃત્તિઓનું નવું સંસ્કરણ પ્રકાશિત થતું રહ્યું છે. જેમ કે પ્રથમ છ ગ્રંથ સુધીમાં એક હજાર પૃષ્ઠની સામગ્રી ઉમેરાઈ એટલે ગ્રંથ-૬ના બે ભાગ થયા. આમ જોઈએ તો ગુજરાતી વિશ્વકોશના એકથી છવ્વીસ ગ્રંથો તૈયાર થયા. એ પછી આજથી સાત વર્ષ અગાઉ સઘળી સામગ્રીને ઑનલાઇન મૂકવાનો પ્રારંભ કર્યો. આ ઑનલાઇન સામગ્રીએ સ્વયં એક ઇતિહાસ સર્જ્યો.

આજે દર મહિને સાડા ત્રણ લાખ વ્યક્તિઓ આ ઑનલાઇન વિશ્વકોશનો ઉપયોગ કરે છે; જેમાં ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, જર્મની અને જાપાન મુખ્ય છે. વળી આ વિશ્વકોશનો એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય, તેની વિગત એમાંથી મળે છે. પરિણામે આ અધિકરણમાં કયા સમય સુધીની માહિતી પ્રાપ્ત થશે તે એનો ઉપયોગ કરનાર જાણી શકે છે. વળી વિષય પ્રમાણે, લેખકની અટક પ્રમાણે અને અધિકરણનાં નામ પ્રમાણે – એમ ત્રણ રીતે અધિકરણ ઉપલબ્ધ થઈ શકે છે. આની સાથોસાથ આ બદલાતા વિશ્વમાં જે નવા નવા વિષયો અને પ્રતિભાઓ આવે છે, તેને વિશે પણ આમાં સતત ઉમેરો થતો જાય છે.

એ પછી ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્ત શેઠના સંપાદન દ્વારા ૨,૯૭૨ પૃષ્ઠ, ૨,૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો અને ૬,૧૭૬ ચિત્રો ધરાવતો બાળવિશ્વકોશ દસ ખંડમાં પ્રકાશિત કરવામાં આવ્યો. એના ત્રણ ખંડ બ્રેઇલ લિપિમાં પણ રૂપાંતરિત થયા છે. આજે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની સ્કૂલમાં રોજ એમાંથી એક-બે અધિકરણોનું વાંચન કરવામાં આવે છે.

વડમાંથી બીજી વડવાઈઓ ફૂટે, તેમ એ પછી અન્ય વિષયના કોશની રચનાની પરંપરા સાથોસાથ ચાલવા લાગી. ૪,૨૧૨ ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોની માહિતી ધરાવતો ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો કોશ તૈયાર થયો. વિશ્વકોશમાં પ્રયોજાયેલી પરિભાષાઓનો એક અલાયદો કોશ થયો, તો ડૉ. શિલીન શુક્લ દ્વારા તબીબી વિજ્ઞાનની પરિભાષાનો બે ખંડમાં કુલ ૮૦૦ પૃષ્ઠનો કોશ મળ્યો. ભરત દવેલિખિત 'બૃહદ્ નાટ્યકોશ'ના બે ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે અને બાકીના બે ગ્રંથોનું કાર્ય ચાલી રહ્યું છે. ૧૮૫૦થી માંડીને અત્યાર સુધી ગુજરાત, ભારત અને વિશ્વની વિવિધ ક્ષેત્રોની અગ્રણી મહિલાઓનો નારીકોશ પણ ત્રણ ભાગમાં આગામી જાન્યુઆરી મહિનામાં પ્રગટ થશે. સંતકોશ પણ પ્રાગટ્યના આરે છે અને ગ્રંથાલયવિજ્ઞાનકોશનું કામ ચાલી રહ્યું છે. એ જ રીતે સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશ, આદિવાસી બોલીનો કોશ અને કચ્છી બોલીનો કોશ પણ વિશ્વકોશની લૅક્સિકનની વેબસાઇટ પર ઉપલબ્ધ બનશે. જ્યારે વિશ્વકોશની ગ્રંથશ્રેણી દ્વારા તળની બોલી, લિપિ અને આર્યભટથી માંડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને અંતરિક્ષ વિજ્ઞાન જેવાં એકસોથી વધુ પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે.

માતૃભાષાપ્રેમી, ઉદ્યોગપતિ શ્રી રતિલાલ ચંદરયાએ આજથી પચીસ વર્ષ પૂર્વે લૅક્સિકન દ્વારા ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ આપવાનો પ્રયત્ન કર્યો. જેમાં સાર્થ જોડણીકોશ, ભગવદ્ગોમંડળ જેવા શબ્દકોશો ઉપરાંત અન્ય કેટલીય વિપુલ સામગ્રી છે. આવો ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતા ગુજરાતી ભાષાના આ સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ લૅક્સિકનની અત્યાર સુધીમાં ચાર કરોડ અને એંસી લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. સૌથી વિશેષ તો ભારત, અમેરિકા, કૅનેડા, નેધરલૅન્ડ, યુનાઇટેડ કિંગ્ડમ, રશિયા, અમીરાત જેવા જુદા જુદા દેશોમાંથી પણ આ શબ્દકોશની મુલાકાત લેવામાં આવે છે અને દર મહિને પોણા બે લાખથી વધુ લોકો આનો ઉપયોગ કરે છે.

આની સાથોસાથ ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રસાર માટે વિશ્વકોશ ટ્રસ્ટે ૩૬ જેટલાં પુસ્તકો ઑનલાઇન મૂક્યાં છે, તો પ્રત્યેક રવિવારે વિશ્વકોશની યૂટ્યૂબ ચૅનલ પર આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા રજૂ કરવામાં આવે છે. એનો આશય એ છે કે બાળકો ગુજરાતી ભાષામાં હોંશે હોંશે રસ લેતાં થાય અને એ વાર્તા વર્તમાન પરિવેશ ધરાવતી હોવાથી બાળકો વાર્તાના અનુભવજગતમાં આસાનીથી પ્રવેશી શકે. આ બાળવાર્તાની સાથે એક બાળગીત પણ રજૂ કરવામાં આવે છે.

વિશ્વકોશની વિવિધ ગ્રંથશ્રેણી, એનાં ત્રણ સામયિકો ‘વિશ્વવિહાર’, ‘ગુર્જરી ડાયજેસ્ટ’ અને ‘વિશ્વા’, અગિયાર જેટલી જુદા જુદા વિષયોને આવરી લેતી વ્યાખ્યાનશ્રેણી, અગિયાર જેટલાં ભિન્ન ભિન્ન ક્ષેત્રની પ્રતિભાને પોંખનારાં ઍવૉર્ડ, પારિતોષિક અને ચંદ્રકો, માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, વક્તૃત્વ સજ્જતા શિબિર, વિવિધ વિષયોની કાર્યશિબિર તેમજ અન્ય પ્રવૃત્તિ ચાલી રહી છે. આમ માતૃભાષાના સંદર્ભમાં અનેકવિધ કાર્યો થઈ રહ્યાં છે, ત્યારે એટલું જ કહેવાનું મન થાય કે, ‘भाषा रक्षितः रक्षिता ।’ ‘તમે ભાષાનું રક્ષણ કરો અને ભાષા તમારું રક્ષણ કરશે.’

વિશ્વકોશની ચાર દાયકાની સફરમાં પાંચેક બાબતો ચિત્તમાં ઊપસી આવે છે. સૌપ્રથમ તો ભાષા, મૂલ્ય, સંસ્કૃતિ અને અસ્મિતાની કટોકટી વચ્ચે આવું કામ કરવું તે એક સાહસ હતું. ગુજરાતી પ્રજાને માથે મહેણું છે કે,‘એની પાસે કબાટ હોય છે, પરંતુ તેમાં વસ્ત્રો, અલંકારો અને સૌંદર્યપ્રસાધનો હોય છે, પુસ્તકો નહીં.’ વળી જેમ ઘર નાનાં બનતા જાય છે, ત્યારે ઘણા લોકો સૌથી પહેલી વિદાય પુસ્તકોને આપે છે. આ સંદર્ભમાં વિશ્વકોશે પથ્થરની જે શિલાઓ એના રસ્તામાં નડતરરૂપ હતી, તેમાંથી પગથિયાં બનાવવાનો પ્રયાસ કર્યો. ગુજરાતી વિશ્વકોશના એક હજાર પૃષ્ઠના એક એવા ગ્રંથોની ત્રણેક આવૃત્તિ થઈ. તો વળી આજે આંગળીના ટેરવે દર મહિને વિશ્વકોશ અને લૅક્સિકન તથા એની અન્ય સામગ્રીનો પાંચેક લાખ ગુજરાતીભાષીઓ ઉપયોગ કરે છે, ત્યારે ભાષાપ્રેમથી કેટલું સિદ્ધ થાય છે, તેનો ખ્યાલ આપે છે.

બીજી બાબત એ છે કે ગુજરાતી વિશ્વકોશ એ પ્રજાકીય અને વિદ્યાકીય સાહસ છે. ભાષાપ્રેમીઓની એક ‘મૂવમેન્ટ’ છે અને એ ‘મૂવમેન્ટ’માં જેને અમે ‘જગન્નાથનો રથ’

કહીએ છીએ તેમાં અનેક વિદ્વાનો, નિષ્ણાતો, ડૉક્ટરો, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને તત્ત્વજ્ઞાનીઓના સહકારથી આ કામ થયું છે. એમ આ એક સામૂહિક પુરુષાર્થનું સુફળ છે, વિવિધ પ્રકારની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓએ કરેલું સંયુક્ત સાહસ છે.

સામાન્ય રીતે એમ કહેવાય કે પાંચ ભારતીય મળે એટલે બે જૂથ સર્જાય. જ્યારે અહીં પચાસ-સાઠ વ્યક્તિઓના એક જૂથે આ વિદ્યાકીય સાહસમાં અવિરત સહયોગ આપ્યો છે. એના એક-એક ગ્રંથમાં અનેક તજ્જ્ઞોએ લખેલાં અધિકરણો તો મળે અને વળી સૃષ્ટિનો સર્વાંગી માહિતીનો ભંડાર પણ મળે.

આ પૃથ્વી પર લિખિત શબ્દ અસ્તિત્વમાં આવ્યા, ત્યારથી દુનિયામાં જ્ઞાનસંચયનું કામ ચાલે છે અને એ રીતે આ એક શાંત ક્રાંતિનું કાર્ય છે. એક અર્થમાં કહીએ તો જ્યાં સુધી વિશ્વપતિનું વિશ્વ ચાલશે, ત્યાં સુધી વિશ્વકોશ વંચાતો કે જોવાતો રહેશે. આ એક એવો યજ્ઞ છે કે જેમાં સહુ કોઈએ પોતાનાં અર્ઘ્ય અને આહુતિ હોમ્યાં છે. આની પાછળ અર્પણ, તર્પણ અને સમર્પણ - એમ ત્રણે ભાવના નજરે પડે છે. આ બીજને વટવૃક્ષ બનાવવા માટે સહુ કોઈએ પોતાનું શ્રમદાન કર્યું છે.

ત્રીજી બાબત છે જ્ઞાન પ્રત્યેનો આદર અને જ્ઞાનીઓ માટેનું સન્માન. ગુજરાતી વિશ્વકોશ દ્વારા દાન માટે આજ સુધી કોઈ અપીલ કરવામાં આવી નથી. એના દ્વારા કોઈ ખંડ કે કેન્દ્ર તૈયાર કરીએ છીએ અને તેને માટે આટલી રકમનું દાન આપનારની તકતી મૂકવામાં આવશે એવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. હકીકતમાં તો સમાજની ઉમદા વ્યક્તિઓનું દાન આ સંસ્થાને સામે ચાલીને મળ્યું છે. એમાં શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, સંવેગ લાલભાઈ, દીપચંદ ગારડી, પ્રતાપભાઈ ભોગીલાલ, પ્રવીણચંદ ગંભીરચંદ, પ્રિ. આર. એલ. સંઘવી, સી. કે. મહેતા, શિલીન શુક્લ, બાલકૃષ્ણ દોશી, મનસુખભાઈ જે. મેદાણી, અભિજિત યશવંત દોશી, દાઉદભાઈ ઘાંચી, ધીરુબહેન પટેલ, દેવીબહેન, પોપટલાલ હેમચંદ, દક્ષાબહેન પટ્ટણી, હરિકૃષ્ણ પાઠક, શ્રેયસી કંચનભાઈ પરીખ, ચીનુભાઈ આર. શાહ, અમિત અંબાલાલ, જગદીશ દવે, હેમરાજ શાહ, અમેરિકામાં વસતા પત્રકાર સુભાષ શાહ, અરુણ શ્રોફ, ગ્રંથપાલ પી. સી. શાહ, કાંતિલાલ ઠાકર તથા ટ્રસ્ટીમંડળના અગાઉના અને આજના સહુ સભ્યો તો ખરા જ. આવા વિદ્વાનો, અધ્યાપકો, ગ્રંથપાલો, શ્રેષ્ઠીઓ, સ્થપતિઓ, તબીબો, કલાકારોએ કોઈ પ્રકલ્પ માટે આપેલો સહયોગ ગુજરાતી પ્રજાની શુભમાં રહેલી નિષ્ઠા અને શ્રદ્ધાનો સંકેત છે.

ચોથી બાબત છે વિશ્વકોશે ગુજરાતી ભાષામાં કરેલો પરિભાષા માટેનો પુરુષાર્થ. એણે કેટલીય વિભાવનાઓ, વિચારણાઓ અને દાર્શનિક તત્ત્વોની પરિભાષા આપવા યત્ન કર્યો. સંસ્કૃત ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો અને એ રીતે ગુજરાતી ભાષાના શબ્દોમાં વિશેષ બળ ઉમેરાયું. વિશ્વકોશના ગ્રંથો દ્વારા અને પરિભાષાના ગ્રંથો દ્વારા ગુજરાતી ભાષામાં વિવિધ વિષયના જ્ઞાનનું ખેડાણ થયું હતું, પરંતુ પરિભાષાનો વિશેષ પુરુષાર્થ કરવાનો વિશ્વકોશે સંકલ્પ કર્યો. સાહિત્ય, વિજ્ઞાન, ટેક્નૉલૉજી અને બીજા અનેક વિષયોની ગુજરાતી પરિભાષાનું એના લેખકો અને સંપાદકોએ સર્જન કર્યું. કેટલીય

અજાણી સંકલ્પનાઓ અને વિચારોને તળપદી પરિભાષા રૂપે મૂકવામાં આવ્યાં. પરિભાષાનું સર્જન એ ભાષાને સમૃદ્ધ કરવાનો એક બહુ અગત્યનો તરીકો છે અને એથી જ વિશ્વકોશે આ ક્ષેત્રની કામગીરીને અગ્રતા આપી છે. ગુજરાત સરકારે તબીબી વિજ્ઞાન અને અન્ય વિષયનાં પુસ્તકો ગુજરાતી માધ્યમમાં તૈયાર કરવા માટે આ પરિભાષાના ગ્રંથોનો પુષ્કળ ઉપયોગ કર્યો હતો.

પાંચમી મહત્ત્વની બાબત છે માતૃભાષા ગુજરાતી માટેની ફનાગીરી. ૬૭મા વર્ષે ડૉ. ધીરુભાઈ ઠાકરે આ કાર્ય શરૂ કર્યું. એ પછી જુદા જુદા વિષયના નિષ્ણાતો સેવા અને સમર્પણના ભાવથી આ કાર્યમાં જોડાયા. પ્રારંભમાં આર્થિક સંકડાશ વચ્ચે કાર્ય શરૂ કર્યું ત્યારે વિદ્વાનોએ માત્ર પ્રતીક પુરસ્કારથી કામ કર્યું. એ સમયે અને આજે પણ ઘણા તજ્જ્ઞો વિશ્વકોશમાં સેવા આપે છે, પણ કશું વેતન કે પુરસ્કાર લેતા નથી. સહુ કોઈ પાસે પોતાના વિષયનું જ્ઞાન માતૃભાષા ગુજરાતીમાં પ્રસ્તુત કરવાનું એક 'મિશન' હતું. ક્રાંતિનું મૂળ વિચારમાં છે, વિચારનું મૂળ જ્ઞાનમાં છે અને જ્ઞાનનું મૂળ માહિતીમાં છે. આ સહુનાં મનમાં કવિ દલપતરામની એ પંક્તિઓ ગુંજતી રહી,

'આવ ગિરા ગુજરાતી,

તને અતિ શોભિત હું શણગાર સજાવું.'

જ્ઞાનને કોઈ સીમાડા હોતા નથી અને એથી વિશ્વકોશ એ સત્યશોધની એક લાંબી યાત્રા છે. આજે આવતીકાલ પર નજર ઠેરવીએ તો જ્ઞાનની ક્ષિતિજો અસાધારણ ઝડપે વિસ્તરી રહી છે અને તેથી વિશ્વકોશ સંસ્થાની સામે વિદ્યાપુરુષાર્થના ઘણા પડકારો ઊભા છે. એના કર્ણધારો અને કર્મશીલો બદલાતા સમય સાથે વિશ્વકોશનો અનુબંધ બરાબર જળવાતો રહે તે માટે પ્રયત્ન કરે છે.

પ્રારંભમાં બીજી ડિસેમ્બરે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો સ્થાપના દિવસ ઊજવવામાં આવતો હતો. એ પછી વિશ્વકોશે વિશ્વસંસ્કૃતિ ભણી પ્રયાણ આદર્યું, તે સંદર્ભમાં એનો સ્થાપના દિવસ વિશ્વસંસ્કૃતિપર્વ તરીકે ઊજવવામાં આવી રહ્યો છે. આજે ચાળીસ વર્ષની સફરના અંતે કલાક્ષેત્રના વિવિધ અગ્રણીઓનાં વ્યાખ્યાનો દ્વારા એક સપ્તાહનું વિશ્વસંસ્કૃતિપર્વ ઊજવાઈ રહ્યું છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની આ ચાળીસ વર્ષની સફરમાં એની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ટ્રસ્ટીઓ, વિદ્વાનો અને પ્રત્યેક કર્મચારીઓએ સમર્પણભાવથી કાર્ય કર્યું છે. વિશ્વકોશના અગાઉના ટ્રસ્ટીઓ અને અત્યારના ટ્રસ્ટીઓ શ્રી દાઉદભાઈ ઘાંચી, શ્રી પી. કે. લહેરી, નીતિનભાઈ શુક્લ, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ, ઈલાબહેન દીપકભાઈ મહેતા, અનિલ રેલિયા અને ગુણવંત બરવાળિયાનાં માર્ગદર્શનને પરિણામે જ આ સંસ્થા સતત ગતિશીલ રહી શકી છે. પ્રત્યેક ટ્રસ્ટી વિશ્વકોશના જુદા જુદા વિભાગો સંભાળે છે અને એ અંગે માર્ગદર્શન પણ આપતા રહે છે. આ સંસ્થા વિદ્વાનો, અધિકરણ લેખકો, વ્યાખ્યાતાઓ અને સંસ્થાના સહુ સહયોગીઓનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. નાનું શું કાર્ય કરતા એક કર્મચારીથી માંડીને સહુ કોઈનો આ સંસ્થા પ્રત્યેનો

સમર્પણભાવ જ એના વિકાસને માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. આ સહુની કામગીરીની નોંધ માટે એક ગ્રંથ લખવો જોઈએ, જોકે એ સંદર્ભમાં એક સંશોધનગ્રંથ તૈયાર થઈ રહ્યો છે.

કૉલકાતા એ ભારતીય વિશ્વકોશનું મથક કહેવાય છે, ત્યારે ભારતનાં જુદાં જુદાં રાજ્યમાં ચાલતા વિશ્વકોશની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શ્રી સ્વપન મજુમદારે કહ્યું હતું કે, 'ભારતમાં સૌથી જીવંત રીતે ચાલતી વિશ્વકોશની આ પ્રવૃત્તિ છે.' મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'વિશ્વકોશ એ ગ્રંથ નથી, પણ ભવિષ્યના ભારતના નિર્માણનો પુરુષાર્થ છે.' ભારતની લોકસભાના પૂર્વસ્પીકર સોમનાથ ચેટરજીએ કહ્યું કે, 'આ સંસ્થા બીજાં રાજ્યો માટે ઉદાહરણરૂપ છે.' અને પૂ. મોરારિબાપુએ આને 'જ્ઞાનઋષિઓ દ્વારા ચાલતો યજ્ઞ' કહ્યો. આ યજ્ઞમાં સહુ કોઈએ પોતાનાં અર્ઘ્ય અને આહુતિ હોમ્યાં છે.

ચાર દાયકાની અમારી આ સફર સમયે અમે સહુ કર્ણધારો અને કર્મશીલો એમ વિચારે છે કે આ વિશ્વમાં કેવો અગાધ જ્ઞાનરાશિ છે ! આવો વિપુલ જ્ઞાનરાશિ જોઈને આપોઆપ અમને સહુને નમ્રતાનો અનુભવ થાય છે. આપણે આ જ્ઞાનરાશિને માતૃભાષામાં વધુને વધુ ઉપલબ્ધ કરી શકીએ, તે અંગે સતત તેની ચિંતા સેવીએ છીએ.

વાદળ અને વાવાઝોડાં વિના મેઘધનુષ હોઈ શકે નહીં, એમ વિશ્વકોશને એના આરંભકાળથી જ એના અવરોધો સહન કરવા પડ્યા છે. કોઈની દ્વેષવૃત્તિ તો અન્યની નિંદાવૃત્તિનો સામનો કરવો પડ્યો છે, પરંતુ અમારું આ યજ્ઞકાર્ય વિના અવરોધ ચાલતું રહ્યું છે અને સહુ કોઈ વિદ્વાનોનો ઉત્સાહભર્યો સમુદાર સહકાર પ્રાપ્ત થયો છે, તેનો આનંદ અનુભવીએ છીએ અને આવો જ ઉમળકાભર્યો સહકાર સાંપડતો રહેશે એવી ભીતરમાં દૃઢ શ્રદ્ધા છે.

આ અવિરત ચાલતો જ્ઞાનયજ્ઞ વધુ ને વધુ લાભદાયી બને એ માટે વિશ્વકોશે એક બીજું ભવન પણ લીધું છે, જેમાં ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય-સંશોધન કેન્દ્ર અને એક વાંચનાલયનું નિર્માણ કર્યું છે, થોડા સમય પછી ત્યાં ગ્રંથાલય પણ ઊભું થશે અને એ રીતે કબીરવડની એક વધુ વડવાઈ માતૃભાષાપ્રેમી ગુજરાતને જોવા મળશે. ગુજરાતના કવિવર શ્રી ન્હાનાલાલે કહ્યું છે તેમ,

**'આશા છે ઉત્સાહ છે ઉમંગ છે અને ઉદ્યમ છે**
**તો શું છે અજિત આ અવનિમાં.'**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| વિશ્વકોશથી વિશ્વસંસ્કૃતિ ભણી | ૩ | કુમારપાળ દેસાઈ |
| વિશ્વકોશ : જ્ઞાનદાતા, સંસ્કારદાતા અને વિદ્યાદાતા | ૯ | હેમલ કાપુરે |
| ભાવ-પ્રતિભાવ | ૧૩ | — |
| મતદાનયાદીની સઘન સુધારણા | ૫૩ | પ્રવીણ ક. લહેરી |
| વિશ્વકોશવૃત્ત | ૫૭ | — |

ગ્રંથપરિચય

# વિશ્વકોશ : જ્ઞાનદાતા, સંસ્કારદાતા અને વિદ્યાદાતા

**હેમલ કાપુરે**

વિશ્વકોશના જ્ઞાનયજ્ઞનો આરંભ થયો ૧૯૮૫માં અને મારો જન્મ પણ ૧૯૮૫માં. એ રીતે જોઈએ તો હું અને મારા જેવી આખી એક પેઢી વિશ્વકોશની આંગળી પકડીને જ્ઞાનકેડીએ આગળ વધ્યાં છીએ. આમ, ભલે ઉંમરમાં અમે સરખાં - ચાળીસ વર્ષનાં - પણ વિશ્વકોશ અમારું સંસ્કારદાતા, વિદ્યાદાતા અને જ્ઞાનદાતા બની રહ્યું છે. વિશ્વકોશના જન્મ અને વિકસવાની પ્રક્રિયાના સમકાલીન હોવાનો કૉલર ઊંચો કરીને ગર્વ લઈ શકીએ એવું વિરાટ સ્વરૂપ વિશ્વકોશે આજે તો ધર્યું છે. વિશ્વકોશનો સૌથી યુનિક ગુણધર્મ એ છે કે તે ‘જનરેશન ગૅપ’ના બંધિયારપણામાં અટવાયું નથી, બલકે ‘સંભવામિ યુગે યુગે’ કહેતા કૃષ્ણની જેમ પેઢી દર પેઢી બદલાતા સમયને અનુરૂપ ઢાંચામાં ઢળીને તે ગુજરાતી- ભાષીઓની જ્ઞાનસંતૃપ્તિનું માધ્યમ બની રહ્યું છે, જેનો અંગત સુખદ અનુભવ છે. લગભગ અઢી એક દાયકા પહેલાંની વાત. નવમા કે દસમા ધોરણમાં હોઈશ. શાળામાં પ્રાર્થના પૂરી થાય એ પછી ક્યારેક આચાર્ય કોઈ વિષય કે વ્યક્તિવિશેષ વિશે કંઈક નાનું અમથું પ્રવચન આપે અને છેલ્લે માહિતીના સંદર્ભ તરીકે બોલેઃ ‘ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ ક્રમ એક, બે, ત્રણ...!’ જોકે ત્યારે તો ‘વિશ્વકોશ’ એટલે શું એની જરાસરખી પણ ખબર નહોતી પડતી.

સ્નાતક થયા બાદ પત્રકારત્વના અભ્યાસમાં પ્રવેશ લીધો અને એ વખતે કોઈ વિષયને સમજવા માટે અંગ્રેજી ભાષાનાં પુસ્તકોનો આધાર લેવો પડતો ત્યારે થતું કે આવી બધી માહિતી ગુજરાતીમાં કેમ મળતી નથી ? એવામાં વળી પત્રકારત્વમાં ‘અનુવાદ’ વિશે ભણાવવા આવતાં પ્રાધ્યાપિકાએ એક દિવસ ગુજરાતી વિશ્વકોશનો પ્રાથમિક પરિચય આપ્યો. ‘ગુજરાતી વિશ્વકોશ’ સાથેનો આ પહેલો સભાન પરિચય, જોકે એ કબૂલવું રહ્યું કે વિશ્વકોશ અને શબ્દકોશ વચ્ચેનો ભેદ ત્યારેય પણ ખાસ સ્પષ્ટ થયો નહોતો! અનુવાદ, સંપાદન અને લેખનના ક્ષેત્રે સક્રિય થયા બાદ કોઈ માહિતી ગુજરાતીમાં જોઈતી હોય ત્યારે વિશ્વકોશની વેબસાઇટની મુલાકાત લેવાનું નિયમિતપણે બનવા લાગ્યું અને વિશ્વકોશ એટલે શું એનો પ્રત્યક્ષ ખ્યાલ મળવા લાગ્યો. હા, પણ હજુય ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો તો જોયા જ નહોતા કે નહોતો વિશ્વકોશ સંસ્થાનો પરિચય થયો હતો!

યોગ એવો જાગ્યો કે ૨૦૨૪ના ડિસેમ્બરમાં વિશ્વકોશમાં જવાનું નિમિત્ત ઊભું થયું. આ પહેલાં ન તો વિશ્વકોશ જવાનું કોઈ નિમિત્ત બન્યું હતું કે ન કુમારપાળભાઈ સાથે રૂબરૂ થવાનો અવસર સાંપડ્યો હતો. થોડા ડર અને બહુ બધા આશ્ચર્ય સાથે નિયત સમયે વિશ્વકોશ પહોંચી. કેવું અદ્‌ભુત ભવન! બહારથી એવું લાગે કે જાણે કોઈ બેનમૂન ઐતિહાસિક સ્મારક! મનમાં ઘર કરી ગયેલી સાહિત્ય - ભાષાની સંસ્થાઓની

પરંપરાગત છબી કરતાં તદ્દન જુદું જ ભવન. વિશાળ પ્રાંગણ અને તેની મધ્યમાં ઊભેલો વડ અને એ વડની છાયામાં પુસ્તક વાંચતા માણસનું કલાત્મક સ્ટેચ્યૂ. કેટલું પ્રતીકાત્મક અને કેટલું પ્રભાવક!

વિશ્વકોશના પ્રારંભથી આજ સુધીનાં એનાં વિદ્યાકાર્યો વિશે જાણીને એ અંગે લખવાની મારી ઇચ્છા જાગી, જેથી ચાર ચાર દાયકાથી ચાલતા આ જ્ઞાનયજ્ઞની પ્રવૃત્તિથી અનભિજ્ઞ રહેવાના અભિશાપને ખાળી શકું. પરિણામે વિશ્વકોશના ઈતિહાસની ઘટનાઓ જાણવા મળી અને મેં અનુભવ્યું કે વિશ્વકોશ એ આજે માત્ર 'ગુજરાતી વિશ્વકોશ'ના ગ્રંથોનું સર્જન કરતી સંસ્થા નથી રહી. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને કૃષ્ણના વિરાટસ્વરૂપનાં દર્શન થયાં હતાં, તેમ થોડા જ વખતમાં વિશ્વકોશના વિરાટસ્વરૂપનાં દર્શન થયાં. અલબત્ત વિશ્વકોશે આ વિરાટસ્વરૂપ એકાએક નથી ધર્યું, અનેક પડકારો અને સંઘર્ષોને વળોટીને તે આ વિરાટ સ્વરૂપ પામ્યું છે. વિશ્વકોશ અને તેની પ્રવૃત્તિઓ અનેક રીતે યુનિક-આગવી છે; એટલે સુધી આગવી કે શિક્ષણની પ્રવૃત્તિ સમા આ પ્રકલ્પના સર્જનનો વિચાર કોઈ શિક્ષણવિદને બદલે એક સંતને આવ્યો હતો!

૧૯૬૦માં ગુજરાત બૃહદ મુંબઈથી અલગ થઈને સ્વતંત્ર રાજ્ય બન્યું અને ગુજરાતી ભાષા શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી. આ સમયે દેશનાં અનેક રાજ્યોમાં પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વકોશના સર્જનની પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલી રહી હતી. ઊડિયા, બંગાળી, મરાઠી, તેલગુ, હિન્દી ભાષામાં વિશ્વકોશ લગભગ તૈયાર થઈ ચૂક્યા હતા. આ પરિસ્થિતિ વચ્ચે 'પોતાની માતૃભાષામાં વિશ્વકોશ નથી' તેવા દુઃખથી વ્યથિત હરિૐ આશ્રમના ઓલિયા સંત પૂજ્ય શ્રીમોટાએ એક આગવી પહેલ કરી. તેમણે ૧૯૭૫માં ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશ શરૂ કરવા માટે દસ લાખ રૂપિયાનું દાન આપ્યું. આ દાનમાંથી યુનિવર્સિટીમાં ડૉ. ધીરુભાઈ ઠાકરની રાહબરી હેઠળ જ્ઞાનકોશનું કાર્ય શરૂ તો થયું, પરંતુ થોડા જ સમયમાં સરકાર બદલાઈ જવાથી અને અનુદાનો રદ થવાથી યોજના પડી ભાંગી.

૧૯૮૫માં આ યોજના સાથે વિસનગરના કર્મયોગી અને સ્વાતંત્ર્યસેનાની એવા શ્રી સાંકળચંદભાઈ પટેલ જોડાયા. સાંકળચંદભાઈ પટેલ પોતે સાત ધોરણ સુધી ભણેલા, પણ ગુજરાતી ભાષામાં વિશ્વકોશની જરૂરિયાતને જાણનારા દીર્ઘદ્રષ્ટા માણસ. તેમણે ધીરુભાઈને આ પ્રકલ્પ ઉપાડવા આહ્‌વાન કર્યું અને તે માટે પ્રારંભિક તબક્કે તેર લાખ રૂપિયા જેટલો સહયોગ પણ આપ્યો. જો તમે જગન્નાથની રથયાત્રામાં જોડાયા હશો તો ખ્યાલ હશે કે ૨૦૦-૩૦૦ ટનના વજનવાળા અને ભવ્ય મકાન જેટલા ઊંચા રથને ભાવિકો કશાય થાક કે પીડા વિના ખેંચે છે. તેથી જ શ્રી ધીરુભાઈ વિશ્વકોશના પ્રકલ્પને જગન્નાથના રથ સાથે સરખાવતા અને કહેતા કે જગન્નાથના રથને ભાવિકો ખેંચી રહ્યા છે તેમ વિશ્વકોશના જ્ઞાનરથને વિદ્યાપ્રેમીઓ ખેંચી રહ્યા છે.

ડૉ. ધીરુભાઈ ઠાકર અનુભવી અને કર્તવ્યનિષ્ઠ વિદ્યાપુરુષ હતા. વિશ્વકોશરૂપી જગન્નાથનો રથ ખેંચવા માટે તેમણે પહેલી પસંદગી કરી શ્રી કુમારપાળ દેસાઈની. બંનેના સુભગ સમન્વયથી ટ્રસ્ટ રચાયું અને મહાજન પરંપરાના અગ્રણી શ્રી શ્રેણિકભાઈ

કસ્તૂરભાઈ ટ્રસ્ટના પ્રમુખ બન્યા. ગુજરાતીઓ વિદ્યા અને જ્ઞાનનાં પુસ્તકો વાંચતા નથી તેવાં મહેણાં અને આર્થિક સંકડામણો વચ્ચે આ પ્રકલ્પને સાકાર થવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સદ્‌ભાવથી એક કાર્યાલય પણ મળ્યું. એચ. એલ. કૉમર્સ કૉલેજના હૉસ્ટેલના ભોજનગૃહમાં જ્યાં એક સમયે ક્ષુધાગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે ભોજન બનતું હતું, ત્યાં હવે જ્ઞાનક્ષુધાગ્રસ્ત વિદ્યાપિપાસુઓ માટે વિશ્વકોશના ગ્રંથોનું સર્જન થવા લાગ્યું. અહો! જેમ ભોજનની સોડમ આસપાસ પ્રસરે અને ભૂખ્યા લોકો જમવા માટે ઉપસ્થિત થાય તેમ આ જ્ઞાનયજ્ઞ રૂપી નેકકર્મની સોડમ સમાજમાં ચારેતરફ પ્રસરવા લાગી અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સ્વયંસ્ફુરિત થઈ તેમાં જોડાવા લાગ્યા.

સામાન્ય રીતે સાહિત્ય - ભાષાની સંસ્થાઓમાં સંચાલકોએ દાન માટે ટહેલ નાંખવી પડે છે, પરંતુ અહીં તો જાણે દાતાઓ સામેથી સહયોગ આપવા તત્પર હોય, તેવી ઘટના બની છે અને કદાચ આપણે કલ્પી પણ ન શકીએ તેવા પણ સહયોગના કિસ્સા વિશ્વકોશ સાથે જોડાયેલા છે. વિશ્વકોશના આંગણે વ્યાખ્યાન સાંભળવા આવનારા કેટલાક શ્રોતાઓ તેમના વિલમાં લખી ગયેલાઃ ‘મારા મૃત્યુ બાદ અમુક રકમ વિશ્વકોશને આપવી’ અને તેમનો પરિવાર સહર્ષ તે રકમ આપી પણ જાય છે. એટલું જ નહીં જ્યારે આ રકમ આપવા તેઓ વિશ્વકોશ આવે છે ત્યારે વિશ્વકોશની પ્રવૃત્તિઓ જોઈને સદ્‌ભાવથી તેની સાથે જોડાઈ પણ જાય છે. કોઈ સ્વખર્ચે વિશ્વકોશના ગ્રંથોને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચાડે છે તો ઘણા વિદ્વાન તો વળી પુરસ્કાર વિના સેવા આપે છે. આમ આ જગન્નાથના રથને ખેંચવામાં સમાજનાં અનેક ક્ષેત્રોના લોકોનો અમૂલ્ય સહયોગ મળ્યો છે એનાથી વિશેષ આ પ્રકલ્પની સિદ્ધિ બીજી કઈ હોય ?

જ્યારે કર્મ નિઃસ્વાર્થ હોય છે અને તેમાં લોકહિતની ભાવના જોડાયેલી હોય છે ત્યારે તેની સફળતા માટે ખુદ કુદરત પણ આતુર રહે છે. એક તરફ વિશ્વકોશને સમાજના અગ્રણીઓનો સહયોગ મળ્યો તો બીજી તરફ સરકારે પણ એના ગ્રંથપ્રકાશન માટે સહયોગ આપ્યો. સરકારે ગ્રંથોના પ્રકાશન ખર્ચમાં સહાય આપી તેમજ ઉસ્માનપુરા ખાતે વિશાળ ભવનનું નિર્માણ થઈ શકે તેટલી ૨૭૨૬ ચો.મી. જમીન વિનામૂલ્યે ફાળવી આપી. જેના ઉપર ગુજરાતની અસ્મિતાના પ્રતીક સમું વર્તમાન ભવ્ય ભવન નિર્માણ પામ્યું છે.

સામાન્ય રીતે સાહિત્ય કે ભાષાની સંસ્થાઓ હોય ત્યાં સાહિત્યકારોની જ ઉપસ્થિતિ રહે છે. જ્યારે વિશ્વકોશ આ રીતે પણ એક આગવી સંસ્થા બની રહ્યું છે. વિશ્વકોશના શિલ્પીઓએ તેના જૂના કાર્યાલય - એચ. એલ. કૉમર્સ કૉલેજના હૉસ્ટેલના ભોજનખંડની ભૂમિમાં પ્રકલ્પનું બીજ રોપ્યું અને ત્યાંથી લગભગ વીસ જેટલા ગ્રંથોનું પ્રકાશન થયું. બે દાયકાના થયેલા જ્ઞાનવૃક્ષને ૨૦૦૫માં ઉસ્માનપુરા ખાતેના નવા ભવનની ભૂમિમાં રોપવામાં આવ્યું ત્યારે વળી તે નવી ભૂમિ અને નવી ઊર્જા મળતાં ઓર વિસ્તર્યું. શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહ, શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહ, વિદ્યાબહેન દીપચંદ ગારડી ગ્રંથાલય, શ્રી સી. કે. મહેતા અને કાન્તાબહેન મહેતા અનાહત નાદ ખંડ, પૂજ્ય શ્રીમોટા સંશોધનકેન્દ્ર, શ્રી ધન્યગુર્જરી સંશોધન કેન્દ્ર, લલિતકલા કેન્દ્ર અને આર્ટ ગૅલરી, ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય-સંશોધન કેન્દ્ર જેવાં

અનેક આગવાં પ્રવૃત્તિ-કેન્દ્રો શરૂ થયાં અને ગુજરાતી વિશ્વકોશનું સર્જન કરતી સંસ્થા ગુજરાતની અસ્મિતાનું કેન્દ્ર બની રહી. વિશ્વકોશની અન્ય એક આગવી વિશેષતા છે વિદ્વાનો અને સર્જકોનો પરસ્પર આત્મીયતાભર્યો સંબંધ. એવી ઘણી સંસ્થાઓ છે જ્યાં સંસ્થા અને તેની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવાને બદલે ટ્રસ્ટી, સંચાલકો અને તજ્જ્ઞો સ્વને પ્રાધાન્ય આપે છે. જ્યારે વિશ્વકોશમાં અદના કર્મીથી લઈને વિદ્વાન તજ્જ્ઞો સૌ સાથે મળીને વિશ્વકોશની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપે છે. અહીં કદાચ આ જ કારણે સાચા અર્થમાં જ્ઞાનસૂર્ય સંચરે છે!

વિશ્વકોશ એટલે વિસ્તરણ. ૨૦૦૯થી વિશ્વકોશના નવા ભવનને આંગણેથી 'ગુજરાતી વિશ્વકોશ' ઉપરાંત અન્ય કોશપ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. વિવિધ ગ્રંથશ્રેણીઓ, જુદી જુદી વ્યાખ્યાનમાળાઓ તથા નાટક, સંગીત, ચિત્રકલા અને નૃત્યની પ્રસ્તુતિઓને ગુજરાતભરમાંથી શ્રોતા અને દર્શકો મળવા લાગ્યા, યોગ-સ્વાસ્થ્યની શિબિરોમાં સહભાગી થનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવા લાગ્યો તથા લેખન - પ્રૂફરીડિંગ, બ્રાહ્મીલિપિના વર્ગો, કૅલિગ્રાફી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબૉટિક્સ, કવિતાશિક્ષણ વગેરેની કાર્યશિબિરો, પુસ્તકપ્રદર્શનો, ચિત્ર, નિબંધ, વાર્તા, એકાંકી, નાટક, કિશોરકથાઓ અને લઘુનવલના લેખનની સ્પર્ધાઓનું આયોજન થવા લાગ્યું. કલા, સમાજસેવા, સાહિત્યક્ષેત્રે આગવું પ્રદાન કરનારા મહાનુભાવોને ઍવૉર્ડ તથા પારિતોષિક પણ એનાયત થાય છે. શ્રી ધીરુબહેન પટેલની પ્રેરણાથી 'વિશ્વા' પ્રકલ્પ શરૂ થયો અને તે નામે સામયિક પણ શરૂ થયું. આ બધી જ પ્રવૃત્તિઓ અને વિશ્વકોશના જ્ઞાનવિષયક લેખોની જાણકારી આપતું સંસ્થાનું મુખપત્ર 'વિશ્વવિહાર' પણ ત્રણ દાયકાથી સતત દર મહિને પ્રકાશિત થઈ રહ્યું છે. જેમ આભમાં રહેલા તારાઓ ગણ્યા ગણાતા નથી ને વીણ્યા વિણાતા નથી તેમ વિશ્વકોશરૂપી આકાશમાં પ્રકલ્પોરૂપી આભલાંની સંખ્યા અગણિત છે.

વિશ્વકોશ સમય સાથે વહેતું એવું જ્ઞાનઝરણું છે જેનું પાણી સૌને તૃપ્ત કરે છે. સમયની જરૂરિયાત પારખીને વિશ્વકોશે ઑનલાઇન પ્રવૃત્તિઓ પણ આરંભી છે, અતિ સમૃદ્ધ વેબસાઇટ શરૂ કરી છે, વિશ્વકોશનાં ૨૪,૦૦૦થી વધુ અધિકરણો ધરાવતા તમામ ગ્રંથો ઑનલાઇન ઉપલબ્ધ કર્યા છે, ગુજરાતી લૅક્સિકન સાથે જોડાણ કરીને જ્ઞાનકોશ સાથે હવે શબ્દકોશની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી છે.

શ્રી ધીરુબહેન પટેલે એક વાર કહ્યું હતું કે વિશ્વકોશ મારું બીજું ઘર છે. અલબત્ત આ માત્ર ધીરુબહેનની અનુભૂતિ નહોતી, વિશ્વકોશને આંગણે જનારા સૌને આ સંસ્થા સાથે પોતીકું જોડાણ હોવાનો અનુભવ થાય છે. વિશ્વકોશના ઇતિહાસનું આલેખન કરતી વેળાએ મારે 'વિશ્વવિહાર'ના અત્યાર સુધી પ્રકાશિત થયેલા તમામ અંકોમાંથી વારંવાર પસાર થવાનું થતું. એક દિવસ મારી દસ વર્ષની દીકરીએ 'વિશ્વવિહાર'માં બાળવિશ્વકોશની તસવીર જોઈને કહ્યું 'આ બુક તો મારી સ્કૂલની લાઇબ્રેરીમાં પણ છે!'

ઓહોહો! પેઢી દર પેઢીને સતત જ્ઞાનજ્યોતથી પ્રકાશિત કરતી કેવી રળિયાત જ્ઞાનમશાલ!

પ્રેરણા

# ભાવ–પ્રતિભાવ

*ગુજરાતી વિશ્વકોશના કાર્યને જગન્નાથના રથની ઉપમા આપવામાં આવી છે. ચાળીસ વર્ષ સુધી આ જગન્નાથના રથની સાથે એકરૂપ બનીને કાર્ય કરનારા વિદ્વાનો, સમાજસેવકો, કલાકારો અને શ્રેષ્ઠીઓની વિશ્વકોશ પ્રત્યેની ભાવના તો રૂબરૂ જાણવા મળે છે, પરંતુ વ્યાપક સમાજમાં સંતો, વિદેશમાં વસતા ગુજરાતી ભાષાપ્રેમીઓ, સમાજસેવકો, શ્રેષ્ઠીઓ અને કર્મશીલો વિશ્વકોશની પ્રવૃત્તિ અંગે કેવો ભાવ અનુભવે છે તે અંગેના તેમના મનોભાવો અહીં પ્રસ્તુત કરીએ છીએ. વિશ્વકોશની અનેક વિષયો અને ક્ષેત્રોમાં ગતિવિધિ ચાલતી હોવાથી દેશ-વિદેશની જુદાં જુદાં ક્ષેત્રની અનેક વ્યક્તિઓ સાથે એનો ઘરોબો રહ્યો છે. સમયના અભાવે માત્ર થોડી વ્યક્તિઓનો જ સંપર્ક કરી શક્યા છીએ. આ પ્રતિભાવો અંગે એટલું જ નમ્રતાપૂર્વક કહીએ છીએ કે આપ સહુના આશીર્વાદ અને શુભેચ્છાઓ વિશ્વકોશને માટે પ્રેરણાનું બળ બની રહેશે.*

પૂજ્ય મહંત સ્વામી મહારાજ ⟐ પૂજ્ય મોરારિબાપુ ⟐ સદ્‌ગુરુ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી ⟐ આચાર્ય શીલચંદ્રવિજયજી ⟐ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી ⟐ સ્વામી નિખિલેશ્વરાનંદજી ⟐ નટવર ગાંધી ⟐ પંકજ જોશી ⟐ સંવેગ લાલભાઈ ⟐ જ્યોતિ ભટ્ટ ⟐ સુધીર શાહ ⟐ કુંદન વ્યાસ ⟐ યોગેશ જોષી ⟐ વિનોદ કપાસી ⟐ જગદીશ દવે ⟐ વસંત ગઢવી ⟐ અનિલા દલાલ ⟐ દીપક મહેતા ⟐ નરેશ વેદ ⟐ ભદ્રાયુ વછરાજાની ⟐ રમણિક ઝાપડિયા ⟐ અજય ઉમટ ⟐ પ્રવીણ દરજી ⟐ ઉદયન ઠક્કર ⟐ રંજના હરીશ ⟐ ભૂષણ પુનાની, જસુભાઈ કવિ ⟐ હેમંત વાળા ⟐ ગૌરવ શેઠ ⟐ અમૃત ગંગર ⟐ મણિલાલ પટેલ ⟐ કિશોર દેસાઈ ⟐ ભાગ્યેશ જહા ⟐ મંદાબહેન પરીખ ⟐ પ્રીતિ સેનગુપ્તા ⟐ મનસુખ સલ્લા ⟐ નિરંજન રાજ્યગુરુ ⟐ આર. એસ. પટેલ ⟐ બળવંત જાની ⟐ સંજય-તુલા ⟐ હરિ દેસાઈ ⟐ રતિલાલ બોરીસાગર ⟐ સ્નેહલ મજુમદાર ⟐ ફારૂક ઘાંચી ⟐ અમર ભટ્ટ ⟐ મુકેશ શાહ ⟐ સેજલ શાહ ⟐ અર્પણ યાજ્ઞિક ⟐ વૃંદાવન સોલંકી

HIS HOLINESS
**MAHANT SWAMI MAHARAJ**
(SWAMI SHRI KESHAVJIVANDASJI)

## આશીર્વાદ-પત્ર

**પૂજ્ય મહંત સ્વામી મહારાજ**
(પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ)

પ્રતિ આદરણીયશ્રી કુમારપાળભાઈ દેસાઈ તથા સમગ્ર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પરિવાર,

જય સ્વામિનારાયણ અને હાર્દિક શુભેચ્છાઓ. આગામી બીજી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ચાર દાયકાની અવિરત સર્જન-સાધના-યાત્રા પૂરી કરીને પાંચમા દાયકામાં મંગલ પ્રવેશ કરે છે.

વિશ્વકોશ એ ગુજરાતની એક ધરોહર સમાન સંસ્થા છે. આ ગ્રંથશ્રેણીનો પ્રત્યેક દળદાર ભાગ માત્ર માહિતીનો ભંડાર જ નહીં, પરંતુ સુંદર પ્રેરણાઓનો પણ એક ઉત્તમ સંચય બની રહ્યો છે. આધુનિક યુગમાં ગુજરાતીમાં ભાષા-સાહિત્ય, કલા, સંસ્કૃતિ, ધર્મની ગંગાને નવી પેઢી સુધી વહાવવાની આ જે ભગીરથ પ્રવૃત્તિ થઈ રહી છે તે આપ સૌનાં સમર્પણ અને કટિબદ્ધતાથી જ શક્ય બની છે. આવી ઉત્તમ સાધનામય પ્રવૃત્તિ કરવા બદલ ખરેખર આપ સૌ શતશઃ અભિનંદનને પાત્ર છો. ડૉ. ધીરુભાઈ ઠાકર જેવા સારસ્વતને સાંકળચંદભાઈ, શ્રેણિકભાઈ, પૂજ્ય શ્રી મોટા, પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજ અને ગુજરાતના શ્રેષ્ઠીઓ તેમજ સરકારનો ઉદાર સહયોગ મળ્યો, તેને આપે સાકાર કરી બતાવ્યો અને એ સૌએ મૂકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવ્યો છે. અમે વર્ષોથી આપની આવી ઉત્તમ પ્રવૃત્તિનું સાતત્ય નીરખતા રહ્યા છીએ.

આદરણીય શ્રી ધીરુભાઈ અને આપને અમારા ગુરુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ આશીર્વાદ મળ્યા છે. આપની સાથે અમારો સ્નેહસંબંધ વર્ષોથી જોડાયેલો રહ્યો છે, જે આજે પણ એટલો જ તાજગીભર્યો રહ્યો છે. તેનું મુખ્ય કારણ આપની સત્ત્વશીલતા અને પ્રામાણિકતા છે. તેના કારણે જ સંતો અને સજ્જનોના સહયોગપૂર્ણ આશીર્વાદ આપ સૌ પર હંમેશાં વરસતા રહ્યા છે. ગુજરાતી વિશ્વકોશ, બાળવિશ્વકોશ, ઑનલાઈન ગુજરાતી લૅક્સિકન, 'વિશ્વવિહાર' સામયિક, 'ગુર્જરી ડાયજેસ્ટ' તેમજ વિવિધ કોશ અને ગ્રંથશ્રેણીના પ્રકાશનની સાથે સાથે આપે નવી પેઢીને પ્રેરણા મળે તેવી વ્યાખ્યાનશ્રેણીઓ, ઇનામવિતરણ, કાર્યશિબિરો વગેરે એક પછી એક ઉત્તમ પ્રવૃત્તિ કરીને સાચા અર્થમાં વિશ્વકોશનું વિશ્વ ખૂબ વિસ્તાર્યું છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આપના આ મહાન પ્રયત્નો નિહાળીને ખૂબ જ પ્રસન્ન થયા હતા. આજે પણ એમની પ્રસન્નતા આપ સૌ પર વરસી જ રહી છે.

આપની આ સારસ્વત પ્રવૃત્તિ હજુ સર્વ પ્રકારે વિકસે, આપના સંકલ્પમાં છે તે રીતે વિકસે અને આ પ્રવૃત્તિ સૌને માટે વિશેષ સુખદાયી, ફળદાયી, વરદાયી, આનંદદાયી અને ભક્તિદાયી નીવડે એવી ખૂબ ખૂબ પ્રાર્થનાઓ. આ પ્રસંગે પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને સર્વે સંતોનાં ચરણે પ્રાર્થના કરીને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શતાબ્દીયાત્રાની મંગલ શુભેચ્છાઓ પાઠવું છું.

આશીર્વાદ સહ

[illegible] [illegible]
[illegible] સ્વામિનારાયણ [illegible]

## સદા પ્રજ્વલિત રહે આ સેવાયજ્ઞ

॥ [illegible] ॥

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ –
સર્વજ્ઞ [illegible] – સર્વજ્ઞ [illegible]
નહિ. સર્વજ્ઞ [illegible] –
ભાષા. સાહિત્ય સંસ્કૃતિ આદિ
સંસ્કારની અનેકવિધ પ્રવૃત્તિ આ
કરતાં કરતાં – [illegible]
[illegible] [illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] સમર્પિત
[illegible] છે તે સદા
[illegible]. ગુજરાત વિશ્વકોશ
ટ્રસ્ટનો આ [illegible] સદા
પ્રજ્વલિત રહે [illegible] પ્રાર્થના
[illegible]

[illegible]
[illegible] ૯-૧૦-૨૦૨૫

[illegible]

**પૂજ્યશ્રી મોરારિબાપુ**

(રામકથા દ્વારા વિશ્વભરમાં આગવી ચેતનાનું પ્રાગટ્ય કરનાર સંત તેમજ છેલ્લાં સાઠ વર્ષથી રામચરિત માનસ આધારિત જુદા જુદા દેશોમાં કથા કરનાર વિશ્વવંદ્ય વિભૂતિ)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ - સર્વભૂત હિતાય - સર્વભૂત સુખાય તથા સર્વભૂત પ્રિતાય.

ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને સંસ્કારની અનેકવિધ પ્રવૃત્તિઓ કરતાં કરતાં બીજી ડિસેમ્બરના રોજ ૪૦ વર્ષની સફર પૂરી કરે છે, ત્યારે ખૂબ જ પ્રસન્નતા થાય છે. આપણા વડીલોએ સમર્પિત ભાવથી જે સેવા કરી છે, તે સદા સ્મરણીય રહેશે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો આ સેવાયજ્ઞ સદા પ્રજ્વલિત રહે એ જ પ્રાર્થના.

ચિત્રકૂટધામ, તલગાજરડા,

૮-૧૦-૨૦૨૫

## સદૈવ પ્રકાશ પાથરતી કાલજયી જ્ઞાનજ્યોત

**સદ્ગુરુ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી**

(વેદાંતાચાર્ય, એસ.જી.વી.પી. ગુરુકુળના અધ્યક્ષ, અમદાવાદ)

પ્રતિ,

પ્રિય અને આત્મીય પદ્મશ્રી કુમારપાળભાઈ !

જય સ્વામિનારાયણ ! જય જિનેન્દ્ર ! જય ભારત !

ગરવી ગુર્જર ભાષાના અણમોલ ખજાના સમાન વિશ્વકોશ ચાળીસ ચાળીસ વર્ષની સફર પૂર્ણ કરી રહેલ છે, એ જાણીને અતિ આનંદ થયો.

વિશ્વકોશ સાચા અર્થમાં એક એવો રત્નનો અખૂટ ભંડાર છે, જેમાં હજારો હીરા, માણેક, મોતીની ચમકને પણ ઝાંખી પાડનારા જ્ઞાનરૂપી કોહિનૂરોનો સંગ્રહ છે.

મા સરસ્વતીના ઉપાસક સેંકડો વિદ્વાનોએ આ અમૂલ્ય ખજાનાને સમૃદ્ધ કરવામાં અભૂતપૂર્વ યોગદાન આપેલું છે. આ પ્રસંગે અમે એમને વંદન કરીએ છીએ.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંસ્થાપક પદ્મભૂષણ શ્રી ધીરુભાઈ ઠાકર તથા વિશ્વકોશરૂપી મહાયજ્ઞમાં પોતાના જીવનને સમિધ તરીકે સમર્પિત કરનાર શ્રી ચંદ્રકાન્ત શેઠ અને ધીરુબહેન પટેલને જેટલાં વંદન કરીએ એટલાં ઓછાં છે.

આદરણીય કુમારપાળભાઈ ! આપ વિશ્વકોશના સ્વપ્નદ્રષ્ટા, ધીરુભાઈ ઠાકરના યોગ્ય શિષ્ય અને વારસ છો. આપે આગવી પ્રતિભાથી ધીરુભાઈના સ્વપ્નને સાકાર કર્યું છે અને વિશ્વકોશ રૂપી જ્ઞાનના વારસાને સમૃદ્ધ બનાવ્યો છે.

ચાર ચાર દાયકા સુધી આટલાં વિશાળ કાર્યનું સંચાલન કરવું, નિરીક્ષણ કરવું અને સફળતાપૂર્વક પાર પાડવું એ આપની વહીવટી કુશળતા, આગવી પ્રતિભા, નિષ્ઠાપૂર્વકનું સમર્પણ અને અડગ સંકલ્પબદ્ધતાનું પરિણામ છે.

છવ્વીસ ખંડોમાં સમાહિત 'ગુજરાતી વિશ્વકોશ' સાધારણ નથી, મહાભારત કરતાં પણ અનેકગણા મોટા આ મહાગ્રંથમાં વિજ્ઞાન, કલા, ઈતિહાસ, જીવનચરિત્ર, ભૂગોળ, ધર્મથી લઈને અર્થશાસ્ત્ર સુધીના ૧૭૦થી વધારે જ્ઞાનવર્ધક વિષયોને સાંકળી લેવામાં આવ્યા છે.

ઉપરાંત, વિશાળ દસ ખંડોમાં સમાહિત બાળવિશ્વકોશ, સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ, પરિભાષાકોશ, તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ, બૃહદ નાટ્યકોશ, નારીકોશ જેવા અનેક મહામૂલા ગ્રંથો મા ગુર્જરીના અમૂલખ આભૂષણ સમાન છે. ખરેખર વિશ્વકોશ વિશ્વનો શ્રેષ્ઠ વિશ્વકોશ છે.

વિશ્વકોશ ટ્રસ્ટનું કાર્ય માત્ર ગ્રંથપ્રકાશન પૂરતું સીમિત નથી, વિશ્વકોશભવન ખાતે નિયમિત રીતે યોજાતા સંવાદો, પરિસંવાદો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આપે વિશ્વકોશ સંસ્થાને સદૈવ પ્રકાશ પાથરતી, કાલજયી મહાજ્યોત સમાન બનાવી છે.

ભગીરથ રાજાએ ધરતી પર ઉતારેલી ગંગા લાખો લોકોને પાવન કરી રહી છે, એ જ રીતે આ વિશ્વકોશ રૂપી ભાગીરથી આવનારી સેંકડો પેઢીઓને જ્ઞાન અને સંશોધનની પ્રેરણા રૂપી પીયૂષને પાતી રહેશે અને પોષતી રહેશે. આ વિશ્વકોશના ભગીરથ સમાન આપને જેટલાં વંદન કરીએ એટલાં ઓછાં છે.

સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર આપના નિરામય દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે છે, જેથી આગામી અનેક વર્ષો સુધી આપ અમને સાહિત્યના સાગરમાં સફર કરાવતા રહો અને જ્ઞાનસાગરના પેટાળમાં રહેલાં મૂલ્યવાન રત્નોની ઉપલબ્ધિ કરાવતા રહો !

આ વિશ્વકોશની રચના એક મહાન વિશ્વવિજયી રાજસૂય યજ્ઞ સમાન છે. આ મહાયજ્ઞમાં વિવિધ રીતે સમર્પણ કરનારા સર્વને અમારાં હૃદયથી વંદન.

## વિરલ નેત્રદીપક સિદ્ધિ

**આચાર્ય શીલચંદ્રવિજયજી**

(બહુશ્રુત વિદ્વાન અને વિચારક, 'અનુસંધાન' નામના સંશોધન સામયિકના સંપાદક અને અનેકવિધ સાહિત્યિક પ્રવૃત્તિના પ્રણેતા)

ગુજરાતની અને ગુજરાતી ભાષાની એક ઉત્તમ સાહિત્યિક સંસ્થા ૪૦ વર્ષ પૂરાં કરે તે ઘટના જ સ્મરણીય અને આનંદદાયક ગણાય. ૪૦ વર્ષોમાં આ સંસ્થાએ પોતાનાં વિશ્વકોશ સહિતનાં અનેક તેમજ અનેકવિધ વિષયોનાં પ્રકાશનો, સામયિક-પ્રકાશનો, પ્રવચનમાળાઓ અને અન્ય વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ કરવા દ્વારા જે પ્રગતિ સાધી છે તે એક વિરલ અને નેત્રદીપક સિદ્ધિ જ ગણાવી જોઈએ. તમારા સહુનો સહિયારો પ્રયાસ તથા આપણા સાહિત્યપ્રેમી સમાજનો સર્વ પ્રકારનો સતત મળતો સહયોગ, તે આનું નિદાન છે.

તમને સહુને અભિનંદન તથા ધન્યવાદ. વિશ્વકોશ ટ્રસ્ટ હજી અનેકાનેક નવી નવી સાહિત્યિક સિદ્ધિઓ હાંસલ કરે અને ગુજરાતી ભાષાની ઘણી સેવા કરે તેમજ ગુજરાતના લોકોને સાહિત્યાભિમુખ બનાવવામાં ખૂબ સફળતા પામે એવી શુભાશંસા પાઠવું છું.

## દીર્ઘદષ્ટિવાન શુભચિંતકોની નિષ્કામ સક્રિયતા

**પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી**

(શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રણેતા,
વિશ્વભરમાં શ્રીમદ્ રાજચંદ્રજીના ઉપદેશનો પ્રસાર કરનાર અધ્યાત્મયોગી,
જૈનદર્શનના જ્ઞાતા અને લેખક)

ૐ શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

માતૃભાષા ગુજરાતીની અને ઉપલક્ષ્યથી માતૃભૂમિ ગુજરાતની સેવામાં સંનિષ્ઠપણે સંલીન એવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ૪૦ વર્ષની પૂર્ણાહુતિના પ્રેરણાસભર પડાવ પર અનેકશઃ અભિનંદન. સંતો, સારસ્વતો, શ્રેષ્ઠીઓ, સરકારી પદાધિકારીઓ અને સેવાભાવી સજ્જનોનાં શુભાશિષ, સહયોગ, સખાવત, સાહચર્ય અને સામર્થ્યની સહભાગિતાથી આરંભાયેલ તેમજ નાનકડા પણ ભવ્ય બીજમાંથી અંકુરિત થઈ વટવૃક્ષ રૂપે વિસ્તરતી આ મહત્ત્વપૂર્ણ યાત્રાનાં અતુલનીય સુપરિણામો જોતાં સહેજે પ્રસન્નતા અને પ્રશસ્તિના ભાવ સ્ફુરે છે.

શ્રી કુમારપાળભાઈ દેસાઈના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે બૃહદ, દળદાર, સમૃદ્ધ ગુજરાતી વિશ્વકોશની રચનારૂપ તેની સ્થાપનાનો ઉદ્દેશ્ય તો સુપેરે પૂર્ણ કર્યો જ છે; એ સાથે બાળવિશ્વકોશ, નારીકોશ, સંતકોશ, ગ્રંથાલયવિજ્ઞાનકોશ, પરિભાષાકોશ, નાટ્યકોશ જેવા અનેકાનેક વિશ્વસનીય કોશોના સર્જનનું ભગીરથ કાર્ય પણ સંપન્ન કર્યું છે. ગુજરાતી લૅક્સિકનની સંરચના દ્વારા ગુર્જરભાષાની ગરિમા વધુ પ્રમાણભૂત ઠેરવી છે.

ન કેવળ સાહિત્યના, અપિતુ વિદ્યા, કલા, સંસ્કૃતિ, માનવકૌશલ્ય અને સમાજકલ્યાણના ઇતિહાસમાં સદાકાળ માટે સુવર્ણ અક્ષરે અંકિત થઈ શકે એવું વિપુલ સર્જનાત્મક યોગદાન અર્પનાર આ સંસ્થાના સંસ્થાપક, સંવર્ધક, સાક્ષર, સહાયક, સેવક આદિ સમસ્ત દીર્ઘદષ્ટિવાન શુભ ચિંતકોની નિષ્કામ સક્રિયતા પ્રત્યે પ્રમોદભાવ વ્યક્ત કરું છું. ગુર્જરભૂમિ અને ભારતવર્ષના ગૌરવરૂપ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સત્ત્વશીલ સર્જનયજ્ઞના સર્વાંગી વ્યાપ માટે મંગલ ભાવના અને શુભાશિષ સહ.

## અભિનવ અને અદ્વિતીય

**સ્વામી નિખિલેશ્વરાનંદજી**

(અધ્યક્ષ : શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ,
વિશ્વસ્તરે સ્વામી વિવેકાનંદના ઉપદેશોનો પ્રચાર કરનારા સંત)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે જ્ઞાન-સાધનાના ચાર દાયકાની અદ્‌ભુત યાત્રા પૂર્ણ કરી છે તે જાણીને અત્યંત આનંદ અનુભવું છું. સંસ્થાનું ગુજરાતી ભાષા અને સાહિત્યક્ષેત્રે પ્રદાન ખરેખર અભિનવ અને અદ્વિતીય રહ્યું છે. અનેક સાહિત્યકારો તેમજ લેખકોના પુષ્કળ પરિશ્રમથી નિર્મિત કોશગ્રંથો થકી ગુજરાતી ભાષાને વિવિધ વિષયોના પ્રમાણભૂત જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થયો છે. સંસ્થાની સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને ગુજરાતની અસ્મિતાના સંવર્ધનની પ્રવૃત્તિઓ પણ ગુજરાત માટે ખૂબ જ ઉપકારક રહી છે.

મને જ્યારે પણ ટ્રસ્ટના પ્રાંગણમાં પ્રવચન માટે નિમંત્રિત કરવામાં આવતો, ત્યારે ત્યાં ઉપસ્થિત જ્ઞાનપિપાસુ શ્રોતાજનો સાથેના સંવાદથી ખૂબ આનંદ પ્રાપ્ત થતો. સંસ્થાએ વિજ્ઞાન અને ટૅક્‌નૉલૉજીના યુગમાં નવી પેઢીને લક્ષમાં રાખીને વિશ્વકોશનું ઘણું મોટું સાહિત્ય ઑનલાઇન પણ ઉપલબ્ધ કરાવ્યું છે, જેનો દેશ-વિદેશમાં બહોળા પ્રમાણમાં લાભ લેવાઈ રહ્યો છે તે જાણીને અત્યંત સંતોષ થયો. આ ઉપરાંત માનવકૌશલ્ય વિકસિત કરતી કાર્યશિબિરો દ્વારા પણ સંસ્થા દ્વારા વિવિધ વર્ગોના ઉત્કર્ષ માટેના પ્રયાસો સંસ્થાની સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ છે.

હું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને માતૃભાષાના સંવર્ધન અને વિકાસના આ ભગીરથ કાર્ય સંપાદન માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આ જ્ઞાનયજ્ઞની યાત્રા વધુ ફલદાયી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

## ભવ્ય જ્ઞાનમય પ્રદીપ

**નટવર ગાંધી**

(અમેરિકામાં કરવેરા અને નાણાકીય ક્ષેત્રે અગ્રણી સંસ્થાઓ દ્વારા
આગવું પ્રદાન કરનાર, કવિ અને લેખક)

હું જ્યારે જ્યારે અમદાવાદ જાઉં છું, ત્યારે ત્યાં બે જગ્યાએ અચૂક જાઉં છું. એક તો ગાંધીજીનો સાબરમતી આશ્રમ અને બીજું તે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ભવન. ગાંધીજીના આશ્રમનું દેશના રાજકીય ઉત્થાનમાં જે મહત્ત્વ છે તેવું જ મહત્ત્વ મારા મનમાં ગુજરાતના બૌદ્ધિક વિકાસમાં આ વિશ્વકોશ સંસ્થાનનું છે. એના સંસ્થાપક શ્રી ધીરુભાઈ ઠાકરે આખીય જિંદગી શિક્ષણક્ષેત્રે સમર્પિત કરી હતી. એક આદર્શ શિક્ષક થવાની જે એમની જીવનભરની મહેચ્છા હતી તે આ વિશ્વકોશ યોજનામાં સાકાર થઈ

છે. આ યોજના અનુસાર તેમણે આ એન્સાઇક્લોપીડિયાના અનેક ગ્રંથો ગુજરાતીમાં પ્રસિદ્ધ કરી આપણી ભાષામાં એક ભવ્ય 'જ્ઞાનમય પ્રદીપ' પ્રગટાવ્યો છે.

ભાઈશ્રી કુમારપાળ દેસાઈના કુશળ સંચાલન અને નેતૃત્વ નીચે હવે એ આખો જ્ઞાનકોશ ઑનલાઇન મુકાયો છે અને સાચા જ અર્થમાં ગુજરાતી ભાષાનો આ અમૂલ્ય વિશ્વકોશ વિશ્વવિસ્તાર પામ્યો છે. આજે અમેરિકામાં પણ બેઠા બેઠા અમે સહેલાઈથી એને માણી શકીએ છે એને માટે વિશ્વકોશના આદ્ય સંસ્થાપક શ્રી ધીરુભાઈ ઠાકર અને વર્તમાન અધ્યક્ષ શ્રી કુમારપાળ દેસાઈના અમે અત્યંત ઋણી છીએ. આ મહાન સંસ્થા આજે ચાળીસ વર્ષ પૂરાં કરે છે એ ગુજરાતના બૌદ્ધિક ઇતિહાસમાં એક નોંધપાત્ર ઘટના છે.

## અનુપમ પ્રદાન

**પંકજ જોશી**

(વિશ્વના અગ્રણી ખગોળવિજ્ઞાની, સંશોધક, અમદાવાદ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના ઇન્ટરનેશનલ સેન્ટર ફોર સ્પેસ ઍન્ડ કૉસ્મોલૉજીના સ્થાપક ડિરેક્ટર)

ગુજરાતના લોકો ઉમદા છે જેથી અહીં અનેક દાન, ધર્મ તથા સેવાની પ્રવૃત્તિઓ થયા કરતી હોય છે. લોકો પાસે પૈસો અને સમૃદ્ધિ પણ સારા પ્રમાણમાં છે; પરંતુ વિદ્યા અને સંશોધનના ક્ષેત્રે આપણી દરિદ્રતા ઊડીને આંખે વળગે તેવી છે. પુસ્તકોને ચોપડા કહેનાર ગુજરાતીઓનો વિદ્યાવ્યાસંગ નહીં જેવો આજે અને ભૂતકાળમાં પણ રહ્યો છે. આજે જ્યારે સમગ્ર વિશ્વમાં જ્ઞાનયુગનો ઉદય થઈ રહ્યો છે અને માહિતી તથા સંશોધનના આધારે દેશોની પ્રગતિ થઈ રહી છે ત્યારે આવી પરિસ્થિતિ તે આપણા નવયુવાનો તથા વિદ્યાર્થીઓને ભારે હાનિકર્તા થાય એ સ્વાભાવિક જ છે. આ દિશામાં મોટું પ્રદાન તથા અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ લાવવાનું કાર્ય ગુજરાત વિશ્વકોશ દ્વારા થયું છે એ આપણે સૌને માટે માત્ર આનંદની જ નહીં, પણ સંતોષની અને એક મોટી ખોટ પૂરવાની વાત છે. ગુજરાત અને ગુજરાતી વિશેની અનેકવિધ માહિતી એક જ જગ્યાએથી મળી જાય એ નાની-સૂની વાત નથી.

ગુજરાત વિશ્વકોશની પ્રવૃત્તિઓ પર નજર ફેરવો અને દુનિયાભરના ગુજરાતીઓ આજે તેનો જે ઉપયોગ કરી રહ્યા છે એ જુઓ તો જણાશે કે આ દિશામાં વિશ્વકોશ સંસ્થા દ્વારા કેવળ મોટું જ નહીં, પરંતુ અનુપમ પ્રદાન થયું છે. નવા યુગમાં નવાં સ્વપ્ન, વિશિષ્ટ વિઝન અને મૌલિક દૃષ્ટિ સાથે આ સઘળી પ્રવૃત્તિઓ આજે એક મોટા પાયા ઉપર જ્યારે મુકાઈ ચૂકી છે ત્યારે તેમાંથી એક મોટું વટવૃક્ષ વિકસ્યું છે. આજે જ્યારે ચાર દાયકાની સફર પૂરી થાય છે ત્યારે ગુજરાત વિશ્વકોશ સાથે જોડાયેલા સહુ કોઈને આનંદથી વધાવીએ અને કર્મનિષ્ઠ અને જ્ઞાનપરાયણ કુમારપાળ દેસાઈને અને એના ટ્રસ્ટીમંડળને અભિનંદન આપીએ, સાથે જ ઉજ્જ્વળ ભવિષ્યની આકાંક્ષા પણ કરીએ.

# ભારતની એક અગ્રણી સંસ્થા

**સંવેગ લાલભાઈ**

(ગુજરાતના અગ્રણી મહાજન, ઉદ્યોગપતિ, અનેક તીર્થોનો વહીવટ કરતી
શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ચાળીસ વર્ષની અનેકવિધ સફળતાની યાત્રાનો હું નજરોનજર સાક્ષી છું. એનું કારણ છે કે અમારા પરિવાર સાથે આ સંસ્થા ખૂબ ગાઢ રીતે સંકળાયેલી છે. આદરણીય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ આ સંસ્થાનું પ્રમુખપદ ધરાવતા હતા અને જીવનના પાછળના સમયમાં એમણે ઘણી સંસ્થાઓમાંથી નિવૃત્તિ લીધી હતી, પરંતુ આ સંસ્થા પ્રત્યેના સ્નેહના કારણે તથા આદરણીય ધીરુભાઈ ઠાકર અને કુમારપાળ દેસાઈની શિક્ષણનિષ્ઠા પ્રત્યે અપૂર્વ આદર હોવાથી તેઓ જીવનપર્યંત આના પ્રમુખપદે રહ્યા હતા.

આ સંસ્થા સાથે મારો પણ ત્રણ દાયકાથી ખૂબ ગાઢ સંબંધ છે. શ્રી ધીરુભાઈ ઠાકરને મળવાનું કોઈ દિવસ સૌભાગ્ય પ્રાપ્ત થયું નહોતું, પણ એમના ભગીરથ કાર્યોને હું જાણું છું. મારા વડીલ એવા કુમારપાળભાઈ સાથે મારો ગાઢ સંબંધ ત્રણ દાયકાથી વધુ છે અને એમનાં ઉત્કૃષ્ટ કાર્યો, જુદા જુદા વિષયો અને અનેકવિધ પાસાંઓથી હું વાકેફ છું. એમની વિશાળ દૃષ્ટિ, દૂરંદેશી અને મહેનતથી એમણે આ સંસ્થાને ભારતની એક અગ્રણી સંસ્થા બનાવી છે જે આપણા સહુને માટે દૃષ્ટાંતરૂપ છે. એક વિદ્યાપુરુષ તરીકે તેઓ વિદ્યાના ક્ષેત્રમાં તો કાર્ય કરે જ છે; પરંતુ વિદ્યા ઉપરાંત વ્યવસ્થાના ક્ષેત્રમાં કાર્ય કરીને કુમારપાળભાઈએ એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સંસ્થામાં યોજાતા વિવિધ કાર્યક્રમોમાં ઘણી વાર આવવાનું બન્યું છે. કાર્યક્રમનું યોજનાબદ્ધ આયોજન, કર્મચારીઓનો સૌજન્યભર્યો વર્તાવ, વિદ્વાનોની જ્ઞાનનિષ્ઠા અને સ્વચ્છતાને જોઈને હું સતત આનંદ પામતો રહ્યો છું.

આ સંસ્થાનાં અનેકવિધ પાસાંઓ તથા આયોજનોની ગુણવત્તા ઉત્કૃષ્ટ છે, એનાથી પ્રભાવિત થઈને મારા પરિવારે યોગદાન આપ્યું છે અને સંસ્થાના ટ્રસ્ટીમંડળે અને ખાસ કરીને વડીલ શ્રી કુમારપાળભાઈએ વિશ્વકોશ ભવનના બીજા માળે આવેલા પુસ્તક-પ્રદર્શન અને કાર્યશિબિરના ખંડને મારા મોટા ભાઈ 'શ્રી મનનભાઈ નિરંજનભાઈ લાલભાઈ સ્વાધ્યાયખંડ'નું નામાભિધાન કરીને અમારા પરિવાર ઉપર મોટો ઉપકાર કરેલ છે.

ક્યારેક જૈન સમાજના અનેકવિધ પ્રશ્નો અંગે પણ વડીલ શ્રી કુમારપાળભાઈને મળવા આવું છું. આ સંસ્થાની ચાળીસ વર્ષની પ્રવૃત્તિઓ જોઈને મને એમ લાગે છે કે એમણે ગુજરાતની અસ્મિતાને માટે સતત એક પછી એક આયોજનો કર્યાં છે અને એ સફળ થાય તે માટે અત્યંત પુરુષાર્થ કર્યો છે. ભારતમાં વિશ્વકોશની આવી કોઈ સંસ્થા નથી, પણ એથીયે વિશેષ તો વિશ્વકોશ એ આજના યુગમાં ડેવલપમેન્ટ અને મૅનેજમેન્ટનું એક ઉદાહરણ બની રહે તેમ છે.

આ સંસ્થાના ઉજ્જવળ ભવિષ્ય માટે વડીલ શ્રી કુમારપાળભાઈને, ટ્રસ્ટીમંડળ, કર્મચારીઓ તથા જે કોઈ આ સંસ્થા સાથે સંકળાયેલ છે તેમને હું મારી અંતઃકરણપૂર્વક શુભેચ્છા આપું છું.

## ગુજરાતની અસ્મિતાનું સંવર્ધન

**જ્યોતિ ભટ્ટ**

(કલાકાર તરીકે ચિત્રકલા, તસવીરકલા અને પ્રિન્ટ મેકિંગ માટે વિખ્યાત,
લલિતકલા અકાદમીના ફેલો તેમજ પદ્મશ્રીથી અલંકૃત)

કવિ શ્રી બ. ક. ઠાકોરે એક મહત્ત્વપૂર્ણ વિધાન કર્યું હતું, જેનો સાર નીચે મુજબ છે :

જે સમાજ ઉત્તમ ગુણવત્તા ધરાવતી વ્યક્તિઓને યોગ્ય સ્વરૂપે સન્માનિત કે પુરસ્કૃત નથી કરી શકતો, તે સમાજ તેવી વ્યક્તિઓનું સર્જન કરવાની ક્ષમતા જ ગુમાવી બેસે છે. આ સંસ્થાએ અનેકવિધ ક્ષેત્રોમાં કાર્યરત પ્રતિભાઓને પોંખી છે. આટલા વ્યાપક પટ પર ગુજરાતની પ્રતિભાને દર્શાવનારી આ વિરલ સંસ્થા છે.

આપણા સમાજને 'વાંઝિયો' બનતો અટકાવવા માટે આવશ્યક એવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરતાં કરતાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૪૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે મુ. ધીરુભાઈની પ્રેરણા અને કુમારપાળભાઈના વિદ્યાપુરુષાર્થથી આગવી જ્ઞાનસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. ગુજરાતની અસ્મિતાના સંવર્ધનનું ભગીરથ કાર્ય કરવા બદલ મારા હાર્દિક અને સાનંદ અભિનંદન !

## માતૃભાષામાં જ્ઞાનનો મહાસાગર

**સુધીર શાહ**

(ભારતના પ્રસિદ્ધ ન્યુરોલૉજિસ્ટ, અનેક ગ્રંથોના સર્જક,
કુશળ વક્તા તથા પદ્મશ્રીથી અલંકૃત)

આપણી ગરવી ગુર્જરી ગિરાના પ્રચાર અને પ્રસાર માટે સતત કાર્યશીલ એવી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સંસ્થા આપણા સૌ માટે સાંસ્કૃતિક કેન્દ્રબિંદુ બની ગઈ છે. વિશ્વકોશ એ વિશ્વવિદ્યાલયની ગરજ સારે છે. વિશાળ જ્ઞાનભંડારની ગરજ સારે છે. અહીં સર્વ સંસ્કૃતિ, ધર્મ, અધ્યાત્મ, કલા, સાહિત્ય અને સત્સંગનો સુભગ સમન્વય થયેલો છે. આ ટ્રસ્ટનું લક્ષ્ય એક જ છે, ગુજરાતી ભાષામાં વિશ્વસ્તરીય જ્ઞાનના ખજાનાનું સંપાદન કરી સુપાત્રને વહેંચવો.

આ ટ્રસ્ટના નેજા હેઠળની અનેકવિધ પ્રવૃત્તિઓમાં શિરમોર સમી પ્રવૃત્તિ એ ગુજરાત વિશ્વકોશનું પ્રકાશન છે. આ માત્ર ગ્રંથો નથી, પરંતુ જ્ઞાનના મહાસાગરને ગાગરમાં

પૂરવાનો ભગીરથ પ્રયત્ન છે. આ સર્વસંગ્રાહક ૨૫ મહાગ્રંથોના વિશ્વમાં ઉપલબ્ધ સર્વ વિષયોનાં સર્વ પાસાંને સમાવતી સંપૂર્ણ માહિતી છે. એક જ્ઞાનપિપાસુને પ્રત્યેક વિષયમાં નવા પારિભાષિક શબ્દોનું ભંડોળ ઉપલબ્ધ કરવું એ કેટલું સૂક્ષ્મ અને શિસ્તબદ્ધ આયોજન માગી લે છે !

ટ્રસ્ટનાં અન્ય પ્રકાશનો, બાળવિશ્વકોશ, 'વિશ્વવિહાર', 'વિશ્વા', 'ગુર્જરી ડાયજેસ્ટ'નું સંપાદન ખૂબ ચીવટપૂર્વક કરવામાં આવે છે. વિવિધ નેજા હેઠળની વ્યાખ્યાનશ્રેણીનું આયોજન પણ અદ્‌ભુત હોય છે.

બદલાતા પરિવર્તનશીલ સમાજમાં નૂતન પેઢીની જરૂરિયાત મુજબ આ આખો જ્ઞાનસાગર ઑનલાઈન રૂપે ઉપલબ્ધ કરવો એ કેટલી દૂરદર્શિતા માગી લે છે.

આ સમસ્ત પ્રવૃત્તિઓના સ્વપ્નદ્રષ્ટા શ્રી ધીરુભાઈ ઠાકરને ધન્ય છે અને તેમના સ્વપ્નને હકીકતમાં બદલવાનો અથાક પ્રયત્ન કરવાની ઋષિપ્રવૃત્તિ માટે પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈને અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. આટલી મોટી ઉંમરે યુવાન જેવો તરવરાટ ધરાવનાર શ્રી કુમારપાળભાઈ બહુમુખી પ્રતિભા ધરાવનાર મા સરસ્વતીના ઉત્કૃષ્ટ ઉપાસક છે. એમનું સબળ નેતૃત્વ, સૂક્ષ્મતાપૂર્વકનું અવલોકન, ક્રમબદ્ધ આયોજન તથા દૂરદર્શિતા કોઈ પણ આયોજનને સફળ બનાવે છે. મેઘધનુષ્યના સપ્તરંગી ગુજરાતી સાહિત્ય - સંસ્કૃતિના આકાશમાં પોતાની સર્વાંગી સિદ્ધહસ્તતાની આગવી છટા રેલાવી આપણને ઉપકૃત કર્યા છે.

કુમારપાળભાઈના સુદૃઢ સ્વાસ્થ્ય અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સર્વાંગી વિકાસની કામના સાથે વિરમું છું.

## યુગધર્મ બજાવતી સંસ્થા

**કુંદન વ્યાસ**

(જન્મભૂમિ ગ્રૂપનાં અખબારોના મુખ્ય સંપાદક, ઇન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીના પૂર્વઅધ્યક્ષ તથા પદ્મભૂષણથી વિભૂષિત પત્રકાર)

આજે ગુજરાતી વિશ્વકોશનો લાભ 'જન્મભૂમિ' પત્રોના વાચકોને સતત મળી રહ્યો છે. વિશ્વકોશ દ્વારા સંશોધન કરી વિવિધ ક્ષેત્રની અગ્રણી વ્યક્તિઓનો પરિચય તથા અન્ય મૂલ્યવાન માહિતી વાચકોની નવી પેઢીને મળે છે. આજનો યુગ માહિતીનો યુગ કહેવાય છે, પણ માહિતીના આ મહેરામણમાંથી વીણેલાં મોતી, તારવેલું નવનીત અને રજૂ કરેલી સચોટ જાણકારીનું મહત્ત્વ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે અને એ યુગધર્મ વિશ્વકોશ સુપેરે પાર પાડી રહ્યું છે. આજના સમયમાં માહિતી કરતાં એ ક્યાંથી આવે છે, કોણ આપે છે અને તે કેવી રીતે આપણા સુધી પહોંચે છે, એની તકેદારી રાખવાની હોય છે. વર્તમાન સમયે માહિતી-જ્ઞાનની પરબ દ્વારા તૃષા સંતોષવાની સાથે તેની શુદ્ધતા અને સાત્ત્વિકતાની ખાતરી હોય તો જ આકંઠ માણી શકાય છે. એ

પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા વિશ્વકોશના જ્ઞાનસાગરમાંથી સાંપડે છે. અનેક દીર્ઘદ્રષ્ટા, સર્જકો અને શ્રેષ્ઠીઓના આયોજન, પ્રેરણા અને યોગદાનથી ચાર દાયકાનો પ્રવાસ પૂરો કરનાર ગુજરાત વિશ્વકોશને અભિનંદન અને શુભેચ્છાઓ.

## જ્ઞાનસૂર્ય સંચર્યો

**યોગેશ જોષી**

(ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ, અગ્રણી કવિ, નવલકથાકાર અને સંપાદક)

ચાર દાયકાની વિશ્વકોશની સફરને શત શત વંદન સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ધીરુભાઈ ઠાકર જ કરી શકે વિશ્વ-જ્ઞાનયજ્ઞનું આવું સાહસ. ગુજરાતી ભાષામાં વિશ્વજ્ઞાનકોશનો અભાવ હતો અને વિશ્વકોશ એ ધીરુભાઈનું સ્વપ્ન હતું. એ સાકાર કરવા માટે એમણે શિવ-સંકલ્પ કર્યો.

આ સ્વપ્ન સાકાર કરવા માટે ધીરુભાઈને સાત ચોપડી ભણેલા સાંકળચંદ પટેલનો આર્થિક સહયોગ મળ્યો અને યજ્ઞ કરવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનું ભોજનશાળાનું મકાન મળ્યું. ધીરુભાઈએ જ્ઞાન-વિશ્વ-વટવૃક્ષનાં બીજ રોપ્યાં, સંતોના આશીર્વાદ, સરકાર તથા શ્રેષ્ઠીઓ પાસેથી મદદ મળી રહી. અનેક વિષયના વિદ્વાનો આ યજ્ઞમાં જોડાતા રહ્યા અને આ વટવૃક્ષ વિશાળ અને વિશાળ થતું રહ્યું. વિશ્વકોશની પ્રવૃત્તિઓની ત્રિજ્યા વધતી રહી. ચંદ્રકાન્ત શેઠ તથા કુમારપાળ દેસાઈ તો જાણે ધીરુભાઈના બે હાથ ! સમગ્ર વિશ્વકોશ પરિવાર આ જ્ઞાનયજ્ઞમાં પોતાની સમગ્ર શક્તિથી સમર્પિત. વિશ્વકોશ ગીતમાં કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠે લખ્યું છે તેમ અહીં જ્ઞાનસૂર્ય સંચર્યો અને ગુર્જરી વિશ્વરૂપને વરી !

ધીરુભાઈની વિદાય પછી એમની ખોટ ન વરતાય એવી કાળજી લીધી કુમારપાળ દેસાઈએ વિશ્વકોશની. આ વિશ્વ-વટવૃક્ષની શાખા-પ્રશાખાઓ વિસ્તરતી રહી ને આજે તો ઘણી બધી એની વડવાઈઓ પણ થડ બની ચૂકી છે ને મૂળિયાં વધુ ને વધુ ઊંડાં ઊતરતાં રહ્યાં છે. ચાર દાયકાની વિશ્વકોશની આ અપૂર્વ અને અનન્ય સફર નિમિત્તે આ જ્ઞાનસૂર્યને શત શત પ્રણામ.

## માતૃભાષા સંવર્ધનની અવિરત ખેવના

**વિનોદ કપાસી**

(ઇંગ્લૅન્ડમાં વસતા લેખક, પ્રવચનકાર અને અનેક ધાર્મિક ગ્રંથોના રચયિતા)

આજે વિશ્વકોશની સ્થાપનાના પુણ્યવંતા અને સૌભાગ્યશાળી દિવસે સહુ લેખકો, કર્મનિષ્ઠ કાર્યકર્તાઓ અને અગ્રણીઓને મારા શત શત વંદન. વિશ્વકોશ એટલે સાહિત્ય,

સંસ્કૃતિ, અને માનવીય સર્વોચ્ચ મૂલ્યોની જયગાથા ગાતી એક સંસ્થા છે. આપણા દેશમાં અનેક સંસ્થાઓ છે અને એ બહુવિધ કાર્યો સંભાળી રહી છે પણ તેમાં વિશ્વકોશનું સ્થાન મારા માટે અગ્રસ્થાને છે. માત્ર સિદ્ધિઓના આંકડા જોઈ જવાથી એનું સાચું મૂલ્યાંકન નહીં થઈ શકે. અલબત્ત, આંકડાઓ સિદ્ધિઓને સુંદર રીતે રજૂ તો કરે જ છે, પણ વિશ્વકોશનું ભવ્ય મકાન અને જે માર્ગ પર વિશ્વકોશની ઈમારત છે તે માર્ગ પણ 'વિશ્વકોશ માર્ગ' તરીકે ગૌરવભેર સહુને સાંસ્કૃતિક મૂલ્યોનો રાહ ચીંધે છે. એમાં પ્રવેશો અને વિશ્વકોશની ગતિવિધિઓ, સિદ્ધિઓ અને વિદ્યાપુરુષોની નિષ્ઠા, સર્જકોનો સમર્પણભાવ તમે નિહાળો. આ સંસ્થાની પ્રગતિ પ્રત્યે તમને આપોઆપ અહોભાવ જાગૃત થશે.

કેટલીક વાર નવાઈ જ લાગશે કે આ સંસ્થાએ ૪૦ વર્ષમાં આટલી સિદ્ધિઓ કઈ રીતે હાંસલ કરી હશે ! ગુજરાતી વિશ્વકોશ, બાળવિશ્વકોશ, અન્ય કોશ, ગ્રંથશ્રેણી, સામયિકોનું પ્રકાશન, લૅક્સિકન, વ્યાખ્યાનશ્રેણી, કવિઓ, ચિત્રકારો, અન્ય સાહિત્યકારો અને જ્ઞાન-વિજ્ઞાનના ઉપાસકોને આ સંસ્થા પ્રોત્સાહિત કરે છે અને યોગ્ય સન્માનથી નવાજે છે. અનેક શિબિરો અને માતૃભાષા સંવર્ધનનાં કાર્યોની અદ્ભુત અને અવિરત ખેવના ધરાવે છે. યાદી લાંબી છે, પણ આટલાં વર્ષોની મજલમાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે તે માટે એની સરસ્વતીસેવાને નત મસ્તકે વંદન કરું છું. પૂજ્ય ધીરુભાઈ ઠાકર જેવા કર્મનિષ્ઠ મહાન વ્યક્તિનું સ્વપ્ન અને સન્માનનીય શ્રી કુમારપાળભાઈ દેસાઈની રાત-દિવસની બહુમૂલ્ય કામગીરીની યશોગાથા ગાતી આ સંસ્થાનું સ્થાન અન્ય કોઈ સાહિત્યની સંસ્થાઓને પણ શીખ આપી જાય તેવું છે. આ માટે ખૂબ અભિનંદન.

## અનેક વડવાઈથી વિસ્તરેલો કબીરવડ

**જગદીશ દવે**

(માતૃભાષા ગુજરાતીના પ્રસાર માટે ભગીરથ કાર્ય કરનાર, અધ્યાપક અને લેખક)

મારો પનો ટૂંકો પડે !

આ વિશે લખવું એ તો ગાગરમાં સાગર નહીં, અહીં તો છીપમાં મોતી મૂકવાનું છે !

શ્રી શ્રેણિકભાઈના અધ્યક્ષપદે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના અને કોશનો મંગલ શુભારંભ એચ. એલ. કૉલેજ હૉસ્ટેલની ભોજનશાળામાં, બીજી ડિસેમ્બર, ૧૯૮૫ સુવર્ણાક્ષરે લખાશે ઈતિહાસમાં આ દિન.

પૂજ્ય પ્રમુખસ્વામીના શુભ હસ્તે પ્રથમ ખંડનું લોકાર્પણ બીજી ડિસેમ્બર, ૧૯૮૯. પૂજ્ય મોરારિબાપુના શુભ હસ્તે ૨૫મા અંતિમ ખંડનું ૧૫ ડિસેમ્બર, ૨૦૦૯ના દિને લોકાર્પણ. દરમિયાન દસ ગ્રંથમાં ચંદ્રકાન્ત શેઠ સંપાદિત સચિત્ર બાળવિશ્વકોશ

પ્રકાશિત. નારીકોશ, સંતકોશ આદિ પણ ખરા. વ્યાખ્યાનો, પરિસંવાદો, સંગીત, નૃત્ય, નાટક, શિબિરો, કવિસંમેલન... શું શું છે એમ ન પૂછો, શું નથી ?! કુમારપાળભાઈના શબ્દોમાં, કોઈ પણ વ્યક્તિ યોજના લઈને આવે, અમે ના પાડતાં શીખ્યા જ નથી ! ધીરુબહેન પટેલ જેવાંએ તો કોશને જ પોતાનું ઘર બનાવી દીધેલું ! 'વિશ્વા' દ્વારા બહેનોનાં કાર્યો. આ સર્વ કાર્યના આત્મા સમા કુમારપાળ દેસાઈની આટલી વયે પણ સક્રિયતા ને સતત હાજરીની હૂંફ સમગ્ર ટીમને બળ પૂરે.

આ કબીરવડ તો અનેક વડવાઈઓથી વિસ્તર્યો છે, વિસ્તરતો જ રહેશે.

## મહિમાવંતો જ્ઞાનયજ્ઞ

**વસંત ગઢવી**

(આઈ.એ.એસ. નિવૃત્ત અધિકારી, રાજ્યસરકારમાં અનેક ઉચ્ચ હોદ્દા ધરાવનાર અધિકારી, લોકસાહિત્યના મર્મજ્ઞ તથા કૉલમ લેખક)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એ માત્ર અમદાવાદની નહિ, પરંતુ સમગ્ર ગુજરાતની સર્વગ્રાહી ઓળખ બન્યું છે. પુણ્યશ્લોક ધીરુભાઈ ઠાકર જેવા સમર્થ સારસ્વતને સાંકળચંદ પટેલ તથા પૂજ્ય શ્રીમોટાની હૂંફ મળે ત્યારે એક ઐતિહાસિક કાર્યનો મજબૂત પાયો નાખવામાં આવે છે. ગુજરાત સરકારના પણ સમયસરના સહયોગથી આજે વિશ્વકોશ ટ્રસ્ટ વટવૃક્ષ સમાન બન્યું છે. અઢી દાયકાની તેની સાતત્યપૂર્ણ સફરને કારણે અનેક લોકો જોડાયા તેમ જ અનેક લોકો લાભાન્વિત થયા છે. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ થયેલાં ઐતિહાસિક કાર્યોમાં વિશ્વકોશની ગણના સહેજે કરી શકાય તેવી છે. ધીરુભાઈએ પ્રગટાવેલા પાવક યજ્ઞની કુમારપાળભાઈ જેવા લોકો સતત માવજત કરી રહ્યા છે. દિવસે દિવસે આ પવિત્ર કાર્યની પહોંચ તથા મહિમા વધતાં જાય છે. એના ઊજળા ભવિષ્યનું મનોહર દર્શન થાય છે.

## ગુજરાતના સંસ્કારજીવનની સમૃદ્ધિનું સંવર્ધન

**અનિલા દલાલ**

(વિવેચક, અનુવાદક, અંગ્રેજીનાં અધ્યાપિકા, રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્રના સાહિત્યના અનુવાદક)

વિશ્વકોશ ટ્રસ્ટનો પ્રારંભ થયો તેના થોડા સમયમાં મારે પૂ. ધીરુભાઈને મળવાનું અને અધિકરણ લેખનપ્રવૃત્તિમાં જોડાવાનું થયેલું. એક નાના, અતિ સામાન્ય મકાનમાં આ પ્રવૃત્તિ શરૂ થયેલી. આજે વિશ્વકોશના વિશાળ અને પ્રવૃત્તિઓથી ધમધમતા સ્થળને જોતાં પૂ. ધીરુભાઈ અને તેમના સહકાર્યકરોની ઉચ્ચધ્યેય પ્રત્યેની એકનિષ્ઠા અને દૃઢ

સંકલ્પશક્તિ માટે ઊંડા આદરનો ભાવ ઉદ્‌ભવે છે. ધીરે ધીરે ડૉ. કુમારપાળભાઈના માર્ગદર્શન હેઠળ વિવિધ વિદ્યાશાખાઓ અને કલાક્ષેત્રોની પ્રવૃત્તિઓની ક્ષિતિજો વિસ્તરી છે. ભિન્ન ભિન્ન વિશિષ્ટ પ્રતિભા તથા ક્ષમતા ધરાવનાર અનેકોને પોતાને અભિવ્યક્ત કરવા અને વિકાસ સાધવા વિશ્વકોશે કેટલી બધી તકો અને મોકળાશ સંપડાવી છે ! ગુજરાતના સંસ્કારજીવનને સમૃદ્ધ કરવામાં વિશ્વકોશનું પ્રદાન બહુ મૂલ્યવાન છે. અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. પ્રગતિની દિશા આમ જ આપણી સંસ્કૃતિને જીવંતતા અર્પતી રહે.

## મહેનત અમારી, ફળ લોકોનાં

**દીપક મહેતા**

(વિવેચક, અનુવાદક અને અગ્રણી સંશોધક)

ચાર દાયકાની સફર

આ તો બીજમાંથી ફૂટી છે ડાળ,
એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ચાર દાયકાની સફર પૂરી કરી રહ્યું છે ત્યારે સહજ રીતે જગદીશ જોશીની આ કાવ્યપંક્તિઓ યાદ આવી ગઈ. બીજી એક સંસ્થાએ વાપરવા આપેલી તેની ભોજનશાળાના મકાનમાં વિશ્વકોશનું બીજ વવાયું. ત્યારે તો નજર સામે એક જ આદર્શ હતોઃ ગુજરાતી ભાષામાં એનસાઇક્લોપીડિયાની ખોટ છે તે પૂરી કરવી. અનેક વિદ્વાનો અને સંયોજકોની બાવીસ વરસની મહેનતને પરિણામે ડાળ પર આવ્યાં ૨૬ ફૂલ, ગુજરાતીના પહેલા સંપૂર્ણ વિશ્વકોશના ૨૬ ગ્રંથોનાં. ધાર્યું હોત તો સંચાલકો કહી શક્યા હોતઃ ‘ઇતિ સિદ્ધમ્.’ હવે અમે અમારે ઘેર જઈએ, ભાઈ રામ રામ છે.’

પણ ના. એક-એક પાંદડીમાં સાહિત્ય, ઇતિહાસ, ધર્મ, રાજકારણ, સમાજશાસ્ત્ર, નારીવાદ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર વગેરેનાં પાતાળ પ્રગટ થતાં રહ્યાં, સતત પ્રગટ થતાં રહે છે. અનેક વિષયોના જાહેર કાર્યક્રમો, પુસ્તકો અને સામયિકોનું પ્રકાશન, સંગ્રહસ્થાન, પુસ્તકાલય, રેકૉર્ડિંગ સ્ટુડિયો, સતત કશુંક નવું ઉમેરાતું જ રહે. મહેનત અમારી, ફળ લોકોનાં - એ ન્યાયે વિશ્વકોશ, પુસ્તકો, સામયિકો, કાર્યક્રમોના રેકૉર્ડિંગ, બધું જ લોકોને સુલભ કેમ બનાવવું એનો પ્રયત્ન - એટલે ઘણું બધું ઇન્ટરનેટાધીન કરવાનું. સંસ્થા સ્થગિત ન થઈ જાય, સતત વહેતી રહે એ અંગે સંચાલકોની કાયમની ખેવના.

આવી એક બહુમુખી સંસ્થા ગુજરાત પાસે છે એનો આનંદ છે, એનો ગર્વ છે.

# સમાજોત્કર્ષ કરતી જ્ઞાનપરબ

**નરેશ વેદ**
(પૂર્વકુલપતિ, ગુજરાત અને ભાવનગર યુનિવર્સિટી તથા
ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી)

તમે ગુજરાતની એવી કોઈ સંસ્થા વિશે જાણો છો જે વિદ્યા-જ્ઞાન-વિજ્ઞાનના સર્જન, વિસ્તરણ, પ્રચાર અને પ્રસાર માટે નિરંતર -

૧. જ્ઞાનકોશો, પુસ્તકો અને વ્યાખ્યાનો યોજતી હોય,
૨. ગોષ્ઠિઓ, પ્રવચનો અને વ્યાખ્યાનો યોજતી હોય,
૩. કાર્યશિબિરોનું આયોજન કરતી હોય,
૪. બહેનો, બાળકો, કિશોરો અને વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિઓ-સ્પર્ધાઓ યોજતી હોય,
૫. સોશિયલ મીડિયા પર ઈ-બુક પ્રસારિત કરતી હોય,
૬. ચંદ્રકો, પારિતોષિકો અને ઍવૉર્ડ્સ આપી લોકોને એપ્રીસિયેટ કરતી હોય ?

તો સૌની જાણ માટે કે એ સંસ્થા છે ઉસ્માનપુરા, અમદાવાદમાં આવેલી ગુજરાત વિશ્વકોશ.

૧. આ સંસ્થાએ ગુજરાતી વિશ્વકોશ, બાળવિશ્વકોશ, સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ, બૃહદ્ નાટ્યકોશ, પરિભાષાકોશ પ્રગટ કર્યા છે.
૨. કળા, સાહિત્ય, શિક્ષણ, ધર્મ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને લોકસંસ્કૃતિ જેવા વિષયો વિશે એકસો અગિયાર પુસ્તકો પ્રકાશિત કર્યાં છે.
૩. આ સંસ્થા દ્વારા 'વિશ્વવિહાર', 'વિશ્વા' અને 'ગુર્જરી ડાયજેસ્ટ' નામક ત્રણ સામયિકો પ્રગટ થાય છે.
૪. પિસ્તાળીસ લાખથી વધુ શબ્દો ધરાવતો 'ગુજરાતી લૅક્સિકન' ઑનલાઈન ઉપલબ્ધ કરાવી આપ્યો છે.
૫. હસ્તપ્રતવિદ્યા, પ્રૂફરીડિંગ, રોબૉટિક્સ, સર્જનાત્મક લેખન વગેરે વિષયો પર કાર્યશિબિરોનું આ સંસ્થા સતત આયોજન કરતી રહે છે.
૬. મહિલાઓની શક્તિઓનો સદુપયોગ કરવા અને બાળકોની સુષુપ્ત શક્તિઓ ખીલવવા વક્તૃત્વ, નિબંધ, નાટક, અભિનય, ક્વિઝ જેવી સ્પર્ધાઓનું સતત આયોજન કરતી રહે છે.
૭. બાળ-કિશોરો અને પ્રૌઢો માટે ત્રણ કેન્દ્રો ચલાવે છે.
૮. દસ જેટલાં માન-સન્માન અને ઇનામ-અકરામો યથાયોગ્ય વ્યક્તિઓને આપીને એમને વિભૂષિત કરે છે.

સવ્યસાચી સારસ્વત સ્વર્ગસ્થ ડૉ. ધીરુભાઈ ઠાકરના પ્રયત્નો, કર્મવીર સાંકળચંદભાઈ પટેલના આર્થિક સહયોગ, સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈ જેવા સવ્યસાચી સંચાલક, ગુજરાતના પ્રથિતયશ મહાનુભાવ ટ્રસ્ટીઓ, અનેક વિષયના

તજ્જ્ઞ વિદ્વાનો, વક્તાઓ, વિશેષજ્ઞો અને કર્મઠ કર્મચારીઓ દ્વારા આ સંસ્થાએ છેલ્લા ચાર દાયકામાં જે યોગદાન આપ્યું છે એ અત્યંત નોંધપાત્ર છે. નૉલેજ કૅપિટાલિઝમના આ જમાનામાં ગુજરાત અને એની પ્રજા પાછળ ન રહી જાય એની ચિંતા અને ખેવના રાખીને માદરે વતન અને માતૃભાષા માટે જે કાર્ય કર્યું છે, તે અનન્ય અને સરાહનીય છે.

આ સંસ્થા એના અસ્તિત્વના ચાર દાયકા પૂર્ણ કરી પાંચમા દાયકામાં પ્રવેશ કરે છે, ત્યારે તે વિકાસ અને પ્રગતિનાં અનેક સોપાનો સર કરે એવી ગુજરાતના શિક્ષિત અને દીક્ષિત સમાજવતી હું અભ્યર્થના અને શુભેચ્છા વ્યક્ત કરું છું.

## શૂન્યને વ્યાપક બનાવતું સંસ્થાન

**ભદ્રાયુ વછરાજાની**

(શિક્ષણવિદ, સંશોધક, કૉલમલેખક અને અનેકવિધ વ્યક્તિત્વોનાં ઈન્ટરવ્યૂ લેનાર એક ઊંડા અભ્યાસી)

વિશ્વકોશનો એક અર્થ બંને શબ્દોને અલગ પાડીને પણ આપણે કરી શકીએ. વિશ્વ એટલે વ્યાપક અને કોશ એટલે આપણો નાનામાં નાનો અંશ. આમ, નાનામાં નાના અંશને વ્યાપક રીતે અસ્તિત્વ સમક્ષ રજૂ કરનાર કોઈ હોય તો તે વિશ્વકોશ છે. ચાળીસ વર્ષ પહેલાં ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરે એવું એક સંસ્થાન શરૂ થયું, જેને આપણે સૌ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ કહીએ છીએ.

આપણી માતૃભાષા માટે એક વિરલ સ્વપ્ન જ્યારે વંદનીય શ્રી ધીરુભાઈ ઠાકરને આવ્યું ત્યારે તે સ્વપ્નને સાકાર કરવામાં અજ્ઞાત રીતે એવા દાનવીરનો સહયોગ મળ્યો કે એમણે આજે એક યુનિવર્સિટી કક્ષાનું કાર્ય કરી રહેલ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને સ્થાયી બનાવવામાં મદદ કરી. અથાગ પ્રયત્નો થયા અને અથાગ પ્રયત્નો થઈ પણ રહ્યા છે. શ્રદ્ધેય ધીરુભાઈ તથા તેમના અનુગામી તરીકે સમર્થ સાક્ષર શ્રી કુમારપાળભાઈ દેસાઈ દ્વારા એવું માળખું રચાયું છે કે, જે દ્વારા વર્ષો સુધી ગુજરાતી ભાષા એટલે કે આપણી માતૃભાષાનું સંવર્ધન થતું રહેવાનું છે.

માતૃભાષાના એક સંતાન તરીકે આનાથી વધુ આનંદ અને ગૌરવ બીજું શું હોઈ શકે ? મારા શબ્દોને આ ગૌરવ માટે હું અર્પણ કરું છું.

કેટલા કોશો બહાર પડ્યા, કેટલા ઑનલાઈન થયા, કેટલા શબ્દકોશોનો દેહ ઘડાયો એ તો ગણતરીમાં લેવું મુશ્કેલ છે, પરંતુ સાથોસાથ વિશ્વકોશ દ્વારા માત્ર ગ્રંથલક્ષી કાર્યક્રમોને બદલે સમાજ સુધી પહોંચી શકાય એ માટે ઍવૉર્ડ્સ આપવાની શરૂઆત થઈ, વિવિધ સ્મૃતિઓમાં મળેલ દાનમાંથી રસપ્રદ વ્યાખ્યાનોની શ્રેણીનું આયોજન થયું અનેક ભાવકો સુધી વિશ્વકોશ પહોંચી શકે એટલે ટૂંકું અને ટચૂકડું એવું 'વિશ્વવિહાર' સતત પ્રદાન કરતું રહ્યું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એક એવું સંસ્થાન બન્યું કે જેની નોંધ વિશ્વસ્તરે લેવામાં આવી રહી છે. આપણી યુનિવર્સિટીઓ અને તેનાં ગુજરાતી ભાષાભવનો ગુજરાતી ભાષાનું શૈક્ષણિક કાર્ય કરે છે, પરંતુ ગુજરાતી ભાષાના મૂળ સુધી પહોંચવાનું શક્ય બન્યું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ થકી. વિશ્વકોશ ગુજરાતી ભાષાના મૂળ સુધી આપણને લઈ જાય છે અને વિશ્વની કોઈ પણ ઘટના, પદાર્થ કે હકીકત ક્યાંથી કેવી રીતે ઉદ્ભવી તેના છેડા સુધી આપણને મૂકી આપે છે.

તેથી જ તો મેં શરૂઆતમાં કહ્યું તે પ્રમાણે, એક શૂન્યને વ્યાપક કરી આપવાનું કામ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ કરી રહેલ છે.

મને બહુ સ્પર્શે છે ગુજરાત વિશ્વકોશનું પેલું સુંદર મજાનું સંસ્થા ગીત. સિગ્નેચર ટ્યૂન જેવું આરંભ ગીત આપણા સાહિત્યકાર અને ગુજરાત વિશ્વકોશમાં જેમણે પોતાનાં છેલ્લાં વર્ષો ગાળ્યાં તેવા શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ દ્વારા લખાયેલ આપણા વિશ્વકોશનું એ રાષ્ટ્રગીત અદ્વિતીય છે. એ ગીતને આપણે સારી રીતે સમજી શકીએ તો વિશ્વકોશની પ્રવૃત્તિઓને પણ સારી રીતે જાણી શકીએ.

અર્ધશતાબ્દી અને પછી અમૃત-મહોત્સવ...એમ આ સંસ્થાન ભદ્ર આયુ સુધી પ્રદાન કરતું રહે તેવી પ્રાર્થના સાથે પ્રણામ.

## વિશ્વકોશનું વૈશ્વિક પ્રદાન

**રમણિક ઝાપડિયા**

(કલામર્મજ્ઞ અને સૂરતના કલાતીર્થ ટ્રસ્ટના પ્રમુખ
કલા-સંસ્કૃતિના ગ્રંથોના સર્જક અને સહયોગી)

ગુજરાત વિશ્વકોશ ચાર દાયકાની સફર પૂર્ણ કરે છે, તે જાણીને ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. ચાર દાયકાનો યુગ એ મારે મન ચાર વેદ જેટલો અર્થપૂર્ણ સાબિત થયો છે. ગુજરાત વિશ્વકોશ એ માત્ર ગુજરાતની સંસ્થા ન રહેતાં વૈશ્વિક ફલક પર ખૂબ મોટું કામ કરીને વૈશ્વિક સંસ્થા બની છે. ગુજરાત વિશ્વકોશના અનેક પ્રકલ્પો થકી ગુજરાતી ભાષાનું જતન અને સંવર્ધન કરવામાં વિશ્વકોશનું પ્રદાન વૈશ્વિક રહ્યું છે. જેનો સંપૂર્ણ યશ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ફાળે જાય છે. કુમારપાળભાઈની દીર્ઘદૃષ્ટિ અને સંપૂર્ણ સમર્પિત જીવન એ ગુજરાત વિશ્વકોશની પ્રગતિનો સરવાળો છે. અનેક સાહિત્યકારો, લોકસાહિત્યના મરમીઓ, કલાકારો, ચિત્રકારો, ઇતિહાસવિદો અને પુરાતત્ત્વવિદો માટે ગુજરાત વિશ્વકોશ સંસ્થા શ્રદ્ધાકેન્દ્ર બની છે. ગુજરાત વિશ્વકોશના રંગમંચ થકી અનેક સાધકોને નવી ઓળખ મળી છે, વિશિષ્ટ સન્માનો થકી અનેક સાધકો ગૌરવવંતા બન્યા છે તેનો સંપૂર્ણ શ્રેય વિશ્વકોશના ફાળે જાય છે. શૈક્ષણિક, રોજગારલક્ષી પ્રવૃત્તિઓ અને આત્મનિર્ભર તરફ લઈ જવાની પહેલ એ ગુજરાત વિશ્વકોશની કર્મઠતાનો પુરાવો છે. કુમારપાળભાઈ, વિદ્વાનો અને કાર્યકર્તાઓની અથાગ મહેનત

સાચા અર્થમાં રંગ લાવી છે. સમગ્ર ટ્રસ્ટીગણને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન આપતાં રાજીપો અનુભવું છું. આવનારા દિવસોમાં અનેક પ્રકલ્પો થકી ગુજરાત વિશ્વકોશ ગુજરાતની વિકાસગાથા બને તેવી શુભેચ્છા...

## સેવા અને સમર્પણનો જીવંત પુરાવો

**અજય ઉમટ**

('નવગુજરાત સમય' અને 'અમદાવાદ મિરર'ના ગ્રૂપ એડિટર,
અગ્રણી રાજકીય સમીક્ષક અને કૉલમ-લેખક)

વિશ્વભરમાં જ્ઞાનના ખજાના માટે Encyclopedia Britannica બહુ જ જાણીતું નામ છે. ગુજરાતી પ્રજાનો પોતાનો 'વિશ્વકોશ' હોવો જોઈએ, એ પણ ગુજરાતી ભાષામાં - એવો વિચાર કોઈને સ્ફુરશે ? આ પ્રશ્ન એમ. એસ. યુનિવર્સિટીના અભ્યાસના દિવસો દરમિયાન મને વારંવાર થયો. અચાનક, બીજી ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ સમાચાર મળ્યા કે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ છે - આ ખૂબ આનંદની ક્ષણો હતી. આ ભગીરથ કાર્યમાં શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ અને શ્રી સાંકળચંદભાઈ પટેલની ઉદારતા, સારસ્વત શ્રી ડૉ. ધીરુભાઈ ઠાકરનું દૂરંદેશીપણું અને ડૉ. કુમારપાળભાઈ દેસાઈની નિષ્ઠાનો ત્રિવેણીસંગમ થયો, જેના પરિણામ સ્વરૂપ આજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ચાર દાયકા(૧૯૮૫-૨૦૨૫)ની ઐતિહાસિક સફરે અનેક માઈલસ્ટોન હાંસલ કર્યા છે.

આજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી વિશ્વકોશ - ગુજરાતી પ્રજાની ઓળખનો પર્યાય બની ગયાં છે. ગુજરાતી વિશ્વકોશમાં ફક્ત માહિતી સંગ્રહિત થઈ નથી, પરંતુ ગુજરાતી ભાષાનો જ્ઞાનરૂપી પ્રાણ છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ ગુજરાતી ભાષા બોલતી વર્તમાન અને આવનારી પેઢી વચ્ચેનો એક સેતુ બની રહી છે. આ ચાળીસ વર્ષ ફક્ત સમય-કાળ નથી, પરંતુ સેવા અને સમર્પણનો જીવંત પુરાવો છે. ગુજરાતી ભાષાને સાહિત્યિક, સામાજિક અને વૈજ્ઞાનિક સ્પર્શ આપવાનું મહાન કાર્ય ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કર્યું છે.

ગુજરાતી વિશ્વકોશ, બાળવિશ્વકોશ અને અન્ય કોશોનાં પૃષ્ઠો પરના દરેક દરેક લેખ જ્ઞાનની જ્યોત સમાન છે. વિવિધ ગ્રંથશ્રેણીઓ માનવવિદ્યાના અભ્યાસુઓ અને રસિકો માટે દીવાદાંડી સમાન છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'વિશ્વવિહાર', 'ગુર્જરી ડાયજેસ્ટ' અને 'વિશ્વા' - આ ત્રણેય સામયિકો નવ્ય જ્ઞાનની મહેક પ્રસરાવી રહ્યાં છે. વિવિધ વ્યાખ્યનાશ્રેણીઓમાં વિદ્વાન વક્તાઓ આગવા દૃષ્ટિકોણની સાથે જ્ઞાનગંગા વહેવડાવી રહ્યા છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અગિયાર જેટલાં ઍવૉર્ડ-પારિતોષિક-ચંદ્રકો થકી અસ્મિતા અને પ્રભુતાનો ધ્વનિ બુલંદ કરનારાઓને સુશોભિત કરવામાં આવે છે, જેનો ખૂબ મહિમા છે.

એક રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે સમયની સાથે ચાલીને ગુજરાતીભાષી પ્રજાને એક નવો શ્વાસ આપ્યો છે. ગુજરાતની ઓળખનો એક સ્વર જન્મ્યો છે, તેમ કહીએ તો ખોટું નથી. સૌથી મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે આ ભગીરથકાર્ય મૂલ્યોના જતન સાથે પાર પાડ્યું છે. પરંપરા અને આધુનિકતાનો સમન્વય કરીને જ્ઞાનગંગોત્રીની ધારાને વહેતી રાખનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોગદાન આપનાર સૌને પ્રણામ કરું છું.

## જ્ઞાનનો એક નોખો ઇતિહાસ

**પ્રવીણ દરજી**

(ગુજરાતી સાહિત્યના અગ્રણી નિબંધલેખક, વિવેચક અને સેવાભાવી પ્રવૃત્તિના સહયોગી)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એના ચાર દાયકાની દડમજલ પૂરી કરે છે, ત્યારે તેને અભિનંદન પાઠવતાં અનેરી અનુભૂતિ થઈ રહે છે.

વિશ્વકોશ ટ્રસ્ટ આજે ગુજરાતી સાહિત્ય-સંસ્કાર-સંસ્કૃતિ અને કલાનું સાચું સરનામું બન્યું છે. ગુજરાતી વિશ્વકોશ, અન્ય કોશ, ગ્રંથશ્રેણીઓ, ગુજરાતી લૅક્સિકન, પ્રત્યક્ષ - ઑનલાઇન વ્યાખ્યાનો, માતૃભાષા સંવર્ધન, કાર્યશિબિરો, નારીચેતનાને વાચા આપતું 'વિશ્વા' ઉપરાંત પારિતોષિકો તેમજ 'વિશ્વવિહાર' જેવું સમૃદ્ધ માસિક વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓથી ધબકતું તે એક તીર્થ બન્યું છે.

ગુજરાતના સાક્ષર ડૉ. ધીરુભાઈ ઠાકરે વિશ્વકોશના પ્રણેતા-સંસ્થાપક રૂપે તેને અંકુરિત કરી ઘેઘૂર વૃક્ષ બનાવ્યું તો છેલ્લાં વર્ષોમાં સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ એ વૃક્ષને નવા આયામો વડે શાખા-પ્રશાખાઓ સમેત પુષ્પિત કરીને ચોતરફ તેની મહેક ફેલાવી છે.

વિદ્યાપ્રેમી દાતાઓ, જ્ઞાનસમર્પિત વિદ્વાનો - સંતો તેમજ ટ્રસ્ટના મહાનુભાવો સાથે તેનું સેવાવૃંદ - એ સૌએ ગુજરાતી પ્રજા સદા ગૌરવ લઈ શકે તેવો જ્ઞાનનો એક નોખો ઇતિહાસ રચી આપ્યો છે. આ વિરલ પળે તે સૌને અંતઃકરણપૂર્વકના ધન્યવાદ ઘટે છે.

## વણલોભી ને કપટરહિત છે

**ઉદયન ઠક્કર**

(ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિ, લેખક અને અનુવાદક)

વાંચેલી કે સાંભળેલી વાત નહિ કરું, જોયેલી ને જાણેલી જ વાત કરીશ. ૧૯૯૨માં લંડન ખાતે ગુજરાતી સાહિત્ય અકાદમી (યુ.કે.) દ્વારા યોજાયેલા ધીરુભાઈ ઠાકરના સન્માન સમારંભમાં હું ઉપસ્થિત હતો, તે દિવસે તેમણે સદ્યપ્રકાશિત વિશ્વકોશના એક ભાગનું સૌને દર્શન કરાવ્યું હતું. યજ્ઞકુંડની સુવાસ દરિયાપાર ફેલાતી જતી હતી.

વિશ્વકોશ સંપાદિત થયો તે સોનું, પણ સોનામાં સુગંધ ત્યારે ભળી જ્યારે તે ઑનલાઇન મુકાયો. છેલ્લાં કેટલાંક વર્ષથી હું નિયમિત ઑનલાઇન લૅક્સિકન વાપરું છું. તેના ફાયદા બેઃ એક તો મોબાઈલમાં તરતોતરત જોઈ લેવાય અને બીજું કે જૂનો જોડણીકોશ ખોલવાથી ઊડતી બુકડસ્ટથી મને છીંકો આવે છે.

દસેક વર્ષ પહેલાં વિશ્વકોશની ઑફિસે આવવાનું થયેલું. કુમારપાળભાઈએ કોઈ દાતાના પ્રસ્તાવને વિનયપૂર્વક નકારતાં કહેલુંઃ અત્યારે ભંડોળ પૂરતું છે. નરસૈંયાએ કલ્પેલા 'વણલોભી ને કપટરહિત' વૈષ્ણવજનો આવા જ હશે.

વિશ્વકોશના જૂના સભાખંડમાં અને પછી નવા સભાખંડમાં પણ કાર્યક્રમોમાં હાજર રહ્યો છું. ઈયળમાંથી પતંગિયું!

સંસ્થા આખરે તો માનવોની ઊર્જાથી સંચરિત થાય છે. આવનારા દાયકાઓમાં વિશ્વકોશને આવા જ ઉત્તમ માનવો મળતા રહો.

## અમૂર્ત જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ

**રંજના હરીશ**

(લેખિકા, અનુવાદક, ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજી વિભાગનાં પૂર્વઅધ્યક્ષ અને મહિલા સશક્તીકરણના કાર્યમાં આગવું યોગદાન આપનાર)

'વિચાર નામક પલ્લવિત વૃક્ષની કળી એટલે ભાષા અને તે કળીનું કાર્યક્ષમતા દ્વારા સર્જાતું નક્કર રૂપ એટલે એ વૃક્ષનું ફળ.'

ગુજરાત વિશ્વકોશના સંદર્ભે મેં જ્યારે પણ વિચાર્યું છે ત્યારે મને અમેરિકન સાહિત્યના ઋષિતુલ્ય સાહિત્યકાર રાલ્ફ વાલ્ડો ઈમર્સનના ઉપરોક્ત શબ્દો સ્મર્યા છે. પૂજ્ય ધીરુભાઈ ઠાકરસાહેબ તથા આદરણીય કુમારપાળભાઈના અમૂર્ત વિચારનું મૂર્ત રૂપ એટલે ગુજરાત વિશ્વકોશ. ગુરુશિષ્યની આ જોડીના સહિયારા સ્વપ્નને ગુજરાત રાજ્ય સરકારની ઉદારતા, સાહિત્યકારોનું સમર્થન-સહકાર તથા ગુજરાતીઓનો ઉમળકાભર્યો આવકાર સાંપડ્યો. પરંતુ માત્ર ઔદાર્ય, સમર્થન કે આવકારથી આવું વિરાટ સ્વપ્ન ક્યાં સાકાર થાય ! ગુરુ-શિષ્યની આ જોડીની કર્મઠતાની જાદુઈ લાકડીના સ્પર્શે તેમનું સ્વપ્ન મૂર્ત થયું. ગુજરાત વિશ્વકોશ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજ્યસભાના તત્કાલીન સ્પીકર સ્વ. શ્રી સોમનાથ ચેટર્જીની અધ્યક્ષતામાં આઈ.આઈ.એમ. ખાતે યોજાયેલ સમારંભમાં મેં પ્રાર્થના તેમજ શાંતિપાઠ કર્યાનું સ્મરે છે.

ગુજરાતી ભાષાના સંવર્ધનને વરેલ અને વિશ્વભરની જ્ઞાનગંગોત્રીને ગુજરાતી ભાષામાં ઉતારી લાવવા પ્રયત્નશીલ વિશ્વકોશના ભગીરથ જ્ઞાનયજ્ઞમાં અગણિત વિદ્વાનોએ જ્ઞાનદાન આપ્યું. જેનો પુરાવો છે વિશ્વકોશના છવ્વીસ ગ્રંથોનું પ્રકાશન. આ ઉપરાંત બાળવિશ્વકોશ, પરિભાષાકોશ, નારીકોશ જેવા અનેક કોશો તથા વિવિધ ગ્રંથશ્રેણીઓનું પ્રકાશન. વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠતાના ઍવૉર્ડ, સ્પર્ધાઓ, સ્મૃતિ વ્યાખ્યાન-

શ્રેણીઓ, તેમજ સામયિકો જેની ગુણવત્તાએ આ સંસ્થાને વિશ્વભરના શ્રેષ્ઠીઓ તથા ભાવકોમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું છે.

ગુજરાત વિશ્વકોશ જેવી ગૌરવવંતી સંસ્થાના મુખ્ય સ્તંભ સમા મુરબ્બી શ્રી કુમારભાઈની મૈત્રીના તાંતણે આ સંસ્થા સાથે સતત જોડાણ રહ્યું તેનો આનંદ છે.

બે સ્વપ્નદ્રષ્ટાઓના સ્વપ્નના મૂર્ત રૂપ સમા ગુજરાત વિશ્વકોશને તેના ચાર દાયકાની યશસ્વી યાત્રા માટે હૃદયથી અભિનંદન અને શુભેચ્છાઓ.

## પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગોને હૂંફ આપનાર સંસ્થા

**ભૂષણ પુનાની**

(અંધજન મંડળ(ભારત)ના જનરલ સેક્રેટરી, સંસ્થાના વિકાસમાં
અદ્વિતીય ફાળો આપનાર, સેવાપરાયણ વ્યક્તિ)

**જસુભાઈ કવિ**

(દિવ્યાંગો માટે અથાગ પ્રયત્નો કરનાર, અંધજન મંડળની શાળાના
આચાર્ય તથા રાહ ફાઉન્ડેશનના ટ્રસ્ટી)

ગુજરાતની અને ગુજરાતી ભાષાની અસ્મિતા અને વૈભવની તથા વૈશ્વિક જ્ઞાન અને માહિતીને વિશ્વકોશ ગ્રંથશ્રેણી દ્વારા ગુજરાતીમાં અવતારવાનું ભગીરથ કાર્ય સંપન્ન કરી, સાંપ્રત સમયમાં જ્ઞાન, માહિતી, સંસ્કૃતિ અને સામાજિક ચેતનાનું સંવર્ધન કરતી, અને ગુજરાતનું ગૌરવ બની રહેલી વિશ્વકોશની યાત્રાને આગામી ડિસેમ્બરમાં ચાર દાયકા પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતના પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ ભાઈ-બહેનો વતી આનંદ અને ગૌરવ સાથે આપને અને વિશ્વકોશ પરિવારને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

વિશ્વકોશની આ યાત્રા અમારે માટે વિશેષ આનંદ અને ગૌરવનો વિષય એટલા માટે બને છે કે કુમારપાળભાઈના નેતૃત્વમાં વિશ્વકોશનો મંચ પ્રજ્ઞાચક્ષુઓ અને દિવ્યાંગ ભાઈ-બહેનોના અવાજને, એમની ક્ષમતા અને સિદ્ધિઓને જનસમુદાય સુધી પહોંચાડવાનું સક્રિય અને સકારાત્મક માધ્યમ બની રહ્યો છે. જેમ કે,

- બાળકો માટેના બાળવિશ્વકોશની ગ્રંથશ્રેણીનું ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બ્રેઇલ લિપિમાં રૂપાંતર કરીને ગુજરાતની પ્રાથમિક શાળાઓ સુધી પહોંચાડવાના અભિયાનમાં વિશ્વકોશનું નેતૃત્વ અગ્રેસર રહ્યું છે.
- પ્રજ્ઞાચક્ષુઓ માટે ગુજરાત વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર'નું શ્રાવ્ય સ્વરૂપે રૂપાંતર કરવાનું અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો સામયિકોની દુનિયામાં પ્રથમ સફળ પ્રયોગ રહ્યો છે.
- પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોના વિવિધ કલાઉન્મેષોને - જેવાં કે કવિતા, નાટક, વક્તૃત્વ, સર્જનપ્રક્રિયા અને માતૃભાષાના પ્રશિક્ષણ જેવા વિશિષ્ટ પ્રકલ્પોમાં

વિશ્વકોશના શ્રેષ્ઠ પ્રયોગો અને પ્રયાસો રહ્યા છે - આ પ્રકારના વિશ્વકોશના પ્રયાસોએ દિવ્યાંગજનોના સંમિલિત સમાજના નિર્માણમાં બહુ મોટો ફાળો આપ્યો છે.

- પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ અને જીવનઘડતરને સ્પર્શતા પુસ્તક 'જીવનશિક્ષણ'નું પ્રકાશન તથા ડૉ. પ્રીતિ શાહના 'આત્મબળને અજવાળે' જેવા પુસ્તકને ઓડિયો બુક તરીકે મૂકવામાં સહયોગ મળેલ છે.
- પ્રજ્ઞાચક્ષુઓ માટે યોગશિબિરનો એક અનોખો પ્રયોગ વિશ્વકોશ દ્વારા થયો. ૩૦ જેટલી પ્રજ્ઞાચક્ષુ બહેનોને બોલાવીને યોગશિક્ષિકા ભારતી મિસ્ત્રી દ્વારા કેમ ટટ્ટાર બેસવું, કેમ ઊભાં રહેવું તથા કેવી રીતે જુદાં જુદાં આસનો કરવાં તે શિખવાડવામાં આવ્યું. આમાં ત્રણ પ્રજ્ઞાચક્ષુ બહેનોને એક કોચ રાખીને આ તાલીમ આપવામાં આવી. આનું ઘણું ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું. એ બહેનોએ લખ્યું કે, 'એમનામાં એક પ્રકારનો આત્મવિશ્વાસ જાગ્યો, શરીરમાં સ્ફૂર્તિનો અનુભવ થયો અને જુદાં જુદાં આસનો શીખવા મળ્યાં.'

આ અને આવા વિવિધ આયામો થકી વિશ્વકોશે છેલ્લા ચાર દાયકાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રજ્ઞાચક્ષુઓના સર્વગ્રાહી વિકાસમાં અંધજન મંડળને હૂંફ, હિંમત અને માર્ગદર્શન આપ્યું છે તેના ઋણસ્વીકાર સાથે આજે વિશ્વકોશ ટ્રસ્ટ તેની સ્થાપનાના ચાર દાયકા પૂરા કરી રહ્યું છે ત્યારે ગુજરાતનાં બધાં જ નાગરિક ભાઈ-બહેનો અને પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગજનો વતી વિશ્વકોશને તથા આપને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

## આવનારી પેઢી આભારી રહેશે

**હેમંત વાળા**

(આર્કિટેક્ટ, ઇન્ટિરિયર ડિઝાઇનર, સ્થાપત્ય વિશેના લેખો લખનાર, કાર્યશિબિરના આયોજક)

કહેવાય છે કે પાંચ બાબતો કોઈ પણ કાર્યની સફળતાને નિર્ધારિત કરે; સમય અને સ્થાન, કર્તા, જુદી જુદી પ્રક્રિયા, પ્રાપ્ય સંસાધનો અને દૈવ. વિશ્વકોશની અકલ્પનીય સફળતા અને સ્વીકૃતિ માટે પણ આ બાબતો જ કારણભૂત રહી છે. જ્યારે વિશ્વકોશ જેવી પ્રવૃત્તિની સૌથી વધુ આવશ્યકતા ઊભી થઈ તે 'સમયે' આયોજન વ્યવસ્થિત રીતે થઈ શકે તેવા 'સ્થાને' આ યજ્ઞ શરૂ થયો. 'કર્તા' તરીકે વિશ્વકોશને વિષયજ્ઞ, કર્મયોગી, નિષ્ઠાવાન, સાક્ષર, ઉત્તરદાયિત્વ નિભાવવા સમર્થ એવા ખંતીલા, દ્રષ્ટા તથા સમજુ સહયોગી મળ્યા. અધિકરણની પ્રાથમિક સૂચિ તૈયાર કરવાથી શરૂ કરીને છપાઈકામ સુધીની પ્રત્યેક 'પ્રક્રિયા' સ્પષ્ટતા, સચોટતા અને સંતુલિત રીતે સંપન્ન થઈ. દરેક વિષયજ્ઞ અને આયોજક દ્વારા 'સંસાધન' તરીકે પ્રત્યેક સમય, સંપત્તિ અને માહિતી સ્રોતનો અસરકારક અને લક્ષ્ય નિર્ધારિત ઉપયોગ થયો.

કહેવાય છે કે હેતુમાં શુદ્ધતા હોય, નિસ્વાર્થ ભાવના હોય, સામાજિક ધર્મ સમાન ઉત્તરદાયિત્વ હોય અને જ્ઞાનયજ્ઞની પરંપરા હોય, ત્યારે 'દૈવ' પણ સકારાત્મક દૃષ્ટાંત સ્થાપિત થાય તે માટે સહાયભૂત રહે. એમ ચોક્કસપણે કહી શકાય કે વિશ્વકોશ એક સફળ યજ્ઞ છે જેમાં બધી જ બાબતો યથાસ્થાને વ્યવસ્થિત રીતે ગોઠવાઈ છે. વિશ્વકોશમાં સહભાગી થનાર દરેક વ્યક્તિ પ્રત્યે ગુજરાતની આવનારી પ્રત્યેક પેઢી આભારી રહેશે. હજુ ઘણું કરવાનું બાકી છે, અને માત્ર ચાળીસ વર્ષની વિશ્વકોશ સંસ્થા હજુ તો યુવાન છે.

## સમગ્ર ગુજરાતનું સંસ્કારધામ

**ગૌરવ શેઠ**

(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી,
હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ તથા અન્ય સંસ્થાઓના ટ્રસ્ટી)

ઈ. સ. ૧૯૮૫માં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની એચ. એલ. કૉલેજની હૉસ્ટેલના ભોજનખંડમાંથી શરૂ થયેલી આ સંસ્થાની યાત્રા ૪૦ વર્ષથી અવિરતપણે ચાલી રહી છે તે દરેક ગુજરાતી માટે ખૂબ આનંદની વાત છે અને કોઈ પણ ગુજરાતી માથું ઊંચું રાખી કહી શકે કે અમારી ભાષાનો પણ સચિત્ર વિશ્વકોશ ઉપલબ્ધ છે. સંસ્થાએ ૧૭૦ વિષયો ધરાવતા ૨૬ ગ્રંથો પ્રકાશિત કર્યા છે તેમજ ગુજરાતી લૅક્સિકનમાં ૪૫,૦૦,૦૦૦ થી વધુ શબ્દો છે અને આજ સુધીમાં અંદાજિત ચાર કરોડ એંસી લાખ લોકોએ મુલાકાત લીધી છે.

આ જ્ઞાનયજ્ઞ ડૉ. ધીરુભાઈ ઠાકર અને ડૉ. કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ જેવા વિદ્યાપુરુષ અને શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ જેવા શ્રેષ્ઠીને આભારી છે. જેમ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહે ગુજરાતી ભાષાને 'સિદ્ધહેમ' વ્યાકરણ આપ્યું તેમ આ મહારથીઓએ ગુજરાતી ભાષાને 'એનસાઇક્લોપીડિયા' આપ્યો તેમ કહીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. આ ઉપરાંત બાળવિશ્વકોશ, નારીકોશ, બૃહદ નાટ્યકોશ, તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ, ગુજરાતી ભાષામાં આપણને આપ્યા છે. વિવિધ વિષયો ઉપર ૧૧ વ્યાખ્યાનમાળા ચાલે છે, જેમાં વિદ્વાન વક્તાઓને આમંત્રિત કરી વૈવિધ્યસભર વિષયોનાં વ્યાખ્યાન આપવામાં આવે છે.

માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે આવું સુંદર કામ કરવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અને ખાસ કરીને ડૉ. કુમારપાળભાઈ દેસાઈને ખૂબ ધન્યવાદ અને ઉત્તરોત્તર સંસ્થા વધુ પ્રગતિ કરે તેવી અંતઃકરણની શુભેચ્છા.

## જ્ઞાનયુક્ત શાંતિવિશ્રાંતિ આપતો વડલો

**અમૃત ગંગર**

(ફિલ્મની કલા વિશેના તજ્જ્ઞ, મૌલિક વિચારક, ફિલ્મના ઈતિહાસના અભ્યાસી તથા વિવેચક, ક્યુરેટર અને લેખક)

સારસ્વત ડૉ. ધીરુભાઈ ઠાકર અને શ્રી સાકળચંદભાઈ પટેલે વાવેલો છોડ આજે ઘેઘૂર વડલો બનીને અમદાવાદ શહેરમાં ફક્ત ઊભો નથી, પણ દિવસે દિવસે તેનો કલરવ વધારે ને વધારે મીઠો-મધુરો થતો જાય છે. આજે કેટકેટલી વિવિધ પ્રવૃત્તિઓથી વિશ્વકોશભવન ધમધમે છે! આવી તેની મબલખતા ભૂત, વર્તમાન અને ભવિષ્ય સાથે સુમેળ સાધે છે અને એ તેના પાયામાં રહેલી દીર્ઘદૃષ્ટિને સૂચવે છે. મને યાદ છે તેમ છેક ૧૯૭૮ના વર્ષમાં મુંબઈ નજીકના કલ્યાણ શહેરમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં હાજરી આપવાની મને તક મળી હતી અને ત્યારે ડૉ. ધીરુભાઈ ઠાકરે એમના મનમાં રમી રહેલા ગુજરાતી વિશ્વકોશ અને તેમાં સિનેમા વિશે નોંધ આમેજ કરવાનો પણ અણસાર આપ્યો હતો. આજે અગ્રેસર ટ્રસ્ટીઓના સથવારે, સાહિત્યકાર અને ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈના અધ્યક્ષપણા હેઠળ ગુજરાત વિશ્વકોશે અમદાવાદ શહેરના બૌદ્ધિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રના  અવિભિન્ન અંગ બનીને વિરાટ સ્વરૂપ ધારણ કર્યું છે.

તેના સુંદર ખંડમાં મને ઘણી વાર ફિલ્મસ્ક્રીનિંગ સાથે મારા વિચારોની રજૂઆત કરવાનો કીમતી મોકો મળ્યો છે. આ ખંડ અમદાવાદના ઉત્તમોત્તમ શ્રોતાઓ ને પ્રેક્ષકોથી છલ્લોછલ ભરાઈ જાય. સ્ટાફ પણ એટલો કેળવાયલો ને નમ્ર. સૌથી યાદગાર પ્રસંગ તો ૧૮મી જૂન, ૨૦૨૩ના રોજ પૂર્વાલાપ ફાઉન્ડેશન અને ગુજરાત વિશ્વકોશે કવિ કાન્તની પુણ્યશતાબ્દી (૧૯૨૩-૨૦૨૩) નિમિત્તે યોજેલો એકદિવસીય પરિસંવાદ. ખૂબ સુંદર આયોજન. ખૂબ સુંદર ફેસબુક લાઈવ પ્રસારણ. કોઈ પણ ક્ષતિ વિનાની ઑનલાઈન ઝૂમવ્યવસ્થા, ધ્વનિવ્યવસ્થા પણ સંતોષકારક. વિશ્વકોશની આર્ટ ગૅલરીમાં તો અમે કવિ કાન્તના જીવનકવન વિશે પ્રદર્શન પણ ગોઠવેલું. ગુજરાત વિશ્વકોશનો જ્ઞાનરૂપી વડલો સમસ્ત વિશ્વને જ્ઞાનયુક્ત શાંતિવિશ્રાંતિ આપતો રહે એ જ અભ્યર્થના.

## અસાધારણ અને વિરલ સાંસ્કૃતિક ઘટના

**મણિલાલ હ. પટેલ**

(અગ્રણી કવિ, નિબંધકાર, નવલકથાકાર અને વિવેચક)

ગુજરાતી વિશ્વકોશ(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ૧૯૮૫-૨૦૨૫)ના તમામ ગ્રંથોનું પ્રકાશન એ આપણા ગુજરાતના માહિતી - જ્ઞાન - વિજ્ઞાન - સાહિત્ય - કલાઓ અને સમાજવિજ્ઞાનના ક્ષેત્રમાં ઘટેલી વિરલ અને ઐતિહાસિક ઘટના છે. ખરા અર્થમાં આ

ભગીરથ કાર્યથી પ્રાપ્ત થયેલી જ્ઞાનગંગા છે. આદરણીય ધીરુભાઈ ઠાકર અને સન્માનનીય કુમારપાળ દેસાઈ તથા ટ્રસ્ટ અને અનેક વિદ્વાન લેખકોનાં તપ અને નિસબતનું ઉચ્ચતમ પરિણામ છે.

જ્ઞાન અને સંસ્કારથી પ્રજાજીવન સમૃદ્ધ થતું અને પેઢીઓ સુધી પરંપરાઓને સાચવીને અગ્રેસર રહેતું હોય છે. 'વિશ્વકોશ' એ અસાધારણ અને સાંસ્કૃતિક ઘટના છે. જીવનનાં તમામ ક્ષેત્રો વિશે ઝીણામાં ઝીણી અને અનિવાર્ય માહિતી, એની ઊંડી તથા પ્રતીતિજનક વિગતો 'વિશ્વકોશ' ગુજરાતી ભાષામાં પ્રથમ વાર ઉપલબ્ધ કરાવે છે. ગુજરાત અને બહારના વિશ્વમાં આ સાંસ્કૃતિક ઘટનાની નોંધ લેવાઈ છે.

માહિતી અને જ્ઞાનવિજ્ઞાનનાં તમામ ક્ષેત્રોને એના વૈશ્વિક સંદર્ભોમાં જઈને, અનેક વિદ્વાનોએ, અભ્યાસપૂર્ણ અધિકરણો લખીને આ જ્ઞાનયજ્ઞમાં આહુતિ આપી છે - એ સૌને વંદન... ટ્રસ્ટ અને ધુરાવાહકોને કોટિ કોટિ પ્રણામ...

## વિશ્વકોશની ઊંચી આચારસંહિતા

**કિશોર દેસાઈ**

(અમેરિકામાં વસતા ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ'ના સંપાદક તેમજ અમેરિકામાં રહીને માતૃભાષા માટે કાર્ય કરનાર ગુજરાતી ભાષાપ્રેમી)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે મારે જોડાવાનું થયું ત્યારથી એની સાથેના મારા અનુભવો હંમેશાં સુખદ રહ્યા છે એ મારું સૌભાગ્ય છે. એનું મુખ્ય કારણ એ છે કે સંસ્થાના દરેક કાર્યકરો, પછી એ ડ્રાઇવર હોય, સ્વચ્છતા જાળવવાનું કામ હોય, ટેબલ ખુરશી પર બેસીને સાહિત્યલક્ષી કોઈ કામ હોય કે ટ્રસ્ટી તરીકેની સેવા આપવાનું કામ હોય, એ સૌ પોતાનું કામ સમજદારીપૂર્વક પૂરી નિષ્ઠા સાથે કરતા જોવામાં આવે છે.

ઉમાશંકર જોશી અમેરિકા આવેલા ત્યારે તેમણે એક સરસ વાત કહેલી. એમણે કહેલું કે પશ્ચિમના દેશોની સરખામણીમાં આપણાં કામો થોડાં ગરબડિયાં હોય છે. આપણે ત્યાં એક માણસ ખૂબ મહેનત કરીને કોઈ કામનો આરંભ કરે છે અને એ સંસ્થાને ઘણી ઊંચાઈ પર લઈ જાય છે, પરંતુ કોઈ કારણસર એ વિદાય લે છે ત્યારે એનું કરેલું કામ ખોરવાઈ જાય અને બધી મહેનત નકામી બની જાય છે. જ્યારે પશ્ચિમના દેશોમાં કામ વ્યવસ્થિત થતાં હોય છે એટલે એ વ્યક્તિની વિદાય પછી જે નવી વ્યક્તિ આવે એ પહેલી વ્યક્તિનું અધૂરું રહી ગયેલું કામ આગળ ચલાવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વિશે મારો અનુભવ પશ્ચિમના દેશોની આ વ્યવસ્થિત કાર્ય કરવાની પદ્ધતિ જેવો છે. વિશ્વકોશ ટ્રસ્ટનું તંત્ર એટલું વ્યવસ્થિત છે કે એ વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન સફળતાથી કરી શકે છે. સંસ્થા માટે કામ કરનારી દરેક વ્યક્તિ સંસ્થાની ઇમારતમાં જાણે કે ઈંટ

મૂકીને સંસ્થાને મજબૂત કરવાનું કામ કરતી જોવામાં આવે છે. પરિણામે કોઈ પણ વ્યક્તિનું કામ સગેવગે થતું નથી. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની આચારસંહિતા ઊંચી છે. દરેક કાર્યકરોમાં પોતાના ભાગે આવેલા કામને નિષ્ઠાપૂર્વક પાર પાડવાની કટિબદ્ધતા આદરપાત્ર છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ બીજી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ એની ચાર દાયકાની સફર પૂરી કરે છે એ અત્યંત ગૌરવની વાત છે. એ પ્રસંગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે સંકળાયેલા સૌને અભિનંદન પાઠવું છું.

## નગર વચ્ચે એક 'આશ્રમ'

**ભાગ્યેશ જહા**

(કવિ, મૌલિક વિચારક, કૉલમલેખક,
ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત IAS)

આ સમયમાં જે મહાપુરુષોની તપશ્ચર્યા તપે છે, એમાંના એક તેજસ્વી સારસ્વત એટલે સ્વ. ધીરુભાઈ ઠાકર. સંસ્થાઓ ત્યારે શાશ્વતનો સ્પર્શ પામે છે, જ્યારે એક ઋષિકુળમાં દૃષ્ટિવંત આદ્યસ્થાપક પછી એવા જ સાધક અને કર્મઠ સારસ્વત અનુગામી તરીકે મળે. આજે ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં વિશ્વકોશ વિશિષ્ટ સ્થાન ધરાવે છે, કારણ કે સ્વ. ધીરુભાઈના ઉત્તરાધિકારી શ્રી કુમારપાળ દેસાઈ એવા જ સારસ્વત સાધક. વિશ્વકોશ ગુજરાતના સાંસ્કૃતિક નકશામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મને ચંદ્રકાન્ત શેઠની વિશ્વકોશ ગીતની આ પંક્તિઓ ખૂબ ગમે છે, કારણ આપણે એને ચરિતાર્થ થતી જોઈ શકીએ છીએ..

શબ્દ-પ્રકાશે અર્થ-ઉજાશે, તર્ક-મર્મના સહજ વિકાસે,
જ્ઞાનામૃત નિર્ઝરે, અર્ઘ્ય સૌ સત્યદેવને ધરે.

એના કણેકણમાં સાંસ્કૃતિક ચેતના ધબકે છે, કારણ કે સ્વર્ગસ્થ ધીરુભાઈના ચૈતન્યનો વારસો લઈને કામ કરતા સૌ સારસ્વતો આ ભવનને પોતાના પ્રજ્ઞાપરિશ્રમથી એક 'આશ્રમ' બનાવી રહ્યા છે. અનેક કાર્યક્રમોની જ્ઞાનઊર્જાનો હું સાક્ષી છું, અનેક પ્રકાશનોના પ્રકાશપુંજથી માતૃભાષા ગુજરાતી પ્રકાશિત છે, અનેક વખત બેઠક માટે કે વ્યાખ્યાન માટે વિશ્વકોશ ગયો છું, પ્રત્યેક મુલાકાતે સત્ત્વશીલ સ્પંદનોની ઝંકૃતિથી મન તરબતર થયું છે. અનેક પ્રસંગો છે, જે પ્રસંગોએ મને ઊર્જા આપી છે. પિતૃવાત્સલ્ય વરસાવતા પૂજ્ય ધીરુભાઈની દિવ્યચેતનાને વંદન, આદરણીય કુમારપાળભાઈ, આદરણીય લહેરીસાહેબ, પ્રિય નીતિનભાઈ સૌને પ્રણામપૂર્વકની શુભકામનાઓ..

## ગૌરવભરી વિદ્યાયાત્રા

**મંદા પરીખ**

(અર્થશાસ્ત્રનાં તજ્જ્ઞ, ભારતીય સમુદાય શિક્ષણ સંઘનાં પ્રમુખ)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદની એક અનોખી સંસ્થા છે. અહીં ૪૦ વર્ષથી જ્ઞાનયજ્ઞ અવિરત ચાલુ રહ્યો છે. મેં તો આ યાત્રા દૂર ઊભાં રહીને જોઈ છે. પણ વિશ્વકોશને સાકાર કરવામાં નિષ્ઠા, અવિરત શ્રમ અને દીર્ઘદૃષ્ટિ રહેલાં છે. સ્વ. ધીરુભાઈ ઠાકરના નેતૃત્વમાં અમદાવાદમાં એક ખૂણામાં બેસીને આખા વિશ્વનું જ્ઞાન એકઠું કરી ગુજરાતની પ્રજાને સુલભ કરવાનો આટલો મોટો વિચાર અને એને અમલમાં મૂકવાની હિંમત જોઈને આભા થઈ જવાય છે. હું સહુપ્રથમ વાર વિશ્વકોશની ઑફિસમાં સ્વ. શ્રી ચં. ચી. મહેતાને લઈને ગઈ હતી. સ્વ. ધીરુભાઈ વિશ્વકોશની વાત કરતા હતા ત્યારે મને આ એક અસંભવ સંભાવના જેવું લાગેલું. ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં મે 'બ્રિટાનિકા એનસાઈક્લોપીડિયા' જોયેલા. પણ એ કેવી રીતે તૈયાર થયા હશે એનો વિચાર આવ્યો ન હતો. ગુજરાતીમાં વિશ્વકોશની વાત મને ખૂબ ગમી ગયેલી.

ઘણાં વર્ષો પછી એક વાર હું ૯ થી ૧૨ ધોરણમાં ભણતી છોકરીઓને લઈને વિશ્વકોશ બતાવવા લઈ ગઈ હતી. છોકરીઓ મોટા મોટા ગ્રંથો જોઈને આશ્ચર્ય અને અધધધના ભાવમાં આવી ગઈ. વિશ્વકોશની ઉપયોગિતા અને મહત્તા મને આ છોકરીઓના આશ્ચર્યભાવે સમજાવી. જ્ઞાનના સીમાડા ક્યાં સુધી વિસ્તરી શકે એની ચર્ચા થઈ હતી, પણ આજે તો વિશ્વકોશ એનાથી આગળ નીકળી ગયું છે. વિશ્વકોશે ધીરે ધીરે કરતાં બીજી પણ અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી, જેનાં કેન્દ્ર અને પરિઘ બંનેમાં જ્ઞાન અને જ્ઞાન જ. આ ચાળીસ વર્ષની વિશ્વકોશની યાત્રા વિશે ઘણું લખવાનું મન થાય પણ કેન્દ્રીય વાત તો એ છે કે વિશ્વકોશ ટ્રસ્ટ આપણા સહુના અભિનંદન અને શુભેચ્છાનું અધિકારી છે. દરેક ગુજરાતી માથું ઊંચું કરી ગૌરવ લઈ શકે એવી આ યાત્રા છે. ફરી એક વાર અભિનંદન.

## વિશ્વકોશનો ચિર–વિકસિત વ્યાપ

**પ્રીતિ સેનગુપ્તા**

(વિદેશમાં વસતાં ગુજરાતી સાહિત્યનાં અગ્રણી પ્રવાસલેખિકા)

સમયના પ્રવાહમાં પડતા જતા પાદક્ષેપની નોંધ લેવી સહેલી નથી હોતી, કારણ કે એ તો તરત ભૂંસાતા-ભુલાતા જતા હોય છે, પણ અમદાવાદની વિશ્વકોશ સંસ્થાની બહુસંખ્ય વિશેષતામાંની એક વિશેષતા એ છે કે અહીં દરેક પાદક્ષેપ એનું સ્થાન પામે છે, અને એની નોંધ લેવાતી હોય છે. તો છેલ્લાં ચાળીસ વર્ષથી આ પ્રશસ્ય સંસ્થામાં

જે જે મજલ થતી રહી છે તેનો આલેખ અકબંધ જોવા મળે છે અને એના ચિર-વિકસિત વ્યાપને કોઈ સીમા જણાતી નથી.

એક બીજ-અભિલાષાથી જે આરંભ પામી હશે તે સંસ્થાએ આજે અસાધારણ અને કદાચ અકલ્પ્ય પણ કહેવાય તેવી વિશાળતા ધારણ કરેલી છે. એના કાર્ય-સંચાલનમાં અભિવ્યક્ત થતાં સર્વવ્યાપી રસ, પરિકલ્પન અને નિયોજનને કારણે એમાંથી કેવળ એક વટ-વૃક્ષ નહીં, પણ આખું વટ-વૃંદ બન્યું છે. એનો અભિગમ વૈશ્વિક છે, એનો આવકાર સર્વજન-સ્પર્શી છે.

વ્યાવહારિક શબ્દોમાં કહીએ તો અમદાવાદનું વિશ્વકોશ સંસ્થાન હંમેશાં વ્યવસ્થિત, સ્વચ્છ ને સુંદર હોય છે. એમાં કાર્યક્રમ હંમેશાં શરૂ તેમજ સમાપ્ત સમયસર જ થાય. એના સભાગૃહને ક્યારેય શ્રોતાઓની ખોટ વર્તાતી નથી અને એનો શ્રોતાગણ હંમેશાં રસ અને ધ્યાનપૂર્વક ઉપસ્થિત થયેલો હોય છે.

વ્યક્તિગત સંવેદન રજૂ કરું તો કહીશ કે દરિયાપાર રહેવાને કારણે બહુ વાર શ્રોતા બની શકાતું નથી, છતાં વિશ્વકોશમાં જ્યારે પણ હાજર રહી શકાય છે ત્યારે તે સમય ક્યારેય ના ભુલાતું સંભારણું બની જતો હોય છે.

વિશ્વકોશને ઘણી ખમ્મા, અને શુભેચ્છાઓ સાથે...

## એક બહુમૂલ્ય યાત્રા

**મનસુખ સલ્લા**

(કેળવણીકાર, લોકભારતીમાં ૩૬ વર્ષનો દીર્ઘ શૈક્ષણિક અનુભવ ધરાવનાર તથા મૂલ્યવાન શૈક્ષણિક પુસ્તકોના લેખક)

એ ભાષા-ભાષીઓનું સદ્ભાગ્ય ગણાય જેને દૃષ્ટિવંત, આયોજનકુશળ અને વ્યાપક નિસબતવાળા આગેવાનો મળે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે આ ત્રણે રીતે ગુજરાતી-ભાષીઓનું બહુમૂલ્ય સંવર્ધન કર્યું છે. વિશ્વકોશે ચાર દાયકામાં અદ્વિતીય એવું કાર્ય 'ગુજરાતી વિશ્વકોશ' દ્વારા કર્યું છે. પછી બાળવિશ્વકોશ અને અન્ય ઉપક્રમો પણ એ જ સૂચિત કરે છે. એનું પ્રેરકબળ મુ. ધીરુભાઈ ઠાકર અને કુમારપાળ દેસાઈનો શુભ સંકલ્પ ગુજરાતના મહાજનોએ ઝીલી લીધો અને આવું ભવ્ય કાર્ય શક્ય બન્યું.

એક સંસ્થા અનેક યુનિવર્સિટીઓ જેટલું કાર્ય કરે એ વિશ્વકોશે સાચું પાડ્યું છે. આવું વિદ્યાધામ હોવું એ ગુજરાતી પ્રજાનું ગૌરવ છે. આજે પણ વ્યાખ્યાનો, સંશોધનો અને પ્રકાશનો સાતત્યપૂર્વક વિશ્વકોશ યોજી રહ્યું છે તે અનેક રીતે બેનમૂન છે. આ વિદ્યાદીપ સદાય પ્રકાશતો રહે એવી શુભેચ્છા.

# મારા માટે એક તીર્થસ્થાન

**નિરંજન રાજ્યગુરુ**

(ગુજરાતી લોકસાહિત્યકાર, ભજનિક, કવિ, વિવેચક, સંશોધક,
લેખક અને પારંપરિક કળાઓના વિદ્વાન)

ગુજરાત વિશ્વકોશની ચાર ચાર દશકાની અવિરત વણથંભી સફરમાં પ્રારંભથી જ આદરણીય ધીરુભાઈ ઠાકરના આદેશથી મને 'પદ પ્રકારો', 'ભજન સ્વરૂપ' અને કેટલાક સંત-ભક્તો વિશે અધિકરણો લખવાનું સૌભાગ્ય સાંપડેલું. એ પછી તો વિશ્વકોશ આયોજિત અનેક પ્રકારના સાહિત્યિક-સાંસ્કૃતિક-સાંગીતિક કાર્યક્રમોમાં પણ વક્તા કે ગાયક તરીકે આવવાનું બને ત્યારે અવશ્ય પરમ આદરણીય મુ. ધીરુભાઈ તથા મુ. કુમારપાળભાઈ સાથે ગોઠડી થતી રહે.

સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા માર્ચ, ૨૦૦૬માં વિશ્વકોશભવન ખાતે (કવિતા અને સંગીતવિષયક સેમિનાર) 'કંઠસ્થ સંતસાહિત્ય ઔર ભક્તિસંગીત' વિષયે વ્યાખ્યાન. ઑગસ્ટ, ૨૦૧૦માં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી દ્વારા આયોજિત હસ્તપ્રતોવિષયક પરિસંવાદમાં 'સંતસાહિત્યની હસ્તપ્રતો-સંશોધન અને સંપાદન' વિષયે વ્યાખ્યાન, કવિ ન્હાનાલાલવિષયક પરિસંવાદમાં 'ન્હાનાલાલનાં ભક્તિગીતો' વિશે સ-ગાન વક્તવ્ય, ૨૦૨૧ના ઑક્ટોબરમાં ભદ્રાયુ વચ્છરાજાની દ્વારા લેવામાં આવેલ સુદીર્ઘ મુલાકાતના રેકૉર્ડિંગ સમયે તથા 'સંતકોશ'ના આયોજન અંગેની અનેક મિટિંગોમાં પણ દલપતભાઈ પઢિયાર અને અન્ય મિત્રો સહિત સાથે જ વિશ્વકોશ-ભવનમાં આવવાનું-મળવાનું-બેસવાનું બનતું રહે છે. એ સિવાય પણ અનેક વ્યાખ્યાનશ્રેણીઓ, સન્માન-ઍવૉર્ડ-ચન્દ્રક સમારોહોમાં મારી હાજરી અવશ્ય હોય, કારણ કે મારા માટે વિશ્વકોશ ભવન એક તીર્થસ્થાન છે. એમાંયે હવે તો આ સામગ્રી ઑનલાઇન પ્રાપ્ત થતાં નવી પેઢીના અનેક સંશોધકો-જિજ્ઞાસુઓ માટે ઘરબેઠાં ગંગા જેવું સૌભાગ્ય મળી રહ્યું છે.

તા. ૨૬-૯-૨૦૧૯ના રોજ ગુજરાત વિશ્વકોશભવન, અમદાવાદ ખાતે પ્રાપ્ત થયેલા 'શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' વખતે મેં કહેલું કે - 'મારા માટે 'ગુજરાતી વિશ્વકોશ'ના તમામ ખંડો, ગુજરાતી સાહિત્યકોશ (મધ્યકાળ) અને 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ'(જયંત કોઠારી) એ એવા ધર્મગ્રંથો છે કે જેમાંની સામગ્રીનો ઉપયોગ લગભગ દરરોજ એક વાર તો મારે અનિવાર્યપણે કરવો જ પડે છે.' વિશ્વકોશ ભવનની પવિત્ર ધરતીને અને ત્યાં શબ્દસાધના કરી રહેલા સૌને મારી વંદના..

## ગુજરાતના વિદ્યાતેજનું પ્રતીક

**આર. એસ. પટેલ**

(સરદાર પટેલ સ્મારક સોસાયટીના સેક્રેટરી-ટ્રસ્ટી, આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અનેકવિધ સેવાપ્રવૃત્તિ કરનારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ચાર દાયકાની અવિરત જ્ઞાનયાત્રા બદલ હૃદયપૂર્વક અભિનંદન ! ૪૦ વર્ષનો આ યશસ્વી પંથ જ્ઞાન, સંસ્કાર અને સંશોધનની અવિરત દીપશિખા બની રહ્યો છે. કુમારપાળભાઈના દૃઢ નેતૃત્વ હેઠળ આ ટ્રસ્ટે વિચારથી વિજ્ઞાન સુધી જ્ઞાનનાં નવાં દ્વાર ખોલ્યાં છે.

આ દિવ્ય યાત્રા માત્ર સંસ્થાની નહિ, ગુજરાતના ગૌરવની સફર છે. ટીમના દરેક સભ્યને શ્રદ્ધાસભર અભિનંદન અને પ્રેરણાદાયક પ્રમુખશ્રીને નમન.

જ્ઞાનની આ જ્યોત આવનારા દાયકાઓ સુધી વધુ તેજસ્વી બને - એવી શુભકામના. વિશ્વકોશ માત્ર પુસ્તક નથી, એ ગુજરાતના વિદ્યાતેજનું પ્રતીક છે. માતૃભાષાનો ગૌરવભર્યો જ્ઞાનયજ્ઞ છે.

ગુજરાત વિશ્વકોશના પ્રમુખ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રેમાળ અને આત્મીયતાભર્યા માર્ગદર્શનથી સંસ્થા છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિકાસની હરણફાળ ભરી રહી છે અને નવાં શિખરો સર કરવા સાથે અવિરત પ્રગતિ કરે, એવી હાર્દિક શુભેચ્છાઓ.

## વિવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓનું સંગમતીર્થ

**બળવંત જાની**

(કુલાધિપતિ ડૉ. હરિસિંહ ગૌર કેન્દ્રીય યુનિવર્સિટી, સાગર, મધ્યપ્રદેશ તથા લોકસાહિત્ય અને ડાયસ્પોરા સાહિત્યના તજ્જ્ઞ)

ચાર દાયકાની ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો પ્રારંભથી સાક્ષી છું. એમના જૂના ભવનમાં સંકડાશ અનુભવ્યા વગર વિદ્વદ્ ગોષ્ઠિમાં ભળવાનું બન્યું છે. દિલ્હી યુનિવર્સિટીના ડૉ. ચંદ્રકાન્ત મહેતાને મળવા ગયો હોઉં અને વિવિધ વિદ્યાશાખાના વિદ્વાનો અધિકરણલેખન સાથે વિદ્યાકીય વિમર્શ મેં સાંભળ્યો છે. ત્યારથી આજ સુધી ગુજરાતનું વિદ્વત્ ધન જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ ક્યાંય વિદ્યાકીય પ્રવૃત્તિમાં રત હોય તો એ ગુજરાત વિશ્વકોશભવન છે.

એમના દ્વારા પ્રકાશિત શતાધિક ગ્રંથો ખરા અર્થમાં ગુજરાતનું વિદ્યાધન છે. ત્યાં યોજાતાં વ્યાખ્યાનો પણ ખરા અર્થમાં વિદ્યાકીય તપ અને તેજનાં પરિચાયક જણાયાં છે. એમના દ્વારા અપાતા ઍવૉર્ડ ક્યારેય ચર્ચાસ્પદ બન્યા નથી. ડિજિટલથી માંડીને મૌખિક વ્યાખ્યાનો, હસ્તપ્રતવિદ્યાથી માંડીને નાટ્યવિદ્યા સુધીની કાર્યશાળાઓ અને

સુગમસંગીત, શાસ્ત્રીય સંગીત કે લોકસંગીતની પ્રસ્તુતિઓને કારણે વિશ્વકોશ સંસ્થાન જ્ઞાનની વિવિધ શાખાઓ, સાહિત્ય અને કળાઓનું સંગમતીર્થ જણાયું છે. એના સ્વપ્નદ્રષ્ટા, આર્ષદ્રષ્ટા અને સંશોધક સારસ્વત કુમારપાળ દેસાઈને અભિનંદન અને અભિવંદન.

## સંવેદનાસભર સંબંધ

**સંજય-તુલા**

(વિશ્વગ્રામ સંસ્થાના કર્મશીલ,
સમાજહિતચિંતક તથા ગાંધીવિચારના પ્રવર્તક)

શરીરનાં અંગો વચ્ચે જેમ અંગાઅંગીનો સંબંધ હોય છે તેવો જ સંબંધ વિવિધ પ્રકારે સમાજઘડતરનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે હોવો ઘટે!! ગુજરાત વિશ્વકોશનો વિશ્વગ્રામ સાથેનો સંબંધ આવો સંવેદનાસભર રહ્યો છે.

ઘણાં વરસોથી મુ. કુમારપાળભાઈ અને સૌ વડીલો-મુરબ્બીઓ વિશ્વગ્રામની કાળજી રાખતા અને હૂંફ આપતા રહ્યા છે.....

એ પછી વિશ્વગ્રામ થકી ચાલતું મણિપુરનું કામ હોય-કાશ્મીરનું કામ હોય કે કોરોના મહામારી પછી ૫૫૦થી પણ વધુ મા કે બાપ ગુમાવનાર બાળકોના સ્નેહ-સહયોગનું કામ હોય. વિશ્વગ્રામનાં કેટલાંક કામો જરા જુદી તરાહનાં પણ ખરાં અને છતાં વિશ્વકોશ વિશ્વગ્રામને પ્રેરિત કરતું રહે! વિશ્વકોશ થકી સમાજસેવાને લઈને શરૂ થયેલું પ્રથમ પારિતોષિક વિશ્વગ્રામને એનાયત થયું એ પણ એક આવો જ સંકેત કહી શકાય !

## ગુજરાતની મોંઘેરી જણસ

**હરિ દેસાઈ**

(પત્રકાર, પ્રાધ્યાપક, કૉલમલેખક અને રાજકીય સમીક્ષક)

છેલ્લાં ચાળીસ વર્ષની ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની મજલ નિહાળીને આંખ ઠરે છે. ડૉ. ધીરુભાઈ ઠાકર અને સાથીઓએ એચ. એલ. કૉમર્સ કૉલેજ હૉસ્ટેલના રસોડામાં વિશ્વકોશનું કામ આદર્યું ત્યાંથી લઈને અત્યારે પોતીકા ભવનમાં ડૉ. કુમારપાળ દેસાઈની રાહબરીમાં અને ગુજરાતી શ્રેષ્ઠીઓની હૂંફથી સ્વાયત્ત રીતે ગુજરાતી અસ્મિતા અને ગૌરવ માટેનું તીર્થ બનેલું આજે પ્રવૃત્તિથી ધમધમતું વિશ્વકોશ અમારે માટે તો પ્રેરણારૂપ છે. વિશ્વભરના ગુજરાતીઓ જ નહીં, બિનગુજરાતીઓ માટે પણ અધિકૃત માહિતીગ્રંથો અને નક્કર હકીકતો પીરસતી આ સંસ્થા અને એનાં પ્રકાશનો પ્રત્યેક ગુજરાતી માટે મોંઘેરી જણસ બની રહેશે. આ તીર્થની પ્રત્યેક મુલાકાત અને એની માનદ

સેવા કરનારા વિદ્વજ્જનો નવી પ્રેરણા આપે છે. એ જૂની પેઢી અને નવી પેઢીની માહિતીભૂખને તૃપ્ત કરીને ગુજરાતનું અનેરું અને મોંઘેરું ગૌરવકેન્દ્ર બન્યું છે. એની ભાવિ મજલ માટે શુભકામના.

## જીવનથી ધબકતી એક સંસ્થા વિશે

**રતિલાલ બોરીસાગર**

(ગુજરાતના અગ્રણી હાસ્યલેખક, નિબંધકાર, લઘુકથાલેખક તથા માતૃભાષા ગુજરાતીના પ્રસાર-પ્રચાર માટે અવિરત પ્રયાસ કરનાર)

ઈ. સ. ૨૦૧૦માં ગુજરાત રાજ્યનાં પચાસ વર્ષ પૂરાં થયાં એ અવસરે ગુજરાતના 'દિવ્ય ભાસ્કર' દૈનિકે કેટલાક લેખકોને પ્રશ્ન પૂછેલો કે ગુજરાતની સ્થાપના પછીનાં આ પચાસ વર્ષમાં બનેલી સાંકેતિક ઘટનાઓમાં તમારી દૃષ્ટિએ, સૌથી મહત્ત્વની ઘટના કઈ ? મારો ઉત્તર હતો : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના. આજેય આ પ્રશ્નનો મારો એ જ ઉત્તર છે.'

થોડાં વરસ પહેલાં જાણીતા સામાજિક કાર્યકર શ્રી પ્રમોદ શાહે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત 'સાર્થ જોડણીકોશ'ને હાથીની અંબાડી પર મૂકી નગરયાત્રા કરી હતી. આ જાણ્યા પછી મેં પ્રમોદભાઈને કહેલું કે 'સાર્થ જોડણીકોશ'ને તમે આપેલું સન્માન સર્વથા યોગ્ય છે, પરંતુ હવે પછી તમે 'વિશ્વકોશ'ના ખંડોને હાથીની અંબાડી પર મૂકી નગરયાત્રા કાઢો. પ્રમોદભાઈએ આ સૂચન હૃદયની ઊલટથી વધાવી લીધું ને 'વિશ્વકોશ'ની ભવ્ય નગરયાત્રાનું આયોજન કર્યું હતું.

ગુજરાતી ભાષા સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન સ્વ. ધીરુભાઈ ઠાકરે શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ જેવા નગરશ્રેષ્ઠીના અધ્યક્ષપદે ૨-૧૨-૧૯૮૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી અને એક ભવ્ય જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો. ગાંધીજી દ્વારા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠ જેમ એક ઋષિકાર્ય હતું એમ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના પણ એક ઋષિકાર્ય હતું.

શ્રી ધીરુભાઈ ઠાકર વિશ્વકોશના યજ્ઞકાર્યને 'જગન્નાથનો રથ' કહેતા. ગુજરાતના અનેક વિદ્વજ્જનો આ યજ્ઞકાર્યમાં જોડાયા. શ્રી કુમારપાળ દેસાઈ તથા કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠ જેવા સારસ્વતોએ આ રથનાં ચક્રની ભૂમિકા સ્વીકારી.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આજે સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી સતત ધબકતી રહેતી ગુજરાતની એકમાત્ર સંસ્થા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના-દિવસ પ્રસંગે મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

## સન્માન – ચાલીસાનો અવસર

**સ્નેહલ મજુમદાર**
(મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ,
કુશળ સંતૂરવાદક અને કૉલમ-લેખક)

યહૂદી ધર્મમાં ચાળીસ વર્ષનો મહિમા છે, કારણ કે હિબ્રૂ બાઈબલ અનુસાર ચાળીસ વર્ષ તેઓ પોતાના વતનની બહાર રહ્યા. ઈસ્લામમાં તો મહમદ પયગંબરને ગેબ્રિયલ તરફથી પૈગામ ચાળીસ વર્ષની વયે મળેલો એનો મહિમા છે. આપણે શ્રદ્ધાપૂર્વક હનુમાન-ચાલીસા ગાઈએ છીએ. ગુજરાતી વિશ્વકોશની ચાળીસ વર્ષની ઉજવણી મારી દૃષ્ટિએ સન્માન-ચાલીસાનો અવસર છે અને આપણા સૌને માટે ગૌરવ, ગર્વ અને ગરિમાનો ઉત્સવ છે.

ટી. એસ. એલિયટે પૂછ્યું કે Where is the knowledge we have lost in information? આજે વિવિધ માધ્યમોમાં ખરીખોટી માહિતીનો તો અતિરેક, અતિક્રમણ અને અત્યાચાર છે. એ માહિતીને નિચોવી એમાંથી જ્ઞાન પીરસવાનું કાર્ય ગુજરાતી વિશ્વકોશમાં એ વિષયોના નિષ્ણાતો વિદ્વત્તાપૂર્વક અને વિવેકપૂર્વક કરે છે. ગુજરાત વિશ્વકોશ અન્ય અનેક પ્રવૃત્તિઓ પણ ઉત્તમ રીતે કરે છે. કવિએ કહ્યું છે કે ‘આ નગરમાં સંસ્કૃતિનું હળ હાંકતાં થાકી જવું ન પાલવે’. ગુજરાત વિશ્વકોશના દક્ષ સંચાલકોના હાથમાં સંસ્કૃતિનું હળ અવિરત કાર્યરત રહે એ જ આ સ્નેહલની શુભકામના.

## ધન્યતાનો અનુભવ

**ફારુક ઘાંચી**
(ઇંગ્લૅન્ડમાં વસતા અને ‘બાબુલ’ના ઉપનામથી
ગુજરાતી ભાષામાં કાવ્યસર્જન કરનાર)

સૌપ્રથમ તો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ચાળીસ વરસોની સોનેરી સિદ્ધિઓની અનુપમ જયંતીના ખૂબ અભિનંદન !

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એની ભાતીગળ પ્રવૃત્તિઓ, પ્રકાશનો અને ઉચ્ચ સિદ્ધિઓને લઈ ગુજરાતી અસ્મિતાનો અવિભાજ્ય ભાગ છે. એના મજબૂત પાયામાં સાક્ષર સારસ્વત ધીરુકાકાનું નેતૃત્વ, એ સંસ્કારવારસાનું સંવર્ધન સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળભાઈની આગેવાનીમાં, નિષ્ઠાવંત કાર્યકરો દ્વારા સતત થઈ રહ્યું છે, જેમાં નવાં પરિમાણો, સોપાનો ઉમેરાતાં રહ્યાં છે. વિશ્વકોશના સંપુટ સંપાદનની શરૂઆતથી લઈ આજ સુધીની આ ચાર દાયકાની સફરને પરોક્ષ તેમજ પ્રત્યક્ષ જોવાનું સદ્ભાગ્ય મળ્યું છે એ બાબત અત્યારે ઇંગ્લૅન્ડમાં રહેતો હોવા છતાં મને ધન્યતાનો અનુભવ કરાવે છે.

ગુજરાત વિશ્વકોશે જ્ઞાન-સંસ્કૃતિ-સંસ્કારને ગ્રંથમાં સીમિત ન રાખતાં, વિવિધ વ્યાખ્યાનમાળાથી જીવંત, પ્રજાજોગ વ્યાપક બનાવ્યા છે. એ ઉપરાંત ઈન્ટરનેટના માધ્યમથી સંસ્થાનું ફલક વિશ્વવ્યાપી બન્યું છે. આજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના વિભિન્ન પુરસ્કારો ખ્યાતિબદ્ધ વિભૂતિઓને સન્માને છે, આ અગ્રિમ કક્ષાના સન્માન પુરસ્કારો ન માત્ર સંસ્થાનું ગૌરવ છે, પરંતુ સાથોસાથ સમગ્ર સમાજ માટે પ્રેરક ગુણવત્તાવર્ધક બળ છે. ભારત બહાર પણ સંસ્થાની સુવાસ જે 'ગુર્જરી ડાયજેસ્ટ' દ્વારા પ્રસરી છે એનો ઋણસ્વીકાર ખાસ કરવો રહ્યો.

મારા પિતાશ્રી દાઉદભાઈ ઘાંચીના સમગ્ર પરિવાર વતી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવતાં ખૂબ હર્ષ અને ધન્યતા અનુભવું છું.

## કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં

**અમર ભટ્ટ**

(ગુજરાતના વિખ્યાત ગાયક અને સ્વરકાર તથા અગ્રણી ધારાશાસ્ત્રી)

મારા માટે વિશ્વકોશ એ અગત્યનો મુકામ છે. વિશ્વકોશ નવી રજૂઆતો કરવાનો પડકાર આપે પણ અને ઝીલે પણ.

૨૦૦૮માં એક બુધવારે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ગુજરાતી કાવ્યસંગીત ઉપર વ્યાખ્યાન-નિદર્શન આપવા વિશ્વકોશ તરફથી આમંત્રણ મળ્યું. ત્યારથી વિશ્વકોશ સાથે અજબગજબનો નાતો બંધાયો. કવિશ્રી ચંદ્રકાન્ત શેઠલિખિત 'વિશ્વકોશગીત' 'અહીં જ્ઞાનસૂર્ય સંચરે આપણું ચિત્ત પ્રકાશિત કરે' સ્વરબદ્ધ કરીને ગાવાનો મોકો મને મળ્યો.

૨૦૧૦થી શરૂ થયેલી કાવ્યસંગીતશ્રેણી અંતર્ગત ૭૫ જેટલા કાર્યક્રમોમાં કાર્યક્રમ દીઠ ઓછામાં ઓછી ૧૦ કવિતાઓ, એમાંય કેટલી બધી તો સૌપ્રથમ વાર જ, રજૂ કરી. કાર્યક્રમ દીઠ ચારેક ગીતો 'બૅકઅપ પ્લાન' તરીકે રાખવાં પડે. લગભગ ૭૫ જેટલા કાર્યક્રમો અને એક કાર્યક્રમનાં સરેરાશ દસ કાવ્યો ગવાય તો લગભગ ૭૫૦ જેટલાં કાવ્યો સંગીતમાં અને બીજાં કેટલાંય પઠન સ્વરૂપે રજૂ કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું. મોટા ભાગનાં કાવ્યો ખાસ જે તે કાર્યક્રમ માટે સ્વરબદ્ધ થયાં. રજૂ ન કરી શકાયેલાં કાવ્યો મારી બૅન્કમાં વિશ્વકોશની અનામત તરીકે રાખ્યાં છે. ગુજરાતમાં નવાં સ્વરાંકનો ઝીલવા શ્રોતાઓ તૈયાર નથી હોતા અને માટે જ કદાચ નવી રચનાઓ પ્રસ્તુત કરવા કલાકારો પણ તૈયાર નથી હોતા. કાવ્યગાનક્ષેત્રે આવી ગયેલી સ્થગિતતાના સમયમાં નવી રચનાઓ, કવિતાઓ રજૂ કરવા કલાકારને સ્ટેજ અને એ ઝીલવાની તત્પરતા બતાવે તેવા સહૃદયી શ્રોતાઓ વિશ્વકોશ આપે છે.

કપરા કાળમાં સૌથી વધુ સાંત્વન કલા પાસેથી મળશે તેવા કુમારપાળભાઈના વિશ્વાસને લીધે કોરોનાના મુશ્કેલીભર્યા સમયમાં કેટલા બધા કાર્યક્રમો ઑનલાઈન કર્યા ! શરૂઆત અમે ૧૮ મે, ૨૦૨૦ના દિવસે કવિ શ્રી નિરંજન ભગતનાં કાવ્યોના ગાનથી કરી. કોરોનાના પ્રથમ ૧૦૦ દિવસ સુધી રોજ એક ગીત મેં કુમારપાળભાઈના આગ્રહથી વૉટ્સ એપની પરબ પરથી વહેંચ્યું - એમાં એક કાવ્યગાન હોય ને સાથે એ કાવ્ય અને એના સ્વરનિયોજન વિશેની મારી સમજ પ્રમાણેની થોડી ભૂમિકા લિખિત સ્વરૂપે હોય. આમ, વિશ્વકોશે કલાની સામાજિક નિસબત પ્રદર્શિત કરી.

ઉમાશંકર જોશીએ કહ્યું છે કે સાહિત્યના ક્ષેત્રમાં કશું પણ ઊતરતું ન ચાલે. આ વાત કોઈ પણ કલાના ક્ષેત્રને લાગુ પડે છે.

એક વાતનું સ્મરણ થાય છે. હું બારમા ધોરણમાં હતો. એક વખત લિયો ક્લબ દ્વારા આંતરશાળા ટૅલેન્ટ ઈવનિંગનું આયોજન થયેલું. મારી શાળા તરફથી મારે ગુજરાતી ગીત ગાવાનું હતું. રિહર્સલ દરમિયાન મેં જોયું કે અન્ય તમામ શાળાઓના વિદ્યાર્થીઓ હિંદી ફિલ્મનાં ગીતો ગાવાના હતા. હું ફિલ્મનું ગીત ગાઈ શકું એમ નહોતો. શ્રોતાઓ ગુજરાતી ગીત નહીં સ્વીકારે એવી ખાતરી હોવા છતાં એ સ્પર્ધામાંથી નીકળાય એમ નહોતું. મારા ગીતની રજૂઆત દરમિયાન ખૂબ શોરબકોર થયો. કોઈને ગુજરાતી ગીત સાંભળવામાં રસ નહોતો; એટલું જ નહીં, એ પ્રત્યે રીતસર તિરસ્કારભરી વર્તણૂક હતી. નિર્ણાયકોએ મને ત્રીજું ઇનામ આપ્યું; પણ સાચું કહું તો હું ખૂબ નાસીપાસ થયેલો. એ વખતે મમ્મીએ હિંમત આપતાં ભવભૂતિની પંક્તિ ટાંકીને મને કહેલું કે ‘આપણને જે ગમે છે તે જ ગાવાનું. કોઈક તો એ જરૂર સાંભળે છે જ.’ શરૂઆતમાં ભવભૂતિની કૃતિઓને સ્વીકૃતિ નહોતી મળી ત્યારે એ નિરાશ જરૂર થયેલો પણ એને વિશ્વાસ હતો કે કાળ નિરવધિ છે, પૃથ્વી વિશાળ છે ને ક્યારેક તો એ કૃતિઓ પિછાની શકે તેવો સમાનધર્મા ભાવક એને મળશે -

‘उत्पत्स्यते तु मम कोऽपि समानधर्मा
कालो ह्रदयं निरवधिर्विपुला च पृथ्वी ॥’

વિશ્વકોશે સમાનધર્મા ભાવકની મારી શોધ પૂરી કરી છે. વિશ્વકોશના સ્ટેજ ઉપર બેસતાં જ અવનવાં-સકારાત્મક-સર્જનાત્મક સ્પંદનો અનુભવાય છે. રમેશ પારેખના એક ગીતની એક પંક્તિમાં છે -

‘કૈંક લીલુંચટ્ટાક તારી આંખમાં’

હું વિશ્વકોશને માટે આ શબ્દો સહેજ બદલીને ઉપયોગમાં લઉં છું - ‘કૈંક લીલુંચટ્ટાક તારા સ્ટેજમાં’

વિશ્વકોશના પાયામાં ડૉ. ધીરુભાઈ ઠાકરના તપનું તેજ છે, કુમારપાળભાઈની દીર્ઘદૃષ્ટિ અને સમાજને સત્ત્વશીલ કલા-સામગ્રી આપવાનો દૃઢ નિર્ધાર છે. વિશ્વકોશ પાસે ‘વર્ક-કલ્ચર’થી ભરપૂર કાર્યકરો - જ્ઞાનપિપાસુઓ છે.

વિશ્વકોશ પાસેથી મને શું મળ્યું ? દરેક કવિના સમગ્ર સર્જનમાંથી પસાર થવાની તક મળી. જે અન્ય સ્વરકારોનાં ગીતો રજૂ કર્યાં તેમનાં સ્વરાંકનોની શૈલીની નજીક જવા મળ્યું. અનેક સહૃદયી શ્રોતાઓનો પ્રેમ મળ્યો. અંતર્મુખ થવા મળ્યું. જાતની સાથે ગાઢ ઓળખાણ થઈ. કવિતાનું સંગીતસભર અર્થઘટન હોઈ શકે એવી મારી શ્રદ્ધાને કાવ્યસંગીતશ્રેણીમાંથી સમર્થન મળ્યું. રૂપિયાના પ્રચંડ અવમૂલ્યનના સમયમાં મને આ જુદા પ્રકારની સમૃદ્ધિ મળી.

આમ, 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' તરીકે વિશ્વકોશમાં કાવ્યસંગીતની સેવા ને એનું સેવન કરવા મળ્યું. નર્મદના શબ્દોમાં કહું તો 'યથાશક્તિ રસપાન કરાવ્યું સેવા કીધી બનતી'.

આપણી ભાષાની વિશ્વકક્ષાની કવિતાઓ ગાવા મળી અને વિશ્વની અન્ય ભાષાઓની કવિતાઓ આપણી ભાષામાં રજૂ કરવા મળી એ માટે વિશ્વકોશનો આભાર કયા શબ્દોમાં માનું ?

મરાઠી સાહિત્યકાર પુ.લ.દેશપાંડે(પુ.લ.)એ શાસ્ત્રીય ગાયક પંડિત કુમાર ગાંધર્વ માટે લખેલું કે જ્યારે પુ.લ. ન હોય ત્યારે સૌ પુ.લ.ને એ રીતે યાદ કરે કે 'આ માણસે કુમાર ગાંધર્વને સાંભળ્યા હતા'. એમ હું પણ કહીશ કે હું ન હોઉં ત્યારે સૌ મને એ રીતે યાદ રાખે કે આ માણસે 'વિશ્વકોશ'માં કાર્યક્રમો કર્યા હતા. વિશ્વકોશને (અને એની સાથે સંકળાયેલા સૌને) ચાળીસ વર્ષની સમાપ્તિએ વંદન-અભિનંદન !

## પ્રેરણાદાયી માર્ગદર્શક

**મુકેશ શાહ**

(અગ્રણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા ચંદરયા ગ્રૂપના સલાહકાર)

છેલ્લા ચાર દાયકાઓથી ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઉત્તરોત્તર નવાં શિખરો સર કરતું જાય છે.

મારો નાતો ગુજરાત વિશ્વકોશ સાથે વધારે જોડાયો ગુજરાતી ભાષાના અનન્ય પ્રેમી શ્રી રતિભાઈ ચંદરયાની અથાગ મહેનત અને ખંતથી તૈયાર થયેલ લૅક્સિકન દ્વારા. શ્રી મનુભાઈ ચંદરયા ગુજરાતની કોઈ વિશ્વસનીય સંસ્થાને 'લૅક્સિકન'ની જવાબદારી સોંપવા ઇચ્છતા હતા. એ માટે શ્રી કુમારપાળભાઈનું આગવું દર્શન, ચિંતન અને તેમના પ્રેરણાદાયી માર્ગદર્શનથી સભર એવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટથી વધારે યોગ્ય કોણ હોઈ શકે ?

ગુજરાત વિશ્વકોશે ફક્ત લૅક્સિકન પ્રકલ્પને પોતાના નેજા હેઠળ જ લીધો નથી, પરંતુ તેમાં દિવસે ને દિવસે નવા નવા શબ્દો, તેના અર્થ, કહેવતો વગેરેને ઉમેરતા

જઈને લૅક્સિકનના પ્રકલ્પને વધારે સમૃદ્ધ બનાવીને દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે અમૂલ્ય સોગાદ બનાવી દીધો.

મને અત્યંત આનંદ છે કે શ્રી મનુભાઈ ચંદરયાના સ્વપ્નને તેની શ્રેષ્ઠતમ ઊંચાઈ સુધી પહોંચાડવામાં ગુજરાત વિશ્વકોશે મને સહભાગી બનાવ્યો.

ગુજરાતી ભાષાના સંવર્ધન માટેના ગુજરાત વિશ્વકોશના અવિરત પ્રયત્નોને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## આપણા સમયનું ગૌરવ

**સેજલ શાહ**

('પ્રબુદ્ધજીવન' અને 'પ્રેરણા'નાં તંત્રી તથા જૈન સાહિત્યનાં ઊંડાં અભ્યાસી અને ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી)

સંસ્થા સમાજનું ગૌરવ હોય છે, ગાંધીજી કહેતા કે સંસ્થાનું પોષણ સમાજ દ્વારા જ થવું જોઈએ. બંનેનું પરસ્પરમાં વિઘટન એ રીતે થવું જોઈએ કે જનતાની સત્તા હોય અને સંસ્થાનું છત્ર હોય. આવી કેટલીક સંસ્થાઓ સાથેનું જોડાણ ગૌરવનો અનુભવ કરાવતું હોય છે. ગુજરાત વિશ્વકોશ સાથેનો મારો સંબંધ ભાવક અને તેમના મહેમાન બંને રૂપે, આવી જ ગૌરવની અનુભૂતિ કરાવનારો બની રહ્યો છે.

ભાષા, સાહિત્ય, સંસ્કૃતિલક્ષી વાતાવરણ એ ગુજરાત વિશ્વકોશની તાકાત છે અને એટલે જ એમના ભાવકોમાં પણ એ પ્રવાહ જાગૃત છે. ગુજરાત વિશ્વકોશ ૨૦૨૫માં પોતાની ચાર દાયકાની સફર પૂરી કરી રહ્યું છે. ૪૦ વર્ષમાં જ આ સંસ્થાએ સાહિત્યની સંસ્થા કેવી હોવી જોઈએ તેનું મૉડલ રાષ્ટ્રને આપી શક્યા છે.

સંસ્થાના સિદ્ધાંતો પ્રજાના વર્તનમાં પ્રતિબિંબિત થતા હોય છે. ગુજરાત વિશ્વકોશે સંસ્કૃતિ સાથે પ્રેમ અને સમજણનું વાવેતર કર્યું છે. ગુજરાત વિશ્વકોશમાં પ્રવેશતાં તેનું સ્થાપત્ય, પ્રકૃતિ, પ્રેમાળ આવકાર ઘેરી વળે અને તમે તેમાં ઓગળી જાઓ એ પહેલાં જ તમને સૂચન આપવામાં આવે કે 'અમે તમને સાંભળવા માંગીએ છીએ, અમને સારું લાગે તેવું નહિ અને અભ્યાસપૂર્ણ અને ઉત્તમનો અમારો ધ્યેય તમારાથી પૂર્ણ થાય તેમ કરજો !' - આ વાત કહી શકનાર સંસ્થા પરસ્પરની સમજણને પ્રોત્સાહિત કરે છે, જે આજની આવશ્યકતા છે.

દરેક રાજ્ય પાસે પોતાની આર્થિક બાબતનું જોમ ત્યારે જ સમૃદ્ધ બનતું હોય છે જ્યારે તેની પ્રજામાં સંસ્કૃતિનું ગૌરવ જન્મે અને ગુજરાત વિશ્વકોશ ગુજરાતમાં આમ કરી શક્યું છે ત્યારે મને થાય કે ભારતનાં અન્ય રાજ્યો પણ આવા વિશ્વકોશનું નિર્માણ કરે અને આજથી ૧૦ વર્ષ બાદ સમગ્ર રાષ્ટ્રમાં તેની ઉજવણી સમાંતરે થાય, તો કેવું સારું !

આજે આપણા સમયમાં આવી સંસ્થાનું હોવું, એમાં પ્રવૃત્ત હોવું અને સફળતાપૂર્વક સંચાલન ચાલવું એ નાની ઘટના નથી ! ભૌતિક વિકાસ સાથે સંવેદના અને સંસ્કૃતિનું જતન પણ આવશ્યક છે. સાંસ્કૃતિક એકતા અને પરસ્પર સમજણને પ્રોત્સાહિત કરવાની ભાવના, આ સંસ્થાને 'શતાયુ ભવ' એવા આશીર્વાદ અનેકો પાસેથી અપાવે છે.

ગુજરાત વિશ્વકોશ સર્વજન અને સમાજ માટેની સંસ્થા બની શકી છે. સંસ્થાના અગ્રણી એવા કુમારપાળભાઈ દેસાઈએ ગુજરાતને સાહિત્ય અને સંસ્કૃતિની વિરાસત આપી છે, તે માટે તેમને ખૂબ અભિનંદન.

## અલૌકિક અનુભવ

**અર્પણ યાજ્ઞિક**

(ક્રિયેટિવિટી વિષયના નિષ્ણાત, અમેરિકાની પેન સ્ટેટ
યુનિવર્સિટીના પ્રોફેસર તથા ગ્રંથલેખક)

બાળક હતો ત્યારે અંબાજી મંદિરના ચાચરમાંથી દૂર ઝળહળતો અને ટમટમતો આરાસુરી અંબે માનો ગબ્બર પરનો દીવો જોઈને હું અતિ પ્રસન્ન થતો. દીવો જોઈને હાશ થતી અને એક અલૌકિક શાંતિ, આનંદ અને નિર્ભયતાનો સંચાર શરીરમાં પ્રસરી ઊઠતો. આવો જ અલૌકિક અનુભવ મને અમેરિકામાં બેઠા બેઠા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના હોવાથી અને એની પ્રવૃત્તિઓ વિશે જાણીને અને એમાં ભાગ લઈને થાય છે. વિશ્વભરમાં અસંખ્ય મુકામો પર વ્યાખ્યાન આપ્યાં, પણ જ્યારે ગુજરાત વિશ્વકોશમાં વ્યાખ્યાન આપવાનો વારો આવે એટલે ઉમંગ અને રાજીપો અતિવિશેષ થાય. પરમસ્નેહી કુમારપાળભાઈના સુકાનીપદ હેઠળ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એક well oiled machineની જેમ કાર્યરત છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષાના અમૂલ્ય બીજનું રોપણ ડિજિટલ જગતના ખેતરમાં કરી દીધું છે. જુદા શબ્દોમાં કહું તો ગુજરાતી ભાષાના મર્મ અને અસ્મિતાને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ઇમ્મોર્ટલાઇઝ એટલે કે અમર બનાવી દીધા છે. નિર્ભીક બનીને સામે પ્રવાહે ચાલી અને જ્ઞાનની ગરિમા અને ભાષાનું ગૌરવ સાચવી રાખવું – આવું અદ્ભુત કામ કર્યું છે કુમારપાળભાઈ, એમની ટીમ અને ગુજરાત વિશ્વકોશે. ચાળીસ વર્ષનું અસ્તિત્વ અને તપ પૂર્ણ થયું એ બદલ સહર્ષ આભાર. ગુજરાતી ભાષાનો આ ટમટમતો દીવો આવતાં ચાળીસ વર્ષોમાં ગુજરાતી ભાષાની દિવ્ય દીવાદાંડી બની રહે એવી શુભેચ્છાઓ. સૌને પ્રણામ અને વંદન.

## સંસ્કારિતાની મહેક

**વૃંદાવન સોલંકી**

(ગુજરાતના અગ્રણી ચિત્રકાર, ૩૫ જેટલાં સોલો એક્ઝિબિશન કરનાર ચિત્રકાર)

આપણી ભારત ભૂમિ ઉપર ગંગા યમુના જેવી યુગોથી વહેતી અનેક પવિત્ર નદીઓ માંહેની એકાદ નદીના જળનું ક્યારેક આપણે આચમન કરીએ છીએ અને અદૃશ્ય એવી ધન્યતા અનુભવીએ છીએ. એવું જ કશુંક અમદાવાદસ્થિત ચાર દાયકાથી સતત કાર્યરત એવી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ નામક સંસ્થા જે સાહિત્ય, ચિત્ર, સંગીત, નાટ્ય જેવી વિવિધ પ્રકારની કલાને વિવિધ પ્રયાસો દ્વારા આપણી સાંસ્કૃતિક-સંસ્કારિતાની છબી પોતીકી ઢબે ઉજાગર કરવાનો એક પ્રવાહ વહાવી રહી છે. જો આ વહેતા પ્રવાહમાંથી આપણાં જીવન દરમિયાન એકાદું આચમન આપણે લઈ શકીએ તોપણ આપણે આપણા જીવનમાં એક સંસ્કારિતાની તાજગી અને મહેક જરૂર અનુભવી શકીએ એવા ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટને મારાં ભીતરી વંદન.

## વિશ્વકોશ–પ્રવૃત્તિ વિશે

વીણાનો એક તાર વાગે એટલે બીજા તાર પણ વાગે એમ ગુજરાતમાં જે થાય તે બીજાં રાજ્યોમાં પણ થાય છે.

- **વિદ્યાનિવાસ મિશ્ર** (હિન્દી, સંસ્કૃતના પ્રખર વિદ્વાન)

ગુજરાતી વિશ્વકોશ એ ભારતમાં ચાલતી વિશ્વકોશપ્રવૃત્તિમાં સૌથી વધુ જીવંતતા ધરાવે છે. વિશ્વકોશમાં સર્વ વિદ્યાશાખાના જ્ઞાનની અપેક્ષા હોવાની આ વિશ્વકોશ એ વિદ્યાકીય સહકારનું અદ્વિતીય દૃષ્ટાંત છે. વર્તમાન સમયમાં ભારતમાં કોઈ પણ ભાષામાં અદ્યતન ઓપ ધરાવતો જીવંત વિશ્વકોશ ઉપલબ્ધ હોય તો તે આ ગુજરાતી વિશ્વકોશ છે.

- **સ્વપન મજુમદાર** (ભારતમાં વિશ્વકોશની પ્રવૃત્તિના પ્રોત્સાહક)

ગુજરાત હંમેશા બીજા પ્રાંતોને દોરવણી આપતું રહ્યું છે. ગુજરાતી વિશ્વકોશની આ પ્રવૃત્તિ બીજા રાજ્યોને માટે ઉદાહરણરૂપ છે.

- **સોમનાથ ચેટરજી** (લોકસભાના પૂર્વ સ્પીકર)

આ ભગીરથ કાર્યને જોઈને આવનારી પેઢીને વિસ્મય થશે. ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ જેવી સંસ્થા જોઈને મને રોમાંચ થાય છે. મધ્યકાલીન ગુજરાતના કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યરચિત 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ને સ્મરીને સમગ્ર ગુજરાતમાં ગુજરાતી વિશ્વકોશની સાહિત્યયાત્રા કાઢવી જોઈએ. સૌથી પહેલો વિશ્વકોશ બંગાળીમાં થયો, પછી મરાઠીમાં અને ત્યારબાદ હિન્દીમાં તથા અન્ય ભાષાઓમાં થયો, પરંતુ સૌથી મોટો અને વિષયની વ્યાપકતાની દૃષ્ટિએ પણ વિશાળ વિશ્વકોશ ગુજરાતમાં છે.

- **ડૉ. નામવરસિંહજી** (હિન્દી સાહિત્યના અગ્રણી વિવેચક)

સાંપ્રત

# મતદારયાદીની સઘન સુધારણા

**પ્રવીણ ક. લહેરી**

આજે દેશમાં સૌથી વધારે ચર્ચિત મુદ્દો હોય તો તે છે ‘સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ઑફ ઈલેક્ટોરલ રોલ’. સરળ ભાષામાં કહીએ તો મતદારયાદીની વિશેષ સઘન સુધારણા. અંગ્રેજી શીર્ષકના ત્રણ અક્ષરોથી બનેલો ‘SIR’ શબ્દ આજે તેના જૂના અર્થ કરતાં આપણને એક વિવાદાસ્પદ વ્યાયામની યાદ અપાવે છે. ભારતમાં ૧૯૫૦માં શરૂ થયેલા બંધારણના અમલમાં લોકશાહીને સ્થિર કરી તેનાં મૂળ ઊંડે સુધી ઉતારવામાં ભારતના ચૂંટણી પંચની ભૂમિકા મહત્ત્વની રહી છે. લોકશાહીનું હાર્દ મુક્ત અને ન્યાયી ચૂંટણીપ્રક્રિયા છે. રાજકારણીઓ માટે સત્તાનું આકર્ષણ એટલું અદમ્ય છે કે ચૂંટણીમાં જીત માટે કોઈ પણ ગેરરીતિ આચરવાની તેમની તૈયારી હોય છે. મને ચાળીસ વર્ષની વહીવટી કારકિર્દીમાં ચૂંટણીના સંચાલન સાથે નિકટથી સંકળાયેલા રહેવાનો અને વિવિધ રાજ્યોમાં ચૂંટણી અંગે ફરજ બજાવવાનો અવસર મળ્યો હતો. આ અનુભવના આધારે હું એટલું અવશ્ય કહી શકું કે ચૂંટણી એ કાદવ-કીચડથી ભરેલો એક એવો માર્ગ છે કે જેના પર ચાલવાથી આપણે ગંદકીથી ખરડાઈ જઈએ છીએ. ચૂંટણી એટલે નાણાં, બાહુબળ, છળકપટ અને પ્રલોભનનો એક મોટો ખેલ. કમનસીબે આ વાસ્તવિકતા છે.

ભારતના બંધારણની કલમ ૩૨૪ ચૂંટણીપંચની રચના, તેની ફરજો અને અધિકારો વર્ણવે છે. આ કલમ હેઠળ બંધારણની મર્યાદામાં રહીને સંસદને જરૂરી કાયદો કરવા અધિકૃત કરવામાં આવી છે. ચૂંટણીની પ્રક્રિયા અંગે સંસદે વર્ષ ૧૯૫૦માં લોકપ્રતિનિધિત્વનો કાયદો પસાર કર્યો છે. આ કાયદા દ્વારા ચૂંટણીપંચની કાર્યવાહી અને ચૂંટણીઓના સંચાલન અંગે વિસ્તૃત જોગવાઈઓ કરવામાં આવી છે. બંધારણની કલમ ૩૨૫ હેઠળ ‘દરેક મત વિસ્તાર માટે એક મતદારયાદી હશે. આ મતદારયાદી સંસદ અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટેની મતદારયાદીમાં સમાવિષ્ટ થવા માટે કોઈ પણ વ્યક્તિને માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે આમાંના કશા કારણસર ના કહી શકાય નહીં. ભારતમાં અગાઉ મતદાનની પાત્રતા ૨૧ વર્ષ પૂર્ણ થયા બાદ પ્રાપ્ત થતી હતી. આજે આ મર્યાદા ૧૮ વર્ષની છે. ભારતની ૧૪૬ કરોડની વસ્તીમાં ૯૭ કરોડ જેટલા મતદારો નોંધાયેલા છે. કલમ ૩૨૫ની જોગવાઈ અનુસાર ચૂંટણીપંચ રાજ્ય સરકારોને જે નિર્દેશો આપે, તે પ્રમાણે જિલ્લા કલેક્ટર (જે હોદ્દાની રૂએ જિલ્લા ચૂંટણી અધિકારી છે) મારફત વિધાનસભા અને સંસદીય મતદાર મંડળોની યાદીઓ બનાવે છે, તેમાં

સુધારા-વધારા કરે છે. આ મતદારયાદીમાં જેમનું નામ હોય, તે વ્યક્તિ જ સંબંધિત મતદાનકેન્દ્ર પર મતદાન કરી શકે છે.

દરેક ચૂંટણી બાદ અનેક મતદારોની ફરિયાદો આવે છે કે તેમનું નામ  મતદારયાદીમાં હતું, પણ અચાનક તે કમી થઈ ગયું છે. સામે પક્ષે અનેક રાજકીય પક્ષોનો આક્ષેપ છે કે સરકારી તંત્ર તેમના ટેકેદારોનાં નામો કમી કરે છે અને બીજા દેશોમાંથી ગેરકાયદે  ઘૂસી આવેલા માણસોનાં (જે ભારતના નાગરિક બનવાની લાયકાત ધરાવતા નથી) નામો મતદારયાદીમાં ઉમેરવામાં આવે છે. મતદારયાદીની સુધારણાની કામગીરી સતત ચાલતી રહે છે, પરંતુ નાગરિકો જ્યારે સ્થળાંતર કરે ત્યારે જૂની જગ્યાએથી નામ કમી કરાવી વર્તમાન રહેઠાણ પ્રમાણે નામ  ઉમેરવા માટેની કાર્યવાહી કરતા નથી. જે મતદારો ૧૮ વર્ષ પૂર્ણ કરે છે તે પણ સમયસર નામની નોંધણી કરાવતા નથી. જે મતદારો મૃત્યુ પામે છે તેનાં નામો કમી કરાવવાની તસ્દી તેમના પરિવારજનો લેતા નથી. અનેક મતદાન-મથકો પર મૂળ-મતદાતાને બદલે અન્ય કોઈ મત આપી જાય છે. જોકે હવે દરેક મતદાર-યાદીમાં મતદારનો ફોટો છાપવામાં આવે છે અને આધાર, વોટર તરીકેનું ઓળખપત્ર વગેરે હોવાથી ભળતા નામે મતદાન થવાની સંભાવના શૂન્ય થવી જોઈએ. કદાચ મતદાન-મથકના સ્ટાફ કે ઉમેદવારોના પ્રતિનિધિઓની ગરબડના કારણે જ ગેરરીતિ થઈ શકે. અનેક મતદાનમથકોમાં મતદારો  ડરથી, પ્રલોભનથી કે જ્ઞાતિના ઉમેદવારને મદદ કરવા ‘સારા’ કરતાં ‘મારા’ ઉમેદવારની પસંદગી કરવામાં રસ ધરાવે છે.

આપણા દેશમાં ૯૭ કરોડ મતદારોની યાદીમાં સઘન સુધારણા કરવાની કામગીરી ઈ. સ. ૨૦૦૨ પછી હાથ ધરવામાં આવી છે. છેલ્લાં ૨૩ વર્ષમાં નવાં નામો ઉમેરવાની, મૃત્યુ પામેલા નાગરિકોનાં નામ કમી કરવાની કામગીરી તો ચાલતી રહેતી હોય છે. દરેક ચૂંટણી પહેલાં ચૂંટણીપંચ નાગરિકોને મતદારયાદી (હવે ઑનલાઇન ઉપલબ્ધ છે) ચકાસીને  પોતાનું નામ, લિંગ, ઉંમર, સરનામું બરાબર છે તેની ખાતરી કરવા માટે જાહેરાતો દ્વારા આમંત્રે છે. નામ ઉમેરવા અને કમી કરવાનો પ્રશ્ન ત્યારે જટિલ બને છે કે શિક્ષણ, રોજગાર, બદલી, નવા ધંધા-ઉદ્યોગ માટે સ્થળાંતર કરતા નાગરિકોને મતદારયાદીમાં ઉમેરવા અને કમી કરવા. આમાં આંતરરાજ્ય કે ફેરબદલીનો પ્રશ્ન પણ સંકળાયેલો છે.

ઈ. સ. ૨૦૦૨ પછી જ્યારે સઘન સમીક્ષા હાથ ધરાઈ છે તેમાં મુખ્ય અને વિવાદાસ્પદ મુદ્દો એ છે કે અનેક રાજ્યોમાં મતદારયાદીમાં એવાં નામો ઉમેરાયાં છે જે દેશનું નાગરિકત્વ તો નથી ધરાવતા, પરંતુ ભારતમાં તદ્દન ગેરકાયદેસર ઘૂસી આવેલા છે. આમાં બાંગ્લાદેશી નાગરિકોની સંખ્યા મોટી છે. આ ઉપરાંત અન્ય દેશોમાંથી પણ ભારતમાં બિનઅધિકૃત રીતે રહેતા લોકોએ ગેરરીતિઓ દ્વારા આધારકાર્ડ અને મતદાર ઓળખપત્ર પણ બનાવડાવી લીધાં છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળ, મુંબઈ, દિલ્હી વગેરે જગ્યાએ આવા ઘૂસપેઠિયાઓનો વસવાટ ચિંતાજનક છે.

મતદારયાદીની સઘન સુધારણાથી નીચે મુજબ લાભો થવાના છે - (૧) આપણે ત્યાં મોટા પ્રમાણમાં ભૂતિયા મતદાતાઓ નોંધાયેલા છે. એક સ્થળે સેંકડો નહીં, પણ હજારો લોકો રહે છે તે રીતે ખોટાં સરનામાં પર નોંધણી કરાવી છે. (૨) આ સુધારણાને કારણે જુદા જુદા મતવિસ્તારોમાં જે વસ્તીમાં ફેરફાર થાય તેની માહિતી મળે છે. અગાઉ ૩૦ વર્ષ માટે મતવિસ્તારોની હદમાં ફેરફાર ન કરવાની નીતિ અપનાવી ત્યારે અમદાવાદમાં સરખેજ વિધાનસભા મતવિસ્તારની મતદારોની સંખ્યા લોકસભાના નિર્વાચન ક્ષેત્ર કરતાં વધી ગઈ હતી. આવી જ સ્થિતિ લગભગ તમામ મહાનગરો જે ખૂબ ઝડપથી વિકસતા હતા તેમાં થઈ હતી. (૩) આ પ્રકારની પ્રક્રિયાથી વંચિતો, દિવ્યાંગો, નિરક્ષર અને યુવાનોને મતદારયાદીમાં નોંધવાનો અવસર પ્રાપ્ત થાય છે. (૪) આવી સુધારણાથી મતદારયાદીઓ અદ્યતન અને વિશ્વસનીય બને છે. (૫) દરેક પોલિંગ સ્ટેશનમાં મતદારની વધઘટ ધ્યાનમાં લઈને તેની સંખ્યામાં વધઘટ કરીને ચૂંટણીપ્રક્રિયા સુચારુ રીતે ચાલે તે માટે જરૂરી તજવીજ કરી શકાય છે.

અગાઉ મતદારયાદીની સુધારણાની કામગીરી શિક્ષકો કરતાં હતાં. તે કામગીરી મેન્યુઅલ હતી અને મતદારોની ગણતરી કરવા માટે સ્ટાફને પૂરતો સમય મળતો હતો. હવે આજના ડિજિટલ યુગમાં મતદારોએ ૨૦૦૨ની માહિતી શોધીને ફૉર્મ ભરવાનું, સહી કરીને પ્રમાણિત કરવાનું અને શિક્ષકોએ તે કમ્પ્યૂટર પર અપલૉડ કરવાનું. આ પ્રકારની વ્યવસ્થા અનેક શિક્ષકો માટે તણાવનું કારણ બની છે. અમુક કિસ્સામાં શિક્ષકોએ ફરજના બોજથી મૂંઝાઈને આત્મહત્યા કરી છે તો કેટલાકને હૃદયરોગનો હુમલો થતાં અવસાન પામ્યા છે. જ્યારે હજારોની સંખ્યામાં શિક્ષકો આટલા મોટા અભિયાનનો ભાગ હોય ત્યારે સંભવ છે કે અમુક વ્યક્તિઓ આ કામગીરીનો બોજ સહન નથી કરી શક્યા. સાથે સાથે આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે સમાજમાં વિવિધ કારણોસર દરરોજ આત્મહત્યાના બનાવો બને છે. આ ઉપરાંત છેલ્લાં થોડાં વર્ષોમાં યુવાનો અને યુવતીઓ સ્વસ્થ દેખાતાં હોય પણ સાવ અચાનક હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામે છે.

શિક્ષકોના અકાળ મૃત્યુના કારણે 'સર'ની કામગીરીના વિવાદમાં એક નવું પાસું ઉમેરાયું છે તે છે - ચૂંટણીપંચ અને વહીવટીતંત્રની ઉતાવળ અને બિનસંવેદનશીલતા. જ્યારે કરોડો લોકોનો સંપર્ક કરવાનો હોય, કામગીરી સંભાળતા શિક્ષકોને ડિજિટલ પદ્ધતિનો અનુભવ ન હોય ત્યારે તાલીમની વ્યવસ્થા અને જરૂરી સમય આપવાની જવાબદારી ચૂંટણીપંચના શિરે છે. બંધારણ કે લોકપ્રતિનિધિત્વ ધારામાં આવી સઘન સુધારણાનો કોઈ ઉલ્લેખ નથી. કાયદાકીય જોગવાઈનો હેતુ નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી કરાવવાનો છે અને તે માટે જે આનુષંગિક કામગીરી કરવી જોઈએ તે ચૂંટણીપંચના અધિકારમાં આવે તેના આધારે શ્રી ટી. એન. શેષાને કોડ ઑફ કન્ડક્ટ(આચારસંહિતા)નો કડક અમલ કરાવ્યો હતો. સઘન સુધારણા ઝુંબેશનાં અનેક ભયસ્થાનો પણ છે. અનેક મતદારોનાં નામો ગણતરી કરનાર સ્ટાફની ભૂલના કારણે કમી થઈ શકે છે. આના ઉકેલ

માટે નાગરિકોએ જાગૃતિ દાખવવા ડ્રાફ્ટ પ્રકાશન સમયે ખાતરી કરવી જોઈએ કે તેનું નામ બાકી તો નથી રહી ગયું ?

વર્ષ ૨૦૨૫ની મતદારયાદીઓની સઘન સુધારણા દરેક મતદારની હાજરી અને લાયકાત તપાસે છે ત્યારે ભૂતિયા મતદારો નોંધી અમુક રાજકીય પક્ષોને અનુચિત ફાયદો કરાવતાં રાજ્યોનું વહીવટીતંત્ર શંકામાં આવ્યું છે. જે રાજકીય પક્ષો સઘન સુધારણાનો વિરોધ કરે છે તેની હાલત તો 'ચોર કી દાઢી મેં તિનકા' વાર્તામાં આટલું સાંભળતાં જ ચોર પોતાની દાઢી પર હાથ ફેરવે છે તેવું છે. સાચી મતદારયાદી અને લાયકનો તેમાં સમાવેશ થાય અને બિનઅધિકૃતોની બાદબાકી થાય એ તો ચૂંટણીપંચની બંધારણીય અને કાયદાકીય જવાબદારી છે. તેની પ્રક્રિયામાં ક્ષતિ હોય તો તે સુધારી શકાય, પણ મતદારયાદીઓ કોઈ ધર્મગ્રંથ હોય અને તેમાં થતા સુધારાનો જે ઉગ્રતાથી વિરોધ થાય તેવો જ વિરોધ આ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન 'SIR' માટે થાય છે. સ્વસ્થ લોકશાહી માટે સાચી મતદારયાદી અનિવાર્ય આવશ્યકતા છે. ભારતે છેલ્લા સાડાસાત દાયકામાં જે સજાગતા દર્શાવી છે, તેની અનેક રાષ્ટ્રોએ નોંધ લઈને તે પ્રમાણે ચૂંટણી યોજવાનું નક્કી કર્યું છે. આપણે આ કાર્યમાં વિરોધ ન કરતાં સહયોગ કરીએ તે જરૂરી છે.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

સાંપ્રત

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ઓનલાઇન કાર્યક્રમ

◈ **૨૪ ડિસેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ઈસુના ઉપદેશની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા
વક્તા : શ્રી થોમસ પરમાર

### ઓફલાઇન કાર્યક્રમ

◈ **૧૩ ડિસેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦થી ૭-૩૦**
વિષય : સહરાથી સપ્તર્ષિ

ઉદયન ઠક્કરની ૪૫ વર્ષની કાવ્યયાત્રાનો આલેખ એટલે 'સહરાથી સપ્તર્ષિ.' કવિતામાં પ્રતીક, વ્યંજના અને વ્યંગ, હાસ્યથી ચિંતન સુધીની ગતિ, કથાકાવ્યો, ઇતિહાસવિષયક કાવ્યો વિશે રસિક સંગોષ્ઠિ થશે. અમર ભટ્ટ, અર્ચન ત્રિવેદી અને ઉદયન ઠક્કર કવિતાનું નાટ્યપઠન અને સંગીતમય રજૂઆત કરશે.

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૧ ડિસેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : કવિશ્રી સુન્દરમ્‌નું 'અનુસ્વાર અષ્ટક'
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૪ ડિસેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૦૦**
વિષય : જોડણીપરિચય
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર, ડૉ. પિંકી પંડ્યા અને શ્રી નિસર્ગ આહીર

## ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય સંશોધન કેન્દ્ર

◈ **૨૭ ડિસેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : શબ્દની આંખે સૂરની પાંખે (કાવ્યસંગીત અને કાવ્યપઠન)
કલાકાર : રઈશ મનીઆર, હેતલ જાગીરદાર બ્રહ્મભટ્ટ, જન્મેજય વૈદ્ય અને આમંત્રિત કવિઓ તથા હિતેન આનંદપરા
સહયોગી : ટહુકો ફાઉન્ડેશન, આપણું આંગણું બ્લૉગ

## વિશ્વકોશની ઑનલાઇન પ્રસ્તુતિ

વિશ્વકોશના ગ્રંથો ઑનલાઈન જોવા માટે

https://gujarativishwakosh.org

વેબસાઈટ

www.vishwakosh.org

www.gujaratilexicon.com

Gujarat Vishvakosh Trust

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

9898042699

Gujarat Vishvakosh

## આસ્વાદ

**◈ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ‘OTTની માયાવી દુનિયા’ (ઑન સ્ક્રીન પ્રેઝન્ટેશન સાથે) વિશે સમાજચિંતક અને મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી મુનિ દવે વક્તવ્ય આપશે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ડિસેમ્બર મહિનામાં ૭ ડિસેમ્બરે ‘ચમનની ચાલાકી ચાલી નહીં’ અને ૨૧ ડિસેમ્બરે ‘બિલાડીનો ભાણિયો’ વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૪ ડિસેમ્બરે ‘ચતુર ભટ્ટજી’ અને ૨૮ ડિસેમ્બરે ‘સાન્તાક્લૉઝની ભેટ’ વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

ગુજરાત વિશ્વકોશના સ્થાપનાદિન નિમિત્તે યોજાયેલો

# વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ

## ◘ 30 નવેમ્બર, ૨૦૨૫, રવિવાર : સવારે ૧૦-30

હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા શ્રી અમોલ પાલેકરના પુસ્તક 'Viewfinder : A Memoir' વિશે શ્રી અમોલ પાલેકર અને જાણીતા પટકથા લેખક શ્રીમતી સંધ્યા ગોખલેનો નીના પરીખ અને નીતિન શુક્લ સાથે રસપ્રદ સંવાદ

## ◘ ૧ ડિસેમ્બર, ૨૦૨૫, સોમવાર : સાંજના ૬-૦૦

સૂરિલાં સંભારણાં : એક અનોખા અંદાજમાં

પ્રસ્તુતિ : અમર ભટ્ટ, હિમાલી વ્યાસ નાયક તથા અન્ય

## ◘ ૨ ડિસેમ્બર, ૨૦૨૫, મંગળવાર : સાંજના ૫-30

વિશ્વકોશ સ્થાપનાદિને જાણીતા સાહિત્યકાર અને વિવેચક શ્રી અશોક વાજપેયીનું 'हमारा समय, हमारा साहित्य' વિશે વ્યાખ્યાન.

## ◘ 3 ડિસેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-30

વિષય : ફિલ્મના વિષયવસ્તુમાં સર્જનાત્મકતા ('પીકે', 'લગે રહો મુન્નાભાઈ' જેવી ફિલ્મોના સંદર્ભમાં કરેલો સર્જનાત્મક વિચાર) વિશે જાણીતા ફિલ્મ પટકથાલેખક અને દિગ્દર્શક શ્રી અભિજાત જોશીનું વક્તવ્ય

## ◘ ૪ ડિસેમ્બર, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-30

શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ અર્પણ સમારોહ

સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણ દવેને ઍવૉર્ડ અર્પણ

વક્તવ્ય : શ્રી રાજેન્દ્ર ખીમાણી, શ્રી નિરંજના કલાર્થી

## ◘ ૫ ડિસેમ્બર, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-30

વિષય : My Radio My Life (ટેલિવિઝન, મોબાઈલ અને સોશિયલ મીડિયા પૂર્વે આપણા કુટુંબના સભ્ય સમાન રેડિયો વિશેની ડૉક્યુમેન્ટરી. ૩૬ દેશોમાં રજૂ થયેલી આ વિષય પરની સર્વપ્રથમ ઍવૉર્ડવિજેતા ડૉક્યુમેન્ટરી)

વક્તા : શ્રી મકરન્દ વાઈકર (પુણે)

## ◘ ૬ ડિસેમ્બર, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-30

શ્રી કુમારપાળ દેસાઈલિખિત 'અનાહતા' નવલકથા પર આધારિત નાટક 'અનાહતા' (અગ્નિપરીક્ષાથી મોક્ષ સુધી)ની દીપકમલ થિયેટર દ્વારા પ્રસ્તુતિ (૬૦ મિનિટ). (નિમંત્રિતો માટે)

લેખક-દિગ્દર્શક : કમલ જોષી, કલાકારવૃંદ : દેવાંગી ભટ્ટ, વિશાલ વૈશ્ય, દિપેન રાવલ, મિહિર જોશી, સંજય, ચિંતન, વૈદેહી, નીતિક્ષા, હેત્વી, ધર્મેન્દ્ર, અંકિત, ભાગ્યેશ અને ઋત્વિક.


**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩

ફોન નં. : ૦૭૯ - ૨૭૫૫ ૧૭૦૩

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999


RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.



‘વિશ્વકોશની પ્રવૃત્તિ એ કંઈ એક પેઢીનું કામ નથી. એની મશાલ પેઢી-દર-પેઢી ફરતી રહેવી જોઈએ. કોઈ અગ્નિહોત્રીનો સતત હોમ-હવન ચાલતો રહે એવી રીતે આપણા જ્ઞાનકોશનો યજ્ઞ પણ ચાલતો રહેવો જોઈએ.’

૨ ડિસેમ્બર, ૨૦૧૩

શ્રી ધીરુભાઈ ઠાકરના અંતિમ વ્યાખ્યાનમાંથી



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪